॥ પદ ૬૭ મું ॥ ઘેર આવો મનડાના ચોર, નિપટ ન થાઓ નાથ કઠોર ॥ ઘેર૦ ॥ પક્ષાક્ષી પશુ વચનેં છાંડવી, ન ઘટે પીયુ ચકોર॥ નિપટ૦ ॥ ૧ ॥ સબ બનરાજી બસંતમાં ખીલી, ભમરા ભમે ચિહુંકોર ॥ નિપટ૦ ॥ ૨॥ સોળ સણગાર કરી સબ બાળા, વસંત ખેલે ઠોર ॥ નિપટ૦ ૩॥ કોએલ ટહુકે આંબાડાળેં, કળા કરી નાચે મોર ॥ નિપટ૦ ॥૪॥ અવસર જાણ થઇ મત ચૂકો, શું કહિએં ઘણો કરી સોર ॥ નિપ૦ ॥૫॥ વયે છોટી ગુણે મોટી રાજુલ, હઠેં દેખે પ્રભુનું જોર ॥ નિપટ૦ ॥ ૬ ॥ તોપણ ધર્મચંદ રાજુલરાણી, પ્રભુવિણ સમરે ન ઓર ॥ નિપટ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૬૮ મું ॥ પ્રભુ જ્ઞાન અનંતું કહીએં, ખટદ્રવ્ય ગુણ તેહથી લઇએં ॥ પ્રભુ૦ ॥ આંખ મીચીને ઉઘાડે એટલે, સમય અસંખ્ય કહીએં ॥ ખટ૦ ॥ ૧ ॥ એક અંગુલ સૂચી શ્રેણી પ્રદેશ તે, પ્રતિ સમયેં જો ગ્રહીએં ॥ ખટ૦ ॥ ૨ ॥ અવસર્પિણી અસંખ્ય તો થાએ, સુણતાં મન ગહ ગહીએં ॥ ખટ૦ ॥ ૩ ॥ અનંત પ્રદેશી ખંધ જે એક, આકાશ પ્રદેશેં રહીએં ॥ ખટ૦ ॥૪॥ તિહાં પરમાણું દીઠ અનંતા, ગુણના ઠાણ સદ્દહીએં ॥ ખટ૦ ॥ ૫ ॥ એમ અભિધેય પદારથ સુણતાં, સંશય ન રહે ભવિ હઇએં ॥ ખટ૦ ॥ ૬ ॥ જ્ઞાનરતનાકર ચંદ્ર પ્રભુની, આણ અખંડ શિર વહીએં ॥ ખટ૦ ॥ ૭ ॥ કહે ધરમચંદ પ્રભુ ગુણ ગાતાં, અષ્ટકરમકું દહીએં ॥ ખટ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

---

॥ પદ ૬૯ મું ॥ લાખેણી પૂજા જેહ રચાવે, તેના ગુણ ઘણા સુર વધૂ ગાવે ॥ લાખેણી૦ ॥ મુનિવર વચનેં ધન્નો કમળ, પ્રભુ પ્રતિમાને ચઢાવે ॥ તેના૦ ॥ ૧ ॥ પૂજા પ્રભાવેં સુરપદ પામી, ધર્મદત્ત નૃપ પદ પાવે ॥ તેના૦ ॥ ૨ ॥ તેહિજ ભાવેં જિન પદને બાંધી, સુરમુખ લહી પ્રભુ થાવે ॥ તેના૦ ॥ ૩ ॥ તેમ શુભ

ભાવ ધરી ભવી પુજે, જેમ ભવ ભય દૂરે જાવે ॥ તે-
ના૦ ॥ ૪ ॥ કહે ધરમચંદ કેસરીયાને ધ્યાતાં, શિવક
મળા ઘેર આવે ॥ તેના૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૭૦ મું ॥ ચંદ્ર પ્રભુજીસે લાલરે, મોરી
લાગી લગનવા ॥ ચંદ્ર૦ ॥ લાગી લગનવા છોડી ન
છૂટે, જબ લગ ઘટમેં પ્રાણ રે ॥ મોરી૦ ॥ ૧ ॥ દાન
શીયળ તપ ભાવના ભાવે, જૈન ધરમ પ્રતિપાળ રે
॥ મોરી૦ ॥ ૨ ॥ હાથ જોડકર અરજ કરત હે, વં-
દત શેઠ ખુશાલ રે ॥ મોરી૦ ॥ ૩ ॥

---

॥ પદ ૭૧ મું ॥ રાગ હોરી ॥ કીન સંગ ખે
લું મેં હોરી, સખી મોરો કંથ રીસાયો ॥ કીન૦
॥ તોરણેં આએ ચલે રથ ફેરી, પશુ પર દોષ ઠરા
યો ॥ સખી૦ ॥ ૧ ॥ અષ્ટ ભવંતર નેહ સંભારી, નવ
મેં નેહ ન આયો ॥ સખી૦ ॥ ૨ ॥ યું વિલપંતી ગ
ઈ પ્રભુ પાસેં, સંજમ ચિત્ત ઠરાયો ॥ સખી૦ ॥૩॥
નેમ રાજુલ દોએ મુક્તિ મંદિરમેં, ઘેલચંદ સુખ
પાયો ॥ સખી૦ ॥ ૪ ॥

---

॥ પદ ૭૨ મું રાગ હોરી॥ કીન સંગ ખેલું મેં હો રીરે, મેરો પીયુ બ્રહ્મચારી ॥ કીન૦ ॥ સમુદ્ર વિજય શિ વા દેવિકો નંદન, પંચ મહાવ્રત ધારીરે॥ મેરો૦ ॥૧ ॥ આપ ચલે ગિરનારે ઊપર, પાછળ રાજુલ નારીરે॥ મેરો૦ ॥ ૨ ॥ સહસાવનકી કુંજ. ગલનમેં લીનો, કેવળ કર્મ નિવારીરે॥ મેરો૦॥ ૩ ॥ કહે નેમી પ્રભુ નેમ રાજુલ દો એ, પામ્યા મુક્તિ મોહનગારીરે ॥ મેરો૦॥ ૪ ॥ ઇતિ॥

---

॥ પદ ૭૩મું॥ નેમ નિરંજન ધ્યાવોરે, બનમેં ત પ કીનો॥ નેમ૦ ॥ તોરણ આએ ચલે રથ ફેરી, પશુવન પર ચિત્ત દીનોરે ॥ બનમેં૦ ॥ ૧ ॥ રેવત ગિરિપર એકઠે મિલે સબ, સહસ બત્રીશે લીનો રે॥ બનમેં૦ ॥ ૨॥ આતમ જ્ઞાનકી ભરી પિચકારી, ખેલત નેમ ન ગીનો રે ॥ બનમેં૦ ॥ ૩ ॥ સહસાવનકી કુંજ ગલ નમેં, પંચ મહાવ્રત લીનોરે ॥ બનમેં૦ ॥૪॥ ઉપશ મ અબિર ગુલાલ ઉડાવી, પ્રભુ લહે કેવલ જ્ઞાનો રે ॥ બનમેં૦ ॥ ૫ ॥ સમુદ્રવિજય શિવા દેવિકો નંદન, નિરમળ નેમ નગીનોરે॥ બનમેં૦ ॥ ૫ ॥ નેમ રાજુલ દોએ મુક્તિ સધાવ્યાં, રૂપચંદે જશ લીનો રે ॥ બનમેં૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ પદ ૭૫ મું ॥ ઐસી બિધ તુમેં પાઈ રે, કછુ કરલે કરજા ॥ ઐસી૦ ॥ હિંસા ચોરી જુઠ પર ત્રિયા, પરધર તૃષ્ણા ધારીરે ॥ ઘટ જાયગા દરજા ॥ ઐસી૦ ॥ કછુ૦ ॥ ૧ ॥ સાત વ્યસન તું સેવત ડોલે, જુવા મદ્ય ફળ ચોરી રે ॥ ધન છીજે પતજા ॥ ઐસી૦ ॥ કછુ૦ ॥ ૨ ॥ દેવ ધરમ ગુરૂ ભકિત ધરો નિત્ય, પૂજા દાને સવાઈરે ॥ બુધિ યાઈમેં દરજા ॥ ઐસી૦ ॥ કછુ૦ ॥ ૩ ॥ જ્ઞાન તેં જાનત એ જિન સાચા ॥ નિશિ દિન ભજ લે પ્રાણીરે ॥ ભ-વસિંધુમેં તરજા ॥ ઐસી૦ ॥ કછુ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

પદ ૭૬ મું ॥ જાદવ નેમ કુમારરે, ચાલો ખેલી-એં હોરી ॥ જાદવ૦ ॥ સરખી સાહેલી સબ મિલકર ચલી, સોળે સજી સણગારરે ॥ ચાલો૦ ॥ ૧ ॥ મેરો મન પીયા તુમશું રાચ્યો, જૈસો ફૂલ અનારરે॥ ચાલો૦ ॥ ૨ ॥ તોરણે આએ ચલે ફીર પીછે, અબળા કોન આધાર રે ॥ ચાલો૦ ॥ ૩ ॥ ઋતુ વસંત ફૂલી બહુ રં ગી, ઔર ફૂલી કછુ નાર રે ॥ ચાલો૦ ॥ ૪ ॥ અપના રે પીયાકું બોલાવો, ફાગુનકે દિન ચાર રે ॥ ચાલો૦ ॥૫॥ તાલ મૃદંગ ઝાંજ ડફ વાજત, ઓર બાજત પટ

તાલ રે ॥ ચાલો૦ ॥ ૬ ॥ શબ્દ ગીત સંગીત શું રાચત, નાચત તાથેઈ કાર રે ॥ ચાલો૦ ॥ ૭ ॥ ઊડત ગુલાલ લાલ ભએ બાદલ, રંગ ભરકે શિર ડાર રે ॥ ચાલો૦ ॥ ૮ ॥ એકવાર પ્રભુજી ઘેર આવો, માનો ઘણી મનો હાર રે ॥ ચાલો૦ ॥ ૯ ॥ સેસાવન જઈ સંજમ લીનો, પોહોતા મુક્તિ મોઝાર રે ॥ ચાલો૦ ॥ ૧૦ ॥ દરિશન સાર રત્ન સુખકારી, જ્ઞાન સકળ આધાર રે ॥ ચાલો૦ ॥ ૧૧ ॥

---

પદ ૭૭ મું ॥ રંગ મચ્યો જિન દ્વાર રે, ચાલો ખેલીએં હોરી ॥ પાસજી કે દરબાર રે ॥ ચાલો૦ ॥ ફાગનકે દિનચાર રે ॥ ચાલો૦ ॥ રંગ૦ ॥ એ આંકણી ॥ કનક કચોળી કેસર ઘોરી, પૂજો વિવિધ પ્રકાર રે ॥ ચાલો૦ ॥ ૧ ॥ કૃષ્ણાગરૂકો ધૂપ ઘટત હે, પરિમળબહકે અપાર રે ॥ ચાલો૦ ॥ ૨ ॥ લાલ ગુલાલ અબીર ઉડાવત, પાસજીકે દરબાર રે ॥ ચાલો૦ ॥ ૩ ॥ ભરી પિચકારી ગુલાલકી છિરકો, વામાદેવી કુમાર રે ॥ ચાલો૦ ॥ ૪ ॥ તાલ મૃદંગ વેણુ ડફ બાજે, ભેરી ભુંગળ રણુકાર રે ॥ ચાલો૦ ॥ ૫ ॥ સબ સખીયન મિલી ધુંત્રાર સુનાવત, ગાવત મંગળ સાર રે ॥ ચાલો૦ ॥ ૬ ॥

રત્નસાગર પ્રભુ ભાવના ભાવે, મુખેં બોલે જયકાર રે ॥ ચાલો૦ ॥ ૭ ॥

---

પદ ૭૮ મું ॥ મધુબનમેં ઐસી ધુમ મચાઇ ॥ મધુબનમેં૦ ॥ ટેક ॥ દેશ દેશકે જાત્રા આવે, પૂજા રચી કર જોરી રે ॥ ઐસી૦ ॥ ૧ ॥ ગાવત રાગ ધુંવાર સુનાવત, થૈ થૈ નાચત ગોરી રે ॥ ઐસી૦ ॥ ૨ ॥ તાલ કંસાલ મૃદંગ બજાવત, રણઝણ ઘુઘરી રણઝોરી રે ॥ ઐસી૦ ॥ ૩ ॥ કેસર ચંદન ઘન ઘસી ઘોરી, ભરી કટોરી રંગ રોરી રે ॥ ઐસી૦ ॥ ૪ ॥ પિચકારી ભર ભર કર ડારી, અબીર ગુલાલકી ઝોરી રે ॥ ઐસી૦ ॥ ૫ ॥ જિન ગુન ગાવત હરખ બઢાવત, માહારી પ્રભુજીસેં ભર જોરી રે ॥ ઐસી૦ ॥ ૬ ॥ સમેત શિખર તીરથ હોરી ખેલત, પાવત દરિસન અનુભવ જોરી રે ॥ ઐસી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૭૯ મું ॥ રાગ કાફી ॥ નેમજીસેં કહીયો મોરી, મોરી, શામરેસેં કહીયો મોરી ॥ તોરણ આએ કીને ભરમાએ, છોડ ચલે અભિમાની ॥ અરિ અરિ લાલા ॥ છોડ ચલે૦ ॥ પશુવન

કે શિર દોષ ચઢાયો, તોડી પ્રીત પૂરાની ॥ દયા દીલમેં નહી આણી ॥ શામ રેસેં૦ ॥ ૧ ॥ ચૂક પ ડી સો મુઝસેં કહીયો, ઐસી ના કરીએ શોધાની ॥ અરિ૦ ॥ આઠ ભવોંકી પ્રીત બંધાણી, નવમે ચ લે કયું ઉવેખી ॥ શામ તેરી સુરત ન દેખી ॥ શામ રેસેં૦ ॥ ૨ ॥ યા જોરી જુગમેં પૂર લેહ લાગી, રાજુલ ગુલકી બાની ॥ અરિ૦ ॥ બિનતિ સુન અમરપદ દીજે, રંગ વિજય સુખદાની ॥ આ વા ગમન છિદાની ॥ શામ રેસેં૦ ॥ ૩ ॥

---

॥ પદ ૮૦ મું ॥ સૈયાં મેને શી કીની ચોરી, શામ રેસેં કહીયો મોરી ॥ મોરી રે શામ રેસેં૦ ॥ સબ જાદવ મિલ વસંત ખેલે, ખેલ ખેલત ગિરિધર ગો રી ॥ એરિ એરિ૦ ॥ ડારે ગુલાલ મુઠી ભર ભરકેં, અ બિરકી ભરી હે જોરી ॥ સૈયાં૦ ॥ ૧ ॥ સસરો હમા રો સમુદ્ર વિજયજી, સાસુ શિવાદેવી ભોરી ॥ એરિ૦ ॥ પીયુજી હમારો નેમ નગીનો, છાંટું કેસર ઘન ઘોરી ॥ સૈયાં૦ ॥ ૨ ॥ કહત ધર્મચંદ નેમને રાજુલ, સબી કરમનકું છોરી ॥ એરિ૦ ॥ કર્મ નાસે

કરી શિવગતિ સાધી, આપ ખિલાઈ દોરી ॥ સૈયાં૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૧ મું ॥ પાસજી અબ સરણ તુમારો, તુમારો, પાસજી અબ શરણ તુમારો, ॥ટેક ॥ દશ ભવ વેરી કમઠ કઠોરી, આએ બનારસી નયરી ॥ અરિ અરિ લાલા આએ૦ ॥ નગર લોક સબ વંદન ચાલે, ગયા વળી પાર્શ્વકુમારી ॥ આએ તપશીપેં જારી ॥ પાસજી૦ ॥ ૧ ॥ પંચાગ્નિ કરી જોગકું સાધત, વાધત ભવજળ ભારી ॥ અરિ૦ ॥ કમઠ કહે કોણ કારણ વંદન, નાગ નિકાળા કારી ॥ ખરા જબ કાષ્ઠ બિદારી ॥ પાસજી૦ ॥ ૨ ॥ પનંગ પ્રજળતો દેખી સેવક, મુખસેં દીયો નવકારી ॥ અરી૦ ॥ પાસ પ્રભુજીનું દરિસન દેખી, દરિસન પાયો શ્રીકારી ॥ થયો ધરનીધર પતિ ભારી ॥ પાસજી૦ ॥ ૩ ॥ લોકાંતિક વચનેં બહુ જતનેં, દીએ દાન લીએ વ્રત ચારી ॥ અરી૦ ॥ વડ હેઠેં નિશિ કાઉસ્સગ્ગ ધારી, કમઠ થયો મેઘમાલી ॥ કરે ઊપસર્ગ અપારી ॥ પાસજી૦ ॥ ૪ ॥ ચિહું દિશેં ઘોર ઘનાઘન ગાજે, વાયે વાયુ અપારી ॥ અરિ૦ ॥

સૂરાળ ધારી વરસણ લાગો, નાસા લગે આવ્યું વા-
રી ॥ નાચે ધરણીધર નારી ॥ પાસજી૦ ॥ ૫ ॥
પદ્માવતી પ્રભુ શિર પર ધારી. ફણીટોપ કરે વિ
સ્તારી ॥ અરિ૦ ॥ ઊપસર્ગ હરી પ્રભુ આગેં નાટ
ક. નાચે પદ્માવતી નારી ॥ બાજે ચંગ તાલ સતા-
રી ॥ પાસજી૦ ॥ ૬ ॥ ધ્યાનાનલેં પ્રભુ કરમકૂં બા
લી. લહે દરિસન જ્ઞાન ઊદારી ॥ અરી૦॥ કહે આનંદ
કુશળ પદ પાયે, કરમ પ્રકૃતિ સબ ગારી ॥ વરચા
શિવ વધૂ લટકારી ॥ પાસજી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૨ મું ॥ રાગ કાફી ॥ પ્યારા વો જગ
તગું ન્યારા, મેહેરા પ્યારા ॥ તેરી અખીયાંને જગ
તારા ॥ મે૦ ॥ કમલકી શોભ કમલ મીન ખંજન,
ક્યા કરે હરન બિચારા ॥ મે૦ ॥ ૧ ॥ સમતા રસકે ભ
રે જ્યું કચોરે. દેખતહી દુઃખ મેં ટારા ॥ મે૦ ॥
પૂરનાનંદકો યોં ઘટ અંતર, શુકલ ધ્યાન અજુઆરા
॥ મે૦ ॥ ૨ ॥ શ્રી પારસ પ્રભુ પારસમેં તુમ, મન
લોહ કંચન કર ડારા ॥ મે૦ ॥ આનંદરામ પ્રભુ ગુન
ગાવત, લહત સંપત્તિ સુખ સારા ॥ મે૦ ॥ ૩ ॥

---

॥ પદ ૮૩ મું ॥ રાગ કાફી ॥ ભોરી દેખો ધ્યાનરંગ હો, જૈસે પાપ છૂટત છનનનનાં ભોરી૦ ॥ સખિરી૦॥ ૧ ॥ કોપ્યો કમઠ ભયો ભારી, આયો આહા બાણનનનાં ॥ ગગન મંગલમેં ગુહિર ગજાયો, ઘોર ઘટ ઘનનનનાં ॥ ભો૦ ॥ ૨ ॥ સખિરી૦ ॥ ઊમટી ઘૂમ ટી બાદલ જલ વરષે, પવન ચલત છનનનનાં ॥ ચિહુ દિશે ચમકતિ ચંચલ ચપલા, લેતી ભ્રમર ઘનનનનાં ॥ ભો૦ ॥ ૩ ॥ સ૦ ॥ નાગરાજકો આસન કંપ્યો, આયો ભગતિ કરનનનાં ॥ શિરપર છત્ર ધરયો ફણીગણકો, નીરઝરત જનનનનાં ॥ ભો૦ ॥ ૪ ॥ સ૦ ॥ નાચત ધરણીધરકી રે વનિતા, પાઉં ધરત ઠનનનનાં॥ તાલ પખાજ વજે શ્રીમંગલશું, તાંત બજે તનનનનાં ॥ ભો૦ ॥ ૫ ॥ સ૦ ॥ હારયો સુર મદ છોડકેં અપનો, આય રહયો ચરનનનાં ॥ પ્રેમશું કેવલ લહે પ્રભુ પાસકે, કાંતિ નમે ચરનનનાં ॥ ભો૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૪ મું ॥ રાગ ફાગ ॥ ફાગ રમે રસરંગ, પ્રભુ ખેલીયેં હોરી ॥ ફા૦॥ અતિ ઉદત્ર સંત વસંત જિનશાસન, સમતા સુંદરી ભોરી ॥ પ્રભુ ખે૦

લીયેં હોરી ફા૦ ॥ ૧ ॥ સમકિત કુંકુમ પુષ્કર પૂરો. પિચકારી ગુંમટોરી ॥ પ્રભુ ૦ ॥૨॥ ચિત્ત પ્રમોદ ફલેં બહુ ફૂલેં, સંવર શોભા જોરી ॥ પ્ર૦ ॥ ૩ ॥ સત્ય સુવાસ ચિહું દેશેં મહકે, છાબ બની મત કોરી ॥ પ્ર૦ ॥ ૪॥ શ્રીજિનરાજ ભકિત અતિ નીકી. લાલ ગુલાલ કીયોરી ॥ પ્ર૦ ॥૫॥ શાસન વાસન અ બીર અરગજા, જાયે ચિહુંદિશેં દોરી ॥ પ્ર૦ ॥ ૬॥ નયકોવિદ અતિ સુંદર ચારક, ચંગ મૃદંગ ન ચોરી॥ પ્ર૦ ॥ ૭॥ ચિદાનંદ પદસહેજ વિલાસી. ખેલ ણહારો ધોરી॥ પ્ર૦ ॥ ૮ ॥ આગમ તત્ત્વ કેશરીયે પહેની, ગાવે શુભમતિ ગોરી ॥ પ્ર૦ ॥૯॥ શ્રીજિનરા જ શું અરજ કરત હે, વાત સુનો એક મોરી ॥ પ્ર૦ ॥ ૧૦ ॥ ગોઠ દીયો હમકોં શિવ સાહેબ, મનકો કીનો છોરી ॥ પ્ર૦ ॥ ૧૧ ॥ ન્યાય સાગર પ્રભુ સેવક સાથેં. એણી પરેં બોલે હોરી ॥ પ્ર૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૫ મું ॥ રાગ હોરી ॥ બ્રહ્મચારી ભગવંતને ધ્યાવો રે ॥ બ્ર૦ ॥ જેહને સંગ નહીં લ લનાંનો, અલખ નિરંજન જોગીનો છે દાવો રે ॥ બ્રહ૦ ॥ ૧ ॥ ઇશ્વરેં અર્દ્ધાંગેં ધરી ઊમયા, જગમાં

નામ ધરાવે છે બાવો રે ॥૨॥ બ્ર૦॥ ગોપપતિગોપીશું રમીયો, ફરીયો પરઘર વિષયથી ઠાવો રે॥ બ્રહ્મ૦ ॥ ૩ ॥ બાપ થઇ બેટીશું લુબ્ધો, છે બ્રહ્માનો પવાડો એ ચાવો રે ॥ બ્ર૦ ॥ ૪॥ એમ નારી સંગે જે ભટક્યા, તેહનેં કિમ તુમેં દેવ ઠેહેરાવો રે ॥ બ્રહ્મ૦ ॥ ॥ ૫ ॥ નેમિપ્રભુ અકલંક નિરાગી, તેહના ગુણ અહોનિશ ભવિ ગાવોરે ॥ બ્ર૦॥ ૬॥ તસ પદ કજ સેવામાં રહેતાં, અમૃતપદ સંગ રંગ ભવિ પાવો રે ॥ બ્રહ્મ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૬ મું ॥ રાગ કાફી ॥ મનમોહન છેહ તેં દીધો, દીધોરે ॥મન૦॥ જો તરછોડી જાનારો રે હુંતો, તો પ્રથમ પ્રેમ શાને કીધો રે॥ મન૦॥ ૧॥ પણ મેં તાહારા મનની જાણી, પહેલી મુગતિ ધૂતારીથી બીધો રે॥ મન૦॥ ૨॥ રાગી છાંડી નિરાગીથી લુબ્ધો, ઊંઘ વેચી ઊજાગરો તેં લીધો રે॥ મન૦॥ ૩॥ પ્રીત રીત પાલી નહીં પ્રીતમ, જ્યારેં કાજ પોતાનો એ સીધો રે॥ મન૦॥ ૪॥ સહસાવન સંયમ લેઇ રાજુલ, અમૃતરસ રંગથી પીધો રે ॥ મન૦॥ ૫॥

---

॥ પદ ૮૭ મું ॥ ॥ રાગ ધમાલ ॥ લાલ રંગીલે મેરે મોહન પ્યારે, મિલ ગએ પાસ કુમાર ॥ હાંહો લાલ૦ ॥ આજ સખી મેરે ભાગ્યદશા ફલી, મિટ ગયે સકલ જંજાર ॥ હાંહો લાલ૦ ॥ ૧ ॥ જબતેં મેરી અખીયાં હરખી, સુરત નયન નિહાર ॥ હાંહો લાલ૦ ॥ શ્રીજિનચંદ્ર પ્રભુસેં વિનતિ. મહિર નજર અવધાર ॥ હાંહો લાલ૦ ॥ ૨ ॥ ઇતિ ॥

---

॥ પદ ૮૮મું ॥ રાગ કાફી ॥ આજતો વાલમ તુમેં ખમો રે, ખમોરે ॥ આ૦ ॥ તોરણથીરે વાલા કેમ વલો છો, ફરિ નહી આવે એહવો સમો રે સમોરે ॥ આ૦ ॥ ૧ ॥ છો કાલા પણ લાગો વાલા, મુજ મનડામાં બહુ ગમો રે ગમો રે ॥ આ૦ ॥ ૨ ॥ પ્રાણપતિ પ્રેમી પ્રેમદાતા, વિરહ જનિત દુઃખ વમો રે વમો રે ॥ આ૦ ॥ ૩ ॥ આઠ ભવાં લગે નેહ નિવાહી, નવમે ભવ શ્યાને દમો રે દમો રે ॥ આ૦ ॥ ૪ ॥ ષટરસ ભોજન પાક બનાવો, મેરે હાથે પીયુ જમો રે જમો રે ॥ આ૦ ॥ ૫ ॥ મનમોહન પ્રભુ મહેલ પધારો, અમૃત સુખ રંગેં રમો રે રમો રે ॥ આ૦ ॥ ૬ ॥

---

॥ પદ ૮૯મું ॥ રાગ વસંત કાફી ॥ હોરિ દેખો ભક્તિ રંગ હો. ઐસો જિનપદકજ અનુસરનનન ॥ હોરી૦ ॥ એક સમય સુરવર સુરિયાભા. આયો શ્રીવીર ચરનનન ॥ હો૦ ॥ ૧ ॥ બદનબાની સુનત આનંદન. નાટકવિધિ કરનનન ॥ હો૦ ॥ ૨ ॥ એક શત આઠો કુમરકુમરીકો. ઝકુંડ બન્યો શુભ બરનન ॥ હો૦ ॥ ૩ ॥ વાજત વાજત એતેહિ બાદક. સબજન તનુ બિથરનનનન ॥ હો૦ ॥ દે૦ ॥ ૪ ॥ નાચત વિવિધ સંગીત વિલચ્છન. પાયે નૂત્તરીશનનનનનન ॥ હો૦ ॥ ૫ ॥ ઝુલક ઝમક બનાયકે ખેલત. મન ભૂપન જનનનનન ॥ હો૦ ॥ ॥ ૬ ॥ સાતો સ્વર અરૂ તીનો ગ્રામા. એકવીશ મુરછનનનનન ॥ હો૦ ॥ ૭ ॥ શ્રુતિ સુખ તાન ઓગુનપંચાશ. બીનાબાજતતનનનનનના ॥ હો૦ ॥ ૮ ॥ ધપ મપ ધોંધોં મિદિ દોંદોં બાજે, માદલ મદન દલનનનનહો૦ ॥ ૯ ॥ તતથેઇ તત ઘન શુષિર બાજત હે. સબ એકતાર મિલનનનનન ॥ હો૦ ॥ ૧૦ ॥ બત્રીશબદ્ધ રચે ઇહિં બાનિક, શુચિજન પદ ફરસનનનન ॥ હો૦ ॥ ૧૧ ॥ પ્રણમી હરખ ભરે નિજ થાનક. પોહોતો નિર્મલ દરશનનનન ॥ હો૦ ॥ ૧૨ ॥ યા બિધ ભક્તિ કરત હે સકલ

સુર, જનમસફલ ગિનનનના ॥ હો૦ ॥ ૧૩ ॥ ઐસી સેવા કરો જગ ભાનકી, શિવપદ સુખ જનનનના ॥ હો૦ ॥ ૧૪ ॥

---

॥ પદ ૯૦મું ॥ રાગ કાફી ॥ ચરન લાગું પાય પ્રભુ, તોરા ચરન લાગું પાય ॥ મગસી પાસ દયાલ સ્વામી, દુર્ગતિ દૂર નિહાર ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ અશ્વસેન પિતાહી તાહોરો, વામાદેવી માય ॥ પ્રભાવતી ભરતાર સ્વામી, લંછન નાગ વિશાલ ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ મસ્તક મુકુટ શોહામણો પ્રભુ, કાને તે કુંડલ સાર ॥ બાંહે બાજુબંધ બેહેરખા પ્રભુ, ગલે ફોફલ માલ ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ લાખ ચોરાસી હું ભમ્યો, પ્રભુ કેતાં નાવે પાર ॥ ભવ અનંતા મેં કીયા પ્રભુ, હવે તો મુજને તાર ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ સાપને સુરપતિ કીયો રે, પ્રભુ કીયો તેં ભકત વિશેષ ॥ અવિચલ પદવી દીજીયે પ્રભુ, હીર નમે કર જોડ ॥ પભુ૦ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૯૧મું ॥ રાગ કાફી ॥ મેરો મન મુગતિગિરિશું રમે રમે રમે રી ॥ મેરો૦ ॥ નિશિ વાસર પ્રભુ ધ્યાન તુમારો, અવર કછુ ન ગમે ગમે ગમેરી ॥ મે૦ ॥ ૧ ॥ જે જીવ જિન ગિરિરાજ ન ફરસ્યો, તે ભવસાગર

ભમે મમે ભમે રી ॥ મે૦ ॥ ૨ ॥ આનંદઘન કહે દરિ
શન દેખત, પેખત પાપ સમે સમે સમેરી ॥ મે૦ ॥ ૩ ॥

---

॥ પદ ૯૨મું ॥ રાગ હોરી ॥ મેં તો ચાતુરી કહા બોલું,
સુગન બિન હો, સમજ બિન હો, કહા ખેલ જાનું હોરી
॥ મેં તો ચાતુ૦ ॥ કૌન ખેલે કૌન ખેલન હારે, ખેલવાકો
સુખદાની ॥ ઐસો અનુભવ ભયો નહીં જાકે, સો કહા
ખેલે અજ્ઞાની ॥ મેં તો ચાતુરી૦ ॥ ૧ ॥ સિદ્ધિ વનાવન
ખેલે અનુપમ, ખેલન હારે ભવ્ય પ્રાણી ॥ ખેલવો
આણુ સહિત સંજમકોં, યા ખેલે સો જ્ઞાની ॥ મે૦ ॥
૨ ॥ આતમ રૂપ વસંત બન્યો હે, રૂચિ વનરાજી
સહાની ॥ નિજગુણ કુસુમેં ચરણ કરણ ગુણ, મ-
ધુકર હે મધુપાની ॥ મે૦ ॥ ૩ ॥ શ્રીજિનશાસન
તરૂ સહકારન, કોકિલ સ્વર જિન બાની ॥ ગુણગણ
રાગકી હે શુભલાલી, યહ મધુનૃપ રાજધાની ॥ મે૦ ॥
૪ ॥ ચતુર ખેલાર રસિકજન સાધુ, સુમતિ સહેલી
જ્યું રાની ॥ સમતા ઘરમેં રસભર ખેલે, છોરી દ-
ઇયેં બિરાની ॥ મે૦ ॥ ૫ ॥ ઉપશમરસ પ્યાલે ભર
પીવત, જિનગુણકે ગીત ગાની ॥ ગોઠ મલી હૈ સકલ
સજ્જનકી, યા ગુરૂકી મેહેરબાની ॥ મે૦ ॥ ૬ ॥ શ્રી-

ચિંતામણિ પાસ પસાયેં, ખેલી રીત પછિચાની ॥ ભાનચંદ કહે પ્રભુ સેવા, શિવસુખકી હૈ નિશાની ॥ મ૦ ॥ ૭॥ ઇતિ ॥

---

॥ પદ ૯૩ મું ॥ રાગ હોરી ॥ જ્ઞાન રંગ ખેલે હોરી. હોરી હો હોરીરે હોરી છક છોરી ॥ જ્ઞાન રંગ ખેલે હોરી ॥ એ આંકણી ॥ જબથેં ભઇ રે દૃષ્ટિ પંચમી, મમતા લખી રે ઠગોરી ॥ સુમતિ મલી હો લપટ રહી ઉરશું, ચિહુરત નાહીં વિછુરી ॥ જ્ઞા૦ ॥ ૧ ॥ આતમ જ્ઞાન વસંત ઋતુ નીકી, શ્રુત મુખ કેકિલા જાગી ॥ શ્રદ્ધા શુદ્ધ સદાફલ મોહોરચો, દુર્નય જડતા ભાગી ॥ જ્ઞા૦ ॥ ૨ ॥ ભક્તિ વિશાલ ગુલાલ રંગ રાતો, વિરત કેશર પિચકારી॥ રંગરંગીલો ભયો તબ ચેતન, આ છબીકી બલિહારી ॥ જ્ઞા૦ ॥ ૩ ॥ બાજત ચંગ મૃદંગ જિનઆણા, શુદ્ધ ત્રિયોગ સખાઇ ॥ જ્ઞાનસાગર પ્રભુ સહજ વસંતેં, મોહ કરે નિર્જરાઇ ॥ જ્ઞા૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૯૪ મું ॥ રાગ ધમાલ ॥ યા બિધ હોરી ખેલીયે, યાતે અપનો કાજ સરે ॥ મોરી લલનાં ॥ યા૦ ॥ એ આંકણી ॥ ચેતન જબ પર પરિણિત છાંડે, નિજ પરિણતિશું જોરે ॥ મોરી૦ ॥ ૧ ॥ અનાદિ વિભાવ મગનતા વારે, પંડિત વીરજ ફેરે ॥ મોરી૦ ॥ તબ જીઉ સહજ વસંતે ખેલત, નિજ ઘર રિદ્ધિ ભરે ॥ મોરી૦ ॥ ૨ ॥ શ્રીજિનઆણા મુકુટ બિરાજે, પ્રવચન છત્ર ધરે ॥ મોરી૦ ॥ ચામર દુહું નય ધારા ઉજ્જવલ, ઢરકત ઢાર ઢરે ॥ મોરી૦ ॥ ૩ ॥ ચરણ રંગ વાઘો કેસરીયો, સમકિત તનો પહિરે ॥ મોરી૦ ॥ ધ્યાન અબીર સમાધિ ગુલાલસેં, સબ ગરકાવ કરે ॥ મોરી૦ ॥ ૪ ॥ જિનબાની પિચકારી સુહાની, શાંતિ સિંધુ ઊછરે ॥ મોરી૦ ॥ ઐસો અજબ બન્યો ઘેરૈયો, મોહ ઘેરસેં લરે ॥ મોરી૦ ॥ ૫ ॥ ખુબ ખેલ ખેલે ચિદ્ઘન તબ, કરમસેં ન થરહરે ॥ મોરી૦ ॥ ફગુઆ પાયા જબ અનુભવકા, સબ જગ જયજય કરે ॥ મોરી૦ ॥ ૬ ॥ પ્રીતિ ભઈ જબ પૂર્ણાનંદકી, જીતી નિશાન ઘુરે ॥ મોરી૦ ॥ ભાનચંદ યહ ખેલ ખેલનકી, સિદ્ધિ વધૂકો વરે ॥ મોરી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ પદ ૯૫ મું ॥ રાગ ધમાલ ॥ માઇ રંગ ભર ખેલેંગે ધમાલ, હમ મિત્ત મિલે અશ્વસેન લાલ ॥ માઇ૦ ॥ જિહાં જાકે પાયો સહિજ અંત, ઇહાં આન જગ્યો અંતર વસંત ॥ મા૦ ॥ ૧ ॥ અબ લેહ લહિર ઉપશમ સમીર, ફૂલી ફૂલવારી ગુણહ ગંભીર ॥ મા૦ ॥ જિહાં કીજત સમકિત સરસ પાન, છકીયેં ધુલ રહીયેં સુકલ ધ્યાન ॥ માઇ૦ ॥ ૨ ॥ એ પૂરણ પ્રભુજીકે અંગણ આય, જિહાં ભક્ત રમૈ જિનવર સહાય ॥ માઇ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૯૬ મું ॥ રાગ કાફી ॥ પ્રીતમ મોરાને સમજાવો ॥ સાહેલડી હો ॥ પ્રી૦ ॥ એ આંકણી ॥ રાજુલ કહે સુનો સખી સુહાની, દોર દોર તુમ જાઓ રે ॥ સા૦ ॥ ૧ ॥ પાલવ ઝાલી કહેજો પીઉને, એકવાર તુમ આવો રે ॥ સા૦ ॥ ૨ ॥ બિન અવગુન ક્યું તજો પીયા રે, અવગુન એક બતલાવો રે ॥ સા૦ ॥ ૩ ॥ સહસાવન જઇ સંજમ લીનો, કેવલ લીયો ભલે ભાયો રે ॥ સા૦ ॥ ૪ ॥ નેમ રાજુલ દોય મુક્તિ સિધારે, જ્ઞાનસાગર ગુણ ગાયો રે ॥ સા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ પદ ૯૭મું ॥ રાગ કાફી ॥ લેજા લેજા લેજાજી, માહારો ઇતિનો હોજી મહારો ઇતનો સંદેસડો લેજા ॥ લેજા૦ ॥ પ્રાણપ્રિયા સહસાવન બઇઠી, ચંદ્રમુખી સુણ લે બતીયાં ॥ વિરહાકુલ આતુર ભઇ અબ, રેન દેન મોહે પીડ વણી ॥ માનું વીર યા મારત નેજા ॥ લેજા૦ ॥ ૧ ॥ પ્રેમ પ્રાણમેં ડારી પ્રીતમ, નિઃસ્નેહી સય ક્યું છતીયાં ॥ નેમ નવલ બિન કલ ન પડત છીન, દગડ દગડ દોડત ફિરુંજી, મેરો મન ભયો લેજા ॥ લેજા૦ ॥ ૨ ॥ પીઊ વિરહાનલશું હમ તલપત, રેન ન નિંદ પડત રતીયાં ॥ ઇતની અરજ સુનો સેવાજી નંદન, રંગભેર ઘેર આવો રહોજી, અમૃત સુખકું લેજા ॥ લેજા૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૯૮ મું ॥ અનિહાં ઇતના સાજોરા, રથ ફેરચા બેમાં બિન તકસીર બિન ગુના સુનોરે મેરી સઇયાં ॥ અનિ૦ ॥ કહે તાતનકું શ્યામ કપટસેં, યાદવ મંસાહારી ॥ શ્રાવણ માસ લગન નિરધારી, કૂડ કિયો ગિરધારી રે ॥ ઇત૦ ॥ ૧ ॥ પશુ અવગુન પેખ્યો નહી પિઊડે, ઊનકી બતીયાં ધારી ॥

નામ કુરંગ ધરે જગ સાચો, કુરંગ કુરંગકરીરે ॥ઇત૦॥ ૨॥ મોકું છોડ ચલેગિરનારી. શિવરમણી ઉર ધારી॥ યાકી સંગત જાકું પ્યારી. તાકું કરત ભિખારી રે ॥ ઇ-ત૦ ॥ ૩ ॥ દેખું શોકનકો મુખ જાકે. કેવલ દીવ રા-જારી ॥ ઐસો વિચાર કીયો નિજ મનમેં. આઇ જિહાં ભરતારી રે ॥ ઇત૦ ॥ ૪ ॥ નેમ નિરંજન રાજુલ ના-રી. કેવલ કમલા જારી ॥ ઇનકી સેવ સદા મોય પ્યારી. ધ્યાન અમૃત રસ કયારી રે ॥ ઇત૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૯૯મું ॥ રાગ કાફી ॥ અટકે નૈનું જિનચરણાં ॥ ચરણાં અટકે૦ ॥ સોહી સફલ ઘડી પ્રભુજીકૂં નિરખું, ચરણ કમલ ચિત્ત ચટકે ॥ અટ૦ ॥ ચંદ ચકોરકી પ્રીત લગી હે, વરત ચઢે જિસે નટકે ॥ અટકે૦ ॥૨॥ કહે અનુરાગ લગેં માનું ઐસે, જ્યું નિર્મલ ચિત્ત ચટકે ॥ અ૦ ॥ નવલ કહે અબ ભયા પવિત્ર મેં, પ્રભુ રસ પીયો ઘટકે ॥ અટકે૦॥ ૨ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૦મું ॥ રાગ ધમાલ ॥ રંગભરી રે રંગભરી રસસેં ભરી રે પરણે રે બહુ રંગસેં ભરી ॥ એ આંકણી ॥ અધ્યાતમ તિહાં મંડપ રચિયો. સુમતિ ગુપ્તિ વ્રત શોભ

ભા કરી રે ॥ પરણે૦ ॥૧॥ ક્ષપક શ્રેણી વરઘોડે ચઢિયો, ત્રિભુવન શોભા આપ હરી રે ॥ પર૦ ॥ પરણી ધરણી સબ દુઃખહરણી, સંયમ ધરણીપતિ કુમરી રે ॥ પરણે૦ ॥ ૨ ॥ સુમતિ સોહાગણ મંગલ ગાવે, રંગે જિન ગુણ મનસંવરી રે ॥ પર૦ ॥ પરિણતિ સાસુ પોંખી વધાવે, સમકિત મુકતા થાલ ભરી રે ॥ પર૦ ॥ ૩ ॥ ઉપશમ માહેરામાંહે બેશી, દેખત અખીયાં અમહુંઠરી રે ॥ પર૦ ॥ દાનાદિક ચિહુ ચોરી બાંધી, મુકિત વધૂ જિનરાજ વરી રે ॥ પર૦ ॥ ૪॥ પરમાનંદ કંસાર આરોગે, દોનું પરસ્પર મુખમાં ધરી રે ॥ પર૦ ॥ ન્યાયસાગર પ્રીતિ યાહી જગમાં, જિન આણા મનમાંહે ધરી રે ॥ પરણે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૧ લું ॥ રાગ હોરી॥ મત નિરખો નારી પીયારી, ભલા હો, મત નિરખો નારી પીયારી ॥ટેક॥ વેદ પુરાન કિતાબ કહત હે, જાણે લોક લુગાઇ ॥ અરિ અરિ લાલા જાણે૦ ॥ રાજા દંડે હુરમત જાવે, લોક માંહે લઘુતાઈ ॥ હોયગી કંથ તુમારી ॥ મત૦ ॥ ॥ ૧ ॥ કાજળ ઢોલે છબિકી શોભા, બિગડત દેખો બિચારી ॥ અરિ૦ ॥ તપ જપ દાન પુણ્ય સબ

ફરણી, સુધરત કેસેં ખુમારી ॥ ખોયગે ઉલટી પ્યારી ॥ મત૦ ॥ ૨ ॥ પરનારી તજ સત્ય શીયલ ભજ, જીવ દયા દિલ ધારી ॥ અરિ૦ ॥ સતગુરૂ સંગ ગુનિજન સેવા, વિનય કહે સુખકારી ॥ સુનો એ અરજ હમારી ॥ મત૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૨ જું ॥ મોકું એસો ભેદ બતાયો. જ્ઞાન તો અબ હું પાયો ॥ મોકું૦ ॥ એતા દિન દિલમેં યું જાનત, વેદકો અરથ મેં પાયો ॥ અરિ અરિ લાલા વેદ૦ ॥ પણ પ્રભુ મુખસેં અરથ સુન્યો જબ, સોઈ અરથ ઠેરાયો ॥ જ્ઞાન૦ ॥ ૧ ॥ ઓહી અરથ ઓહી અક્ષરમેં, પણ મેં કબહું ન પાયો ॥ અરિ૦ ॥ કેવળ જ્ઞાન બિના સબ એસો, જુઠકું સાચ ઠેરાયો ॥ જ્ઞાન૦ ॥ ૨ ॥ ઇંદ્રભૂતિ આદેં સબહીકો, સંશય તિમિર હરાયો ॥ અરિ૦ ॥ હાથ જોડ પ્રભુજીકે આગેં, વિનયશું શીશ નમાયો ॥ જ્ઞાન૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૩ જું ॥ સરોવર તીરે ધૂમ મચાઇ, ગોપી સબ બ્યાહ મનાવન આઈ ॥ સરોવર૦ ॥

સ્થાપી આસનેં નેમ પ્રભુકૂં, કહે ઘેરી પાલવ સાહી ॥ ભાઇ તુમારો દેવર તેને, બત્રીશ સહસ લુગાઇ ॥ ગોપી૦ ॥ ૧ ॥ પરણો દેવર તુમેં એક નારી. જે સંસારેં સુખદાઈ ॥ ભર પિચકારી કેસર રંગ છાંટે, ગુલાલસેં ધરતી છાઈ ॥ ગોપી૦ ॥ ૨ ॥ છૂટશો કેમ હવે સાંકડે આવ્યા, માન્યા વિના કહે ભોજાઇ ॥ વિવાહ માન્યો એમ સહુ કહેતી, જઇ માડીને દીધી વધાઈ ॥ ગોપી૦ ॥ ૩ ॥ રાજુલ સાથે કરીરેં સગાઈ, ગિરિધરેં જાન ચલાઇ ॥ તોરણથી રથ પાછો વાળી, સંજમ લેઈ થયા અમાઈ ॥ કેવળ પામી શિવપુર પોહોતા, ધર્મચંદ પૂજે ગુણ ગાઈ ॥ ગોપી૦ ॥ ૪ ॥

---

॥ પદ ૧૦૪ થું ॥ રાગ કાફી ॥ અબ રે બસંત ઋતુ આઈ, ચલો જઇએં શેત્રુંજે જાત્રા કરનકું ॥ અબ રે૦ ॥ ભર પિચકારી પ્રભુ મુખ આગેં, અબીર ગુલાલ ઊડાઈ રે ॥ ચલો૦ ॥ ૧ ॥ કેસરકી મટકી પ્રભુ ઊપર, પ્રેમ સુરંગ ઊપાઈ રે ॥ ચલો૦ ॥ ૨ ॥ તાલ મૃદંગ ડફ બાજને લાગે, બા

જાત રંગ બધાઇ રે ॥ ચલો૦ ॥ ૩ ॥ સબ સખી યન મિલ મંગલ ગાવે, મધુર સ્વરસેં બોલાઇ રે ॥ ચલો૦ ॥ ૪ ॥ બેઠે નાભિનંદનજીકે આગેં, તાથા ખેલ મચાઈ રે ॥ ચલો૦ ॥ ૫ ॥ કહે મૂળજી પ્રભુ રિખભ જિનેશ્વર, ચરણ કમળ સુખદાઇ રે ॥ ચલો૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૫ મું ॥ સખીરી મેંતો જાઊંગી ગઢ ગિરનાર, જ્યાં મેરા સ્વામીને યોગ લીયા ॥ મેંતો૦ ॥ માઈ મોરી અરજ સખી મુરકાવે, મેંતો રેહેનેકી અબ નાહીં ॥ જ્યાં૦ ॥ ૧ ॥ ગિરપર જાઊંગી ને મહાવ્રત લેઊંગી, પૂરવ કરમ રે ખપાઊંગી ॥ જ્યાં૦ ॥ ૨ ॥ તજ કુટુંબ પોહોચું ગિરિ ઊપર, દીક્ષા લેનેકું જાઊંગી ॥ જ્યાં૦ ॥ ૩ ॥ રતનચંદકી અરજી એહી હે, મેરા આવા ગમન નિવારૂંગી ॥ જ્યાં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૬ ઠું ॥ ક્યું ખેલે રંગ હોરી હો ચેતન ॥ ક્યું ખેલે૦ ॥ એ આંકણી ॥ અપના પ્રીતમકું યું જા કહીયો, મિલી હે મમતા ઢોરી ॥

ક્યું૦ ॥ ૧ ॥ પામર ખેલ ખેલો તુમેં પ્રીતમ, જ-
ડ ચલ કર્દમ ઘોરી ॥ ક્યું૦ ॥ ૨ ॥ મોહ ખે-
લાર ખેલાવે ખેલન, તો તુમેં ખેલો ફેરી ॥ ક્યું૦
॥ ૩ ॥ દ્રવ્ય બસંત દો દિનકો ખેલન, આવત
દુર્ગતિ છોડી ॥ ક્યું૦ ॥ ૪ ॥ સહેજ બસંત ઘર
આયો અપને, કુમતિ કુમરી બિછોરી ॥ ક્યું૦ ॥
॥ ૫ ॥ જ્ઞાન ગુલાલ ઓર ધ્યાન અબીરશું, રસ
બસ કરૂં ઝક ઝોરી ॥ ક્યું૦ ॥ ૬ ॥ જ્ઞાન ઉદ્યોત
પ્રભુ વીર સહાઇએં, અમ તુમ અવિચળ જોરી ॥
ક્યું૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૭ મું ॥ મહારાજ તોરે મંદિરમે
બરસે રંગ, હાંરે હો શ્રી ચિંતામન પાસ પ્રભુજી ॥
તોરે મંદિરમેં૦ ॥ ટેક ॥ જ્ઞાન ગુલાલ અબીર અ-
રગજા, સુમતા નીર સુચંગ ॥ હાંરે હો૦ ॥ ૧ ॥
અનુભવ લેહેર ફૂલી ફૂલવાડી, દિન દિન ચઢતે
રંગ ॥ હાંરે હો૦ ॥ ૨ ॥ ઉપશમ વાઘા અંગ અ-
નુપમ, શુકલ ધ્યાનકે સંગ ॥ હાંરે હો૦ ॥ ૩ ॥ અ
મરચંદ ચિંતામન ચિત્ત-ધર, તુજશું અવિહડ
રંગ ॥ હાંરે હો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ ૧૦૮ મું ॥ ચલ અલબેલે નેમ કુમાર, હોરી ખે લીએં ॥ ચલ૦ ॥ એ આંકણી ॥ કાહાન કુંવરને હુકમ કીયો હે, બિન વિવાહ મત છોડીએં ॥ ચ-લ૦ ॥ ૧ ॥ ચંદન વાટકો કેસર ઘોરી, મારે પિચકા રાં રંગ રોળીએં ॥ ચલ૦ ॥ ૨ ॥ એક મુખમાં રે શ્યામસુંદરકોં, એક મારે ગુલાલકી જોરીયેં ॥ ચ-લ૦ ॥ ૩ ॥ માન્યો વિવાહ નેમજી એસો, શબ્દ સુન્યો રાધા ગોરીએં ॥ ચલ૦ ॥ ૪ ॥ રૂપચંદ ઉગ્રસેનકી બેટી, રાણી રાજુલસેં વિવાહ જોરી એં ॥ ચલ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૦૯ મું ॥ મેંતો તોરી પનઇઆ રહુંગી રે, આયો બસંત ખેલું હોરી ॥ મેંતો૦ ॥ રેવત ગિરિ મત જાઓ મેરે લાલન, મેંતો દેઊંગી શ્યામ દુહાઈ રે ॥ આયો૦ ॥ ૧ ॥ પૂરવ નેહ નિભાઓ મેરે મોહન, મેંતો દિલકી પીર બતાઇ રે ॥ આતમ શુદ્ધ ઘર ખેલે હોરી, ભામિનીપર કીધ બઢાઇ રે ॥ આયો૦ ॥ ૨ ॥ જપીયેં સખી સંજમ સુખ પાયો, મેં તો જ્ઞાનઊ દ્યોત સહાઇ રે ॥ આયો૦ ॥ ૩ ॥ ઇતિ ॥

॥ પદ ૧૧૦ મું ॥ નેમજીએ રથ તોરણસેં ફિરા-
ઓ, પશુવન પોકાર સુનાયો ॥ નેમજી૦ ॥ રંગ મહે-
લસેં દેખે રાજુલ, સખીયનકું બતલાયો ॥ હોંશ હમેરી
મનમેં રહે ગઇ, શામ પીયા રીસાયો ॥ નેમજી૦ ॥ ૧ ॥
કોડ ઉપાય કીયે જાદવને, શ્યામ પીયા ન મનાયો ॥
ધિક ધિક એ સંસાર જગતકું, એસો બિરૂદ ધરાયો
॥ નેમજી૦ ॥ ૨ ॥ સહસાવન જઇ સંજમ લીનો, બ્રહ્મ-
ચારી વ્રત પાયો ॥ નેમ રાજુલ દોએ મુકિત મેહે-
લમેં, હરખચંદ ગુન ગાયો ॥ નેમજી૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૧ મું ॥ રાગ સોહેણી ॥ પીયા બિ-
નારે કૈસેં ખેલું હોરી ॥ કૈસે ખેલું હોરી કૈસે
ખેલું હોરી ॥ પીયા૦ ॥ અને હો દીલમેં દયાના
આણી, મેં તો આંખ ભરૂં જળ પાણી ॥ પીયા૦ ॥ ૧ ॥
તોરણસેં રથ ફેર ચલે હે, કાંઇક ચુક હમારી ॥ હાથ
જોડ કર કરૂંગી બિનતિ, સુનીયો અરજ હમારી ॥ પી-
યા૦ ॥ ૨ ॥ આએ અચાનક ફેર ચલે હે, મેં જાણ્યો હે
બ્રહ્મચારી ॥ પશુવા પોકાર સુની કરૂણા કર, જાઈ
ચઢયો ગિરનારી ॥ પિયા૦ ॥ ૩ ॥ ગૃહકું છોડી કર-
મકું મરોડી, પીયા પાસેં ગઈરે કુંવારી ॥ સહસાવન

જઈ સંજમ લીનો, મોહરાયકું છોડી ॥ પીયા૦ ॥ ૪ ॥ રાજિમતી નિજ શોક મિલનકું, જિનજીકે આગેં દોડી ॥ નેમ રાજુલ દોએ મુકતેં સધાયે, કલ્યાણરૂપ ભઇ જોડી ॥ પીયા બિનારે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૨ મું ॥ હોરીરાગબેહાગ ॥ રાજુલ સું દર નાર, શ્યામ સંગ ખેલત હોરી ॥ રાજુલ૦ ॥ જ્ઞાનકો ઉડત ગુલાલ, શીલકી કેસર ઘોરી ॥ તપ જપ સંજમ ભરી પિચકારી, કામ ક્રોધકું તોરી રે માઇ ॥ રાજુલ૦ ॥ ૧ ॥ દાનકો અબીર મંગાય, ભાવ શુદ્ધ ભરકે ઝોરી ॥ પંચ મહાવ્રત ચંદન છાંટયો, અરગજા સમરસ ઘોરીરે માઈ ॥ રાજુલ૦ ॥ ૨ ॥ યા બિધ રમીએં ફાગ, શામશું મન શુધ્ધ હોરી ॥ ચતુર કુશળ તેરો ભવભવ સેવક, વંદું બે કર જોરી રે માઈ ॥ રાજુલ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૩ મું ॥ હોરી રાગ કાનડો ॥ આવન દેરેયા હોરી ॥ આવન૦ ॥ એ આંકણી ॥ ચંદ્રમુખી રાજુલ એમ બોલે, લાવો મનાવો પકડ બરજોરી ॥ આવન૦ ॥ ૧ ॥ ફાગુનકે દિન દૂર નહીં અબ, કયા સોચ

ત હો પ્રભુ જીયા ભોરી ॥ બૈયાં પકર હા હા જ્યું કહાવે, છોડું નહીં મુખ મોરી કરોરી ॥ આવન૦ ॥ ૨ ॥ સજી શણગાર સકળ જગ બનિતા, અબિર ગુલાલ લીઓ ભરજોરી ॥ નેમીશ્વરશું ખેલ ખેલત હે, તાલ મૃદંગ ઝાંઝ ડફ જોરી ॥ આવન૦ ॥ ૩ ॥ તું હે સમુદ્ર વિજ-યકો છોરો, મેં હું રે ઊગ્રસેનકી છોરી ॥ રંગ કહે અ-મૃત પદ દાયક, અવિચળ રહો આ જુગ જુગ જોરી ॥ આવન૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૪મું ॥ પરજ વસંત ॥ હોરી ખેલાવત કાનઇઆ, નેમીશ્વર સંગેલે ભઇયા ॥ હોરી૦ ॥ રેવત ગિરિપર એકઠે મિલે સબ, સહસ બત્રીશ અંતેઊરઇયિ ॥ હોરી૦ ॥ ૧ ॥ કોઈ સંગ પિચકારી લીએ કોઈ, અબિર ગુલાલસેં ઝોરી ભરઇયાં ॥ હોરી૦ ॥ ૨ ॥ નેમકુંવર શું ખેલત હોરી, બ્યાહ મનાવત ગોપી મિલઇઆં ॥ હો રી૦ ॥ ૩ ॥ મૌન રહ્યા પ્રભુ વાત વિચારી, પરણો દે-વર નારી ભલઇયાં ॥ હોરી૦ ॥ ૪ ॥ તોરણ આઈ પશુવા છોડાઈ, રાજુલ નારી બિચાર કરઇયાં ॥ હોરી૦ ॥ ૫ ॥ મુગતિ ધુતારી શોક હમારી, ઇનસેં કયું મેરો ચિત્ત ભલઇયાં ॥ હોરી૦ ॥ ૬ ॥ સહસાવન જઇ સંજમ લીનો,

શુકલ ધ્યાનસેં કેવલ પઇઆં ॥ હોરી૦ ॥ ૭ ॥ નેમ રાજુલ દોનું મુકિત સિધાએ, રૂપ કહે. હમ લેત બલઇયાં ॥ હોરી૦ ॥ ૮ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૫ મું ॥ વસંત ધન્યાશ્રી ॥ એક સમે ઘનશ્યામકી સુંદરી, નેમસેં બ્યાહકી હોડ જયું બાંધી ॥ એક૦ ॥ ચૂવેકો કીચ ફૂલેલકો રેલો, ગુલાલકો મેહ અબિરકી આંધી ॥ એક૦ ॥ ૧ ॥ સોધેકો નીર લીએ સબ બાલા, ગાતી ધમાલ નયન રસ સાધી ॥ એક૦ ॥ ૨ ॥ ત્રિયાકો ખેલ દેખી મુસકાને, માન્યો બ્યાહ અંતરકી લાધી ॥ એક૦ ॥ ૩ ॥ બ્યાહકૂં છોડ ચલે ગિરનારી, સમાધિકો ગેહ ચરણ આરાધી ॥ એક૦ ॥ ૪ ॥ કરમકૂં ચૂર લીએ શિવ લીલા, જ્ઞાન ઉદ્યોત કલા ગુણ બાધી ॥ એક૦ ॥ ૫ ॥

---

॥ પદ ૧૧૬ મું ॥ રાગ હોરી ॥ હોરીવામાસુત ધ્યાન ધરો, મોરી માઈ, ચરણ રંગ ખેલે હોરી ॥ વામાસુત૦ ॥ વૈર સંભારી અસુર તવ આયો, ઘન ગર્જત બરસત ઘોરી ॥ વામા૦ ॥ ૧ ॥ પવન ચલત ચપળા અતિ ચમકત, ટહુંકત દાદૂર પીક મોરી ॥ નીર બઢત પ્રભુ

ધ્યાન ચઢત હે, કઠિન કરમ સાંકલ તોરી ॥ વામા૦ ॥ ૨ ॥ ધરણીધર પતિ બંદન નિકશ્યો, સાથ લીએ બનિતા ભોરી॥ આએ પ્રભુકો શરણ ગ્રહ્યો હે, અસુર ગયો નિજમદ છોરી ॥ વામા૦ ॥ ૩ ॥ ભકિત કરત સુર બહુ જિનવરકી, તાલ મૃદંગ ઝાંઝ ઝોરી ॥ એક ગાવત એક બીન બજાવત, એક નાચત મધુ ઘરે ગોરી૦ ॥ ૪ ॥ અબ ઘાતી ક્ષય જ્ઞાન ઊદ્યોત ગુન, ઉલ્લસિત સુર સબ કર જોરી ॥ ભકિત ભાવ નાટક ફૂલ સમકિત, પાયો નિજ અનુભવ જોરી ॥ વામા૦ ॥ ૫ ॥

---

॥ પદ ૧૧૭ મું ॥ સુમતિ સદા સુખદાઈ હો ખેલન આઈ હોરી॥ સુ૦॥ ખેલન આઇ પ્યારી ખેલન આઈ॥ સુમતિ૦ ॥ પૂર્ણાનંદ સુખદ પીયુ સંગે. સબ સખીયન મિલાઈ હો ॥ ખેલન૦ ॥ ૧ ॥ નિજ ગુન બાગમે સહજ બસંતે, મોજ મચી મન ભાઇ હો ॥ ખેલન૦ ॥ ૨ ॥ ધ્યાન સમાધિ ભવનમેં બેઠે, રસ ભર ખેલે ગોસાંઇ હો ॥ ખેલન૦ ॥ ૩ ॥ પ્રભુ આના શિર છત્ર બિરાજે, દુહું નય ચમર ઢરાઇ હો ॥ ખેલન૦ ॥ ૪ ॥ આગમ બચન સંગીતેં બહુ ગમ, બાજાં વિવિધ બજાઈ હો ॥ ખેલન૦ ॥ ૫ ॥ શાંત સુધારસ પ્યાલે પી-

વત, આનંદ લીલ જમાઈ હો ॥ ખેલન૦ ॥ ૬ ॥ યા વિધ પીયુ પ્યારી મિલિ ખેલત, સુખસબ સંતતિ પાઇ હો ॥ ખેલ૦ ॥ ૭ ॥ ભાનચંદ પ્રભુ પાસ પસાયે, શિવ સુખ હરખ બધાઈ હો ॥ ખેલ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૧૮ મું ॥ વસંત ધમાલ ॥ ચલો ચેતન જિનસેં ખેલે હોરી, સખીરી ખેલીએં માસ વસંત ॥ ચલો૦ ॥ સમકિત શુધ્ધ વસંત ઋતુ પ્રગટી, શ્રધ્ધા ભઇ બન રાય ॥ બલ જાઊં ॥ વિનયાદિક બહુ ગુણશું મનોહર, નિયમાદિક ભ્રમરે ગુંજાય ॥ ચલો૦ ॥ ૧ ॥ સબ વ્રત રંગ સુરંગ ગુલાલેં, ભરી ભરી જોરી સુચંગ ॥ બલ જાઊં ॥ સમતા પિચકારી સુખકારી, ઊપશમ રસ કેસર પ્રસંગ ॥ ચલો૦ ॥ ૨ ॥ શુક્લ ધ્યાન અબીર સમુજ્જ્વલ, ચિહું દિશ કીએ છિરકાવ ॥ બલ જાઊં ॥ શુધ્ધ નયાત્મક ઘેરીએં હો, ઘેરત જિનકું શુભ ભાવ ॥ ચલો૦ ॥ ૩ ॥ અનુભવ ગલીમેં ઘેર લીએ પ્રભુ, ફગુવા શિવ પદ દેત ॥ બલ જાઊં ॥ વાઘજી મુનિ સેવક પ્રભુજીસેં, દિન દિન સવિ સુખ લેત ॥ ચલો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ ૧૧૯ મું ॥ હરિ લલના સઘળી મળી રે, સરોવર તીર મઝાર ॥ લલના ॥ બ્યાહ મનાવન કારણે રે, ઘેરિ લીનો નેમકુમાર ॥ અલબેલી રંગીલીએમ કહે હો ॥ ૧ ॥ એ આંકણી ॥ કાંતિ રહિત મણિ નવિ સોહે, વિણ ચપળાનો મેહ ॥ લલના ॥ રજની વિના જેમ ચંદ્ર ન દીપે, તેમ નારી વિના નર ગેહ ॥ અલબેલી૦ ॥ ૨ ॥ ચાર ચતુષ્પદ જસ અંગે, ચાર ફળ ફૂલને ખગ ચાર ॥ લલના ॥ ગોરી પરણો દેવર એવી, વંશ જદુ શિણગાર ॥ અલબેલી૦ ॥ ૩ ॥ લાલ ગુલાલ જિન પર ડારે, કરી કેસરનો રંગ ॥ લલના ॥ ચુવા ચંદન ને ઓર અરગજા, ભીનો પ્રભુજીનો અંગ ॥ અલબેલી૦ ॥ ૪ ॥ કોઇ ચંદ્રબદની ચંગ બજાવે, કોઇ કરે વીણા નાદ ॥ લલના ॥ રાગ વસંત આલાપે રંગે, કોકિલ સમ જસ સાદ ॥ અલબેલી૦ ॥ ૫ ॥ વર લક્ષણ રૂપ કળા નિધિને, કમળા ગ્રહી જિન હાથ ॥ લલના ॥ હાવ ભાવ વિલાસ દેખાવે, પણ ન ચલે જગ નાથ ॥ અલબેલી૦ ॥ ૬ ॥ કહે ધર્મચંદજી નેમ ને રાજુલ, કરી અનંગને દૂર ॥ લલના ॥ દિશા ઊજાગરણને પામી, વશીયા જઇ શિવપૂર ॥ અલબેલી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ પદ ૧૨૦ મું ॥ તેરી અંગીયાં બની હૈ સુરંગ હાં રે હો, શ્રી ચિંતામણિપાસ પ્રભુજી ॥ તેરી૦ ॥ સુવિવેકી શ્રાવક મિલ આએ, આણી ભાવ અભંગ ॥ હાંરે હો શ્રી૦ ॥ ગ્રહ બંધીકી ભાંત ભલી હૈ, બુટીયા નવ નવ રંગ ॥ હાંરે હો શ્રીચિં૦ ॥ ૧ ॥ જરકસ જામો ખૂબ બન્યો હૈ, કોર કેવડા સંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ મસ્તક મુકુટ કાને દોય કુંડલ, બાજુબંધ સુચંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ ૨ ॥ ફૂલનકી ગલમાલ સોભત હૈ, સૌરંભ વાસ સુગંધ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ ત્રિભુવન સાહેબ તખત બશિજે, મહિરબાન મન રંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ ૩ ॥ સુર નર યાકી સેવા કરત હૈ, રાત દિવસ ધર રંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ સુનજર હૈ સાહેબકી સબપર, સંઘ હૈ સકલ સુરંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ ભાવન ભાવો જિન ગુણ ગાવો, અમર ધણે ઉછરંગ ॥ હાંરે હો શ્રી ચિં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૧ મું ॥ વસંત મારૂ ॥ ગોપી ગોવાલન હોરી, નેમ સંગ ખેલન આએ ॥ ગોપી૦ ॥ હળધર ગિરિધર કહે રે ગોપિનકોં, બ્યાહ મનાવો

જોરી ॥ નેમ૦ ॥ ૧ ॥ રાધા રૂકમિણી ને સત્યભામા, મિલી સબ સખિયન ટોરી ॥ નેમ૦ ॥ ૨ ॥ ચુવા ચુવા ચંદન ઓર અરગજા, કેસર ગાગર ઘોરી ॥ નેમ૦ ॥ ૩ ॥ અબીર ગુલાલકી ધૂમ મચી હે, ભર પિચકારી છોરી ॥ નેમ૦ ॥ ૪ ॥ ઝાંઝ મૃદંગ વેણા ડફ બાજે, બિચ બિચ તાલ ટકોરી ॥ નેમ૦ ॥ ૫ ॥ ભર પિચ-કારી ને મુખપર ડારે, શિરપર ગાગર ઢોરી ॥ નેમ૦ ॥ ૬ ॥ હસ ગએ નેમપ્રભુ મુખસેં ન બોલે, માન્યો વ્યાહ કર જોરી ॥ નેમ૦ ॥ ૭ ॥ લગન લીઓ સબ મુહૂર્ત કલ્યાણકે, રાજુલ રૂપ રંગ ગોરી ॥ નેમ૦ ॥૮॥

---

॥ પદ ૧૨૨ મું ॥ અનુભવ મિત્ત મિલાયદે મો-કું, શ્યામ સુંદર વર મેરા રે ॥ અનુભવ૦ ॥ શીયળ ફાગ પીયા સંગ રમુંગી, ગુણ માનુંગી મેં તેરા રે ॥ જ્ઞાન ગુલાલ પ્રેમ પિચકારી, શુચિ શ્રધ્ધા રંગ ભેરા રે ॥ અનુભવ૦ ॥ ૧ ॥ પંચ મિથ્યાત નિવાર ધરૂંગી મેં, સંવર વેશ ભલેરા રે ॥ ચિદાનંદ એસી હોરી ખે-લત, બહુરિ ન હોય ભવ ફેરા રે ॥ અનુભવ૦ ॥ ૨ ॥

---

॥ પદ ૧૨૩ મું ॥ રાગ હોરી ॥ જિન રાજ સદા જયકારી, જિન રાજ૦ ॥ એ આંકણી ॥ શિવશંકર જગદીશ ચિદાનંદ, જ્યોતી સ્વરૂપ ઉદારી ॥ અરિ એરિ લાલા જ્યો૦ ॥ અલખ નિરંજન વીતરાગ તુમ, સકળ જંતુ હિતકારી ॥ પ્રભુ તુમે કરૂણા ધારી ॥ જિનરાજ૦ ॥ ૧ ॥ અનંત ગુણાકર સાહેબ જિન જી, શાસનકે શિરદારી ॥ અરિ૦ ॥ સુરનર મુનિજન ધ્યાન ધરત નિત્ય, વીર પ્રભુ ઉપકારી ॥ જાકે ગૌતમ ગણધારી ॥ જિન રાજ૦ ॥ ૨ ॥ ઓગણીશેં પાંચ માઘ શુદિ પંચમી, સોમવાર સુખકારી ॥ અરિ૦ ॥ જખઉ બંદર સંઘ મિલત બહુ, ઓચ્છવ હુવો ઉદારી ॥ થાપના લઇ મનુહારી ॥ જિન રાજ૦ ॥ ૩ ॥ ભાવ સહિત કરે પૂજન વંદન, જ્યું પામે ભવપારી ॥ અરિ૦ ॥ ઇહ ભવ ઋદ્ધિ વૃદ્ધિ યશ કીરતિ, દિન દિન અધિક વધારી ॥ વિનય કહે જિન સુખકારી ॥ જિનરાજ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥પદ ૧૨૪ મું ॥રાગ ધમાલ॥ આયો જબ ઋતુ સુરભિ મનોહર, સબ ઋતુ કે સરદાર ॥ બલજાઉં ॥ નેમકુમર ખેલન ચલે હો, લીનોનો હે જદુપરિવાર ॥

બ૦ ॥ ૧ ॥ મોહનજિન ખેલે રંગભરી હો, અહો મેરે લલના ॥ મોહત સબ નરનાર ॥ મોહન૦ ॥ એ આંકણી ॥ ફૂલ અમૂલકો ટોડર પેરચો, બડો બહોત સોભાગ ॥ બલ૦ ॥ લાલ ગુલાલ અબીર ઉડાવત, ગાવત ગુણિ જન ફાગ ॥ બલ૦ ॥ મો૦ ॥ ૨ ॥ સરસ કુસુમરસ કેશરમિશ્રિત, ચંદન ચર્ચિત અંગ ॥ બ૦ ॥ કનક અધિક છબિ નિરખત જાકે, જન મન હરખ સુરંગ ॥ બ૦ ॥ મો૦ ॥ ૩ ॥ સાર શૃંગાર હાર મોતિનકો, પહેરી પ્રભુપેં આય ॥ બ૦ ॥ ખેલત સકલ ગોપાલ બાલિકા, ઘેર લીયો યદુરાય ॥ બ૦ ॥ મો૦ ॥ ૪ ॥ કોમલ કમલ વિમલ દલ ભરકેં, છિરકે નિર્મલ નીર ॥ બ૦ ॥ અતિ બહુ હસત વસન ધરિ નીકો, વ્યાકુલ વ્રજ પરિવાર ॥ બ૦ ॥ મો૦ ॥ ૫ ॥ વચન રસાલ બાલ ગોપિનકે, બોલે બોલ બનાય ॥ બ૦ ॥ વસ આયે પ્રભુ બહોત દિનોંકે, છોડેંગે વ્યાહ મનાય ॥ બ૦ ॥ મો૦ ॥ ૬ ॥ જવ હરિનારિ ભારી હઠ કીનો, લીનો મૌન જિનરાય ॥ બ૦ ॥ ધાઈ વધાઇ જાઇ તબ દીની, કેશવ કીયો હે કાજ ॥ બ૦ ॥ મો૦ ॥ ૭ ॥ ઉગ્રસેન કુંઅરી રાજુલશું, સજ્યો વ્યાહકો સાજ ॥ બ૦ ॥ છોરિ નારિ દારૂણય વ્રત લેવત, રેવત ગિરિપર જાય ॥ બ૦ ॥

૮ ॥ શ્રી વિજયદેવ સૂરિંદકો સેવક, ભાવવિજય ગુણ ગાય ॥ બ૦ ॥ મો૦ ॥ ૯ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૫ મું ॥ રાગ હોરી ॥ પ્રિયા પ્રીતમકી ભલી જોરી, હિલ મિલકે ખેલે હોરી ॥ સુમતિ સોહાગન રાય ચેતન મિલ, કુમતિકું કરી કોરીરી ॥ પ્રિ૦ ॥ અનુભવ ગુણ સોઈ આંબો વિકશ્યો, મન માંજર વિચ મોરીરી ॥ પ્રિ૦ ॥ ૧ ॥ બાર વરત સો વસંત બની હૈ, અવિરતસી ગયો દોરી રી ॥ પ્રિ૦ ॥ નવતત્ત્વ સોઇ ગુલાલ ભલી હૈ, સુમતા કેશર ઘોરી રી ॥ પ્રિયા૦ ॥ ૨ ॥ પ્રેમ પિચરકી નીરસુશૌચતા, ગ્રહીકેપ્રીતમ ગોરી રી ॥ પ્રિયા૦ ॥ તસુ જલધારેં દાગ નિવારે, શીતલ ગુણ લહ્યો જોરી રી ॥ પ્રિ૦ ॥ ૩ ॥ જસ પરિમલ ચિંતામણિ જપતાં, વાધે સંપદ કોરીરી ॥ પ્રિ૦ ॥ અમર સિંધુર અનુભવ અભ્યાસી, રસ રંગ રમીયેં હોરી રી ॥ પ્રિ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૬ મું ॥ રાગ હોરી ॥ મેરે મનમેં વૈરાગ્ય ભયોરી ॥ આજ મેરે મનમેં વૈરાગ્ય ભયોરી ॥ ઐસી હોરી મેરે દિલ ન સુહાય ॥ મેરે મન૦ ॥ ૧ ॥

જાસેં કર્મ કટત પૂરવકે, સફલ હોત તનું અપની કાય ॥ સેવા ચરણકમલકી કરૂંગી, મંત્ર જપું મન ઠામ લાય ॥ મેરે૦ ॥ ૨ ॥ સુમતિ સખી અપનેં સંગ લે કર, મૈંતો સંયમ લ્યું ગિરિવરપેં જાય ॥ લાલચંદ પ્રભુકે ગુન ગાવે, મૈંતો ચરણ કમલ રહુંગી લપટાય ॥ મેરે૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૭ મું ॥ રાગ ધમાલ ॥ ક્રોધપખાવજ બાજા બજે હો, અભિમાન સરસ અતિ તાલ ॥ બલજાઉં ॥ માયા નાચે નૃત્યકી હો, લોભ સુરંગ ગુલાલ ॥ બ૦ ॥ ૧ ॥ ખેલત આતમ રંગ ભરી હો, અહો અબ સહિયાં, આઠ કર્મકે કેલ ॥ ખેલત૦ ॥ એ આંકણી ॥ વિકથા કેશર રંગભરી હો, ભરત પિચકારી લે ધાય ॥ બ૦॥ મિથ્યા વાસ ફૂલેલમેં હો, રહયો હે ભીંજ તું ભાય ॥ બ૦ ॥ ખે૦ ॥ ૨ ॥ લાલચ કંચૂઓ અંગમેં હો, લેશ્યા શ્યામ અરૂ નીલ ॥ બ૦ ॥ ચાર ગતિ કે સાથીયે હો, કરત પરસ્પર કેલિ ॥ બ૦ ॥ ખે૦ ॥ ૩ ॥ ઇંદ્રિય પાંચે દૂતિકા હો, તિનશું દેત મિલાય ॥ બ૦ ॥ પાપ પંકજમેં તનુ કિયોહો, ડારત હે લપટાય ॥ બ૦ ॥ ખે૦ ॥ ૪ ॥ જૈન કથા ડફ વાજતેહો, કબહુંક કબહુંક નીક ॥

બ૦ ॥ ખેલ બહુ અધિકો બન્યો હો, કીનો હૈ ધર્મજલ સ્નાન ॥ બ૦ ॥ ખે૦ ॥ ૫ ॥ સમકિત અંબર પેહેરકે હો, કરી વ્રતકો શણગાર ॥ બ૦ ॥ કહે સાગર શિવભામિની હો, પરણીજેં સુંદર નાર ॥ બ૦ ॥ ખે૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૮ મું ॥ રાગ હોરી ॥ ચિંતામણિ ચિત્ત ધ્યાવો રે, વંછિત ફલ પાવો ॥ સકલ ભવિક મિલ આવો, રાગ ફાગ ગુણ ગાવો રે ॥ વંછિત૦ ॥ ૧ ॥ અબીર ગુલાલ લાલ સંગ લાવો, ભર ભર મુંઠીયાં ઊડાવો રે ॥ વં૦ ॥ કુંકુમ કેશરકું છિરકાવો, ભાવ શુક્લ ભલ ભાવો રે ॥ વં૦ ॥ ॥ ૨ ॥ અંગી ચંગી પુહપ બનાવો, દીપક જ્યોતિ દીપાવો રે ॥ વં૦ ॥ દરસ સરસ કરકેં સુખ પાવો, પુણ્ય ભંડાર ભરાવો રે ॥ વં૦ ॥ ૩ ॥ વાજિંત્ર વાજાં વિવિધ વજાવો, નૃત્ય સંગીત નચાવો રે ॥ વં૦ ॥ અમર સિંધુર આનંદ વધાવો, જિનજીસેં લય લાવો રે ॥ વં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૨૯ મું ॥ રાગ હોરી ॥ મત ડારો પિચકારી રે, મેં તો સવરી ભીજ ગઇ ॥ મ૦ ॥ તાલ મૃદંગ બજત બન માંહિ, ગાવત આગમ રાગ ॥ લાલ મેં તો સવરી ભીજ ગઇ ॥ મત૦ ॥ ૧ ॥ જ્ઞાન ગુલાલ સદા રંગ લાગે, ખેલત સુમતિ સોહાગ ॥ પીયા મેં તો સધરી ભીજ ગઇ ॥ ૨ ॥ સમકેત કેશર ચીર રંગાઊં, પહેરૂં મન વૈરાગ ॥ લાલ મેં તો૦ ॥ ૩ ॥ લખ ચોરાશી રામત છોડૂં, ચારોં ગતિ સોહાગ ॥ પિયા મેં તો૦ ॥ ૪ ॥ ઐસા ખેલ ખેલે સબ પ્યારી, શિવ સુંદરી ભરતાર ॥ લાલ મેં તો૦ ॥ ૫ ॥ જ્ઞાનસાગર પ્રભુ વિવિધ પ્રકારેં, ઇણ વિધ ખેલે હોરી ॥ લાલ મેં તો૦ ॥ ૬ ॥

---

પદ ૧૩૦ મું ॥ રાગ હોરી ॥ તુંમહી જાકે અશ્વ ખેલાવો, રાઊકે રીત ચલાવો રે ॥ તું૦ ॥ અમ યોગીસર જો તપ સાધે, તપકો ભેદ ન જાણ્યો રે ॥ તું૦ ॥ ૧ ॥ સુણરે કમઠ મહા તપ સાધે, તપકો ભેદ ન જાણ્યો રે ॥ તન તાપે મન તાપે નાહીં, કહા તાપે અજ્ઞાનો રે ॥ તું૦ ॥ ૨ ॥ પન્નગ કાહીકું અગનિ જલાવે, હિત ચિ-

ત્ત દયા ન આવે રે ॥ તું૦ ॥ પાસ પ્રભુ નવકાર સુણાવે, ધરણીધર પદ પાવે રે ॥ તું૦ ॥ ૩ ॥ઇતિ ॥

---

॥ પદ ૧૩૧ મું ॥ રાગ હોરી ॥ આજ આનંદ ઊપજાવો, જિન ચરણનસેં ચિત્ત લાવો રી ॥ આનંદ વધાવો રી ॥ આ૦ ॥ સવિષ પ્રીત જાણી વિષ સરખી, નિર્વિષતા નીપજાવો ॥ સુંદર સૂરત મૂરતિ નિરખી, ગુણ અહનિશ તુમ ગાવો રી ॥ આનં૦ ॥ ૧ ॥ એ પ્રભુ ત્રિભુવન જનનો તારક, દર્શન કર સુખ પાવો ॥ કરૂણાવંત કૃપા કર સાહેબ, ત્રિકરણ શુદ્ધ મન લાવો રી ॥ આનં૦ ॥ ૨ ॥ અજર અમર શિવસુખકે દાયક, શ્રી અશ્વસેનકો છાવો ॥ ભવજલ તારક પતિત ઊદ્ધારક, આતમગુણ ઊપજાવો રી ॥ આનં૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૨ મું ॥ રાગ હોરી ॥ તાર એવો જિનરાજ, મુસેં બહિયાં ગ્રહી ॥ તા૦ ॥ લઘુવય મેં તુમ દરિસણ પાયો, પુણ્ય યોગ જિનરાજ ॥ મુસેં૦ ॥ તા૦ ॥ ૧ ॥ ગુનો કીયો બગ સો અબ મેરો, દ્યો અનુભવ રૂચિરાજ ॥ મુ૦ ॥ તા૦ ॥ ૨ ॥ ભવ-

જલનિધિ તારક હે ભવકો, શિવનગરકો જિનરાજ ॥ મુસેં૦ ॥ તા૦ ॥ ૩ ॥ આગેં અનેકકોં જ્યુ શિવ દીનો, ત્યું એક સેવક આજ ॥ મુ૦ ॥ તા૦ ॥ ૪ ॥ વામા માત અશ્વસેનકે નદંન, રંગકે સુધારો કાજ॥ મુ૦ ॥ તા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૩ મું ॥ રાગ હોરી ॥ નેમજિણંદ જીશું તાલી લાગી, મેં ખેલુંગી સંજમ ફાગ સહી રી ॥ ને૦ ॥ ઔર સબે મેરે મન નવિ ભાવે, મોહી ભાવે યાદવરાય સહી રી ॥ ને૦ ॥ ૧ ॥ કહે સુમતિ સખી મેં સંગ ચલુંગી, દુર્મતિસેં રહું દૂર સહી રી ॥ ને૦ ॥ નવવિધ ભૂષણ અંગ ધરૂંગી, શીયલ સોહાગણ નૂર સહી રી ॥ ને૦ ॥ ॥ ૨ ॥ વૈરાગ બાગમેં રાસ રચુંગી, પહેરૂંગી ચારિત્ર ચીર સહી રી ॥ ને૦ ॥ પુણ્ય પીચકારી મેં હાથ ગ્રહુંગી, સમતા રસ ભર નીર સહી રી ॥ ને૦ ॥ ૩ ॥ મહારંગ રસકો સ્વાદ ગ્રહુંગી, રીઝવું આતમરાય સહી રી ॥ ને૦ ॥ ફગવાકી પરસિદ્ધ પાવુંગી મેં, માગુંગી મહાનંદ રાય સહી રી ॥ ને૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ ૧૩૪ મું ॥ ખ્યાલ હોરી ॥ પીયારી અ નુભવ રસ પ્યાલા ॥ પીયા० ॥ તાતેં હોય રહ્યા મત વાલા રી ॥ અનુભવ० ॥ શુક્લ ધ્યાનકી સુરખી આ- ઈ, કાટત કરમકે જાલા ॥ ગ્યાન ધ્યાનસેં તાલી લાઈ, સો સંયમ પ્રતિપાલા રી ॥ અનુ० ॥ ૧ ॥ ભક્તિ યુ- ક્તિ સો રાગ ભલી હૈ, ગુણ મોતીનકી માલા ॥ શ્રી ચિંતામણિ કંઠેં ઠવતા, ઝલકત ઝાક ઝમાલા રી ॥ અનુ० ॥ ૨ ॥ અમરસિંધુર ઐસી હોરી અનોપમ, ખે લત અનુભવ ખ્યાલા॥ સુખ સંપદ અવિચલ સુખદા યક, વરતે જ્ઞાન વિશાલા રી ॥ અનુ० ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૫ મું ॥ રાગ જંગલામાં હોરી ॥ લે ગયો ખેલણ હોરી રે, માનું લે ગયો ખેલણ હોરી ॥ માનું० ॥ જ્ઞાન ગુલાલ વિવેક અરગજા, અબીર ગુલા લ ભર જોરી રે ॥ માનું० ॥ ૧ ॥ કમઠ વિદારણ ના ગકું તારણ, ચિરંજી રહો યા જોરી રે ॥ માનું० ॥ ૨॥ અશ્વસેન નંદન જગદાવંદન, મુગતપુરીસેં જોરી રે ॥ માનું० ॥ ૩ ॥ સેવક જિનજીસેં અર્જ કરત હૈ, જિન ચરણાપર ધોરી રે ॥ માનું० ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૬ મું ॥ રાગ શોરઠ વસંત ॥ મેરો પિયા પરસંગ રમત હૈ, મૈં કૈસેં મનાવું રી ॥ અરી મેરો૦ ॥ શોકન સંગ રયણી દિન રમતાં, મોહી ન બુલાવૈ રી॥ મૈં૦ ॥૧॥ હા હા કરત સખી પઇયાં પરત હું, કોઇ પિયા મિલાવે રી ॥ મૈં૦ ॥ ૨ ॥ વિરહાનલ અતિ દુસ્સહ જ્વાલા, પિયા બિન કૌન બુઝાવે રી॥મૈં૦ ॥૩॥ સુમતિ સખી લે અનુભવ આયો, સબ પરઠિ સુનાવે રી ॥ મૈં૦ ॥ ૪ ॥ ગ્યાનસાર પ્યારે દોનુંહી મિલી, સોરઠ રાગેં ગાવે રી ॥ મૈં૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૭ મું ॥ રાગ ધમાલ ॥ અવસરકા લાહા લીજીયેં હો, અહો મેરે લલનાં, ચલહો શિવપુર જાહિં ॥ અવ૦ ॥ મહકે માસ વસંતકે તરૂવર, લહકે મલય સમીર ॥ અંબ અંબ બિનુ મોર જગે હૈં, મંજરી રસ લુબ્ધેં કીર ॥ અ૦ ॥ ૧ ॥ વન વન કુંજન ટહકત કોકિલ, શીતલ સંરોવર નીર ॥ ઇત ઊત લલિત લતા કુંજનમેં, ગુંજત મધુકર ધીર ॥ અ૦ ॥ ૨ ॥ નવલ વસંત નવલ વર નાગર, નવલ શૃંગાર સોહાર ॥ નવલ અબીર ગુલાલશું સંધી, નવલ નવલ ધુંવાર ॥ અ૦

॥ ૩ ॥ અંતરિકકે આગેં રાગેં, ગાવત મંગલ ચાર ॥ ધૂમત ચંગ મૃદંગ ઊપંગેં, નટુવા લેં ચાહે ઇંગાલ ॥ અ० ॥ ૪ ॥ યા વસંત સમય મનમોહન, યા સૂરિજનકો ખેલ ॥ યા પ્રભુ પાસ ભેટ ભએ થેં, આનંદ ભઇ રસ રેલ ॥ અ० ॥ ૫ ॥

---

॥ પદ ૧૩૮ મું ॥ રાગ ધમાલ ॥ ઘર આવ કંત ખેલે વસંત, આતમ ગુણ ભૂલે ક્યોં અનંત ॥ પરપરિણતિ ભૂલ્યો ધરિય ભ્રાંત, પ્રીતમ હિવ આવો સુગુણ વસંત ॥ ઘર० ॥ ૧ ॥ ખમતા સમ દમતા ધરહુ ખંત, ક્રોધાદિ કુભાવનો કરહુ અંત ॥ ઘર० ॥ પરરામા રસીયો કેણે ભંત, મદ છકીયો ભૂલ્યો ક્યૂં મહંત ॥ ઘર० ॥ ૨ ॥ સુંદર બચ સુનિકે હુય સચિત્ત, નિજ ગુણ સંભારે જે અનંત ॥ ઘર० ॥ શિવમંદિર વસીયા સુખ અનંત, ઇમ અમર સિંધૂર ખેલે વસંત ॥ ઘર० ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૩૯ મું ॥ રાગ ધમાલ ॥ મેરે પ્રભુજીની મહિર લહિરનેં લટકે, આયો ફાગ આનંદ ॥ મેરે० ॥ સમકિત સૌ ઋતુરાજ બની હૈ, શીલ

ધરી કરો મન ઉત્સાહ ॥ બ૦ ॥ આંગી રચો બહુ ભાવશું હો, ખાંતશું ધરી ઊમાહ ॥ બ૦ ॥ સુ૦ ॥ ૩॥ તાલ મૃદંગ ચંગ બર બાંસરી, વિચ વિચ શરણાઇકે

---

સોર ॥ બ૦ ॥ ગુણ ગાવો જિનકે બહુ ભાવેં, જિમ પામો મુગતિકો ઠોર ॥ બ૦ ॥ સુ૦ ॥ ૪ ॥ ઇહવિધ ભાતિ કરી બહુ સ્તવના, વીરજિણંદ સુખદાય ॥ બ૦ ॥ કહે કવિ નેમ સુનો ભઇયા યારો, ભજ લ્યો જિનવર રાય॥ બ૦ ॥ સુ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૧ મું ॥ રાગ હોરી ॥ કહોરી સખી કૈસેં રમેં હોરી, મેરો નાહ ગયો ઘર છોરી ॥ કહો૦॥ ૧ ॥ વિનય વિગુણ મોહિ વિરહ જગાયો, નેહકી દોરી એ તતક્ષણ તોરી ॥ કહો૦॥ ૨ ॥ શિવભામા ઉનકું ભરમાયો, ચિત્તડો મેરો લીયો તિણ ચોરી ॥ કહો૦ ॥ ૩ ॥ સહસાવન જાય સંજમ લીનો, નેમજી નાહ ભયે ધર્મધોરી ॥ કહો૦ ॥ ૪ ॥ મૈંભી સહીયર સંયમ લ્યુંગી, કામ ક્રોધ મદ મોહકું મોરી ॥ કહો૦ ॥ ૫ ॥ સોકડલી હમ સંગ રમેંગે, ગુણવંતી વાભી હૈ ગોરી ॥ કહો૦ ॥ ૬ ॥ નેમ રાજિમતી મુગતિ સીધાએ, અમર

રમે તિહાં શિવસુખ હોરી ॥ કહો૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૨ મું ॥ રાગ હોરી ॥ પ્રીતરીત ભલીવિધ જોરી રી, લગી લગન પ્રભુજીસેં મોરી ॥ નિર્વિષ પ્રીત નિરૂપાધિક જોરી, સવિષોપાધિક ગઈ દોરીરી ॥ પ્રીત૦ ॥ ૧ ॥ શ્રી ચિંતામણિ ચિત્તમેં ધરતાં, દુરિત તિમિર ગયે તોરી રી ॥ પ્રીત૦ ॥ દીનદયાલ કૃપાલ કહાવે, ધર્મ માર્ગ કે ધોરી રી ॥ પ્રી૦ ॥ ૨ ॥ સુમતા સાગર ગુણ મણિ આગર, નાગર નમે કર જોરી રી ॥ પ્રી૦ ॥ દરસ સરસ લહ્યો પુણ્ય પસાયેં, શુભગતિ માંજર મોરી રી ॥ પ્રીત૦ ॥ ૩ ॥ માનવ ભવ સફલો ભયો મેરો, નિજ ગુણ લહ્યો બલ ફોરી રી ॥ પ્રી૦ ॥ ભવ ભવ ચરણ શરણ હમ હોજો, અમર કહે કર જોરી રી ॥ પ્રી૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૩ મું ॥ રાગ હોરી ॥ આજ મહારાજ મહાનંદા, આજ આએ જિનરાજ મહાનંદા ॥ શ્રી ચિંતામણિ જિનવર સાહેબ, કલ્પતરૂ સમ સુખકંદા ॥ આજ૦ ॥ ૧ ॥ દીધ વધાઇ શ્રવણ સકલ સુણી, ઉલ્લસે તન મકરંદા ॥ આ૦ ૨ ॥ સૂરતસેં

મુબઇ ધુર આએ, વાધે સુખ સંપત વૃંદા ॥ આ
જ૦ ॥ ૩ ॥ અતિ આડંબર સંઘ સકલ મિલ, દરિ
સન દેખન ઉલ્લસંદા ॥ આ૦ ॥૪॥ સામઇયાં સનમુખ
સંચરતાં, વાજિત્ર વાજે વિવિધ છંદા ॥ આ૦ ॥ ૫ ॥
સુંદર મૂરત મૂરતિ સાહે, મુખ છબી જાણે શરદ
ચંદા ॥ આ૦ ॥ ૬ ॥ મંગલ ગાવે હરષ બધાવે, દ
રસ ભયો પરમાનંદા ॥ આ૦ ॥ ૭ ॥ જય જય કાર
કરે સબ પુરજન, ગુણમણિ ગાવે આણંદા ॥
આ૦ ॥ ૮ ॥ અધિક આનંદ બધાયે પુરમેં, પધરાયે
પરમાનંદા ॥ આ૦ ॥ ૯ ॥ સંવત અઢાર પચ્ચાશી ફા
લ્ગુન, શુકલ છઠ્ઠ લહે સુખકંદા ॥ આ૦ ॥ ૧૦॥ દ્રવ્ય
ભાવ દોયકી પૂજા રચતાં, ફેડે દુર્ગતિકે દંદા॥ આ૦॥ ૧૧ ॥
આજ સુદિહ ભલાઈ ઊગા, પ્રભુ ભેટે પરમાનં
દા ॥ આ૦ ॥ ૧૨ ॥ સકલભવિક સફલો કિયો નરભ
વ, તરણ તારણ ભેટે જગચંદા ॥ આ૦ ॥ ૧૩ ॥
અમર ચિંતામણિ ત્રિભુવન ઊપમ, સુખ સંપત્ત
કે દે વૃંદા ॥ આ૦ ॥ ૧૪ ॥

---

॥ પદ ૧૪૪ મું ॥ રાગ વસંત ॥ નહીં રે ના
હર નવરંગ બનાયો, અપના નેમજીકા ઘર રે ॥

હાંરે નહીં૦ ॥ આંબો મોહોરયો કેસૂડો ફૂલ્યો, ફૂલ્યો સઘલો વન રે ॥ નહીં૦ ॥ ૧ ॥ ઉપશમ રસકો રંગ ભયો હે, અબીર અરગજા ઘર રે ॥ નહીં૦ ॥ પંચ સમિતિ ખેલે સબ સહીઓ, શીયલ સદાકો ઘર રે ॥ નહીં૦ ॥ ૨ ॥ રાસ મચ્યો હે શુભમતિ સહીકો, કુમતિ સખીકો દૂર રે ॥ નહીં૦ ॥ ફગુઆ દો ભર જોલી અવિચલ, મહાનંદકો વર રે ॥ નહીં૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૫ મું ॥ રાગ ધમાલ ॥ બ્રહ્મ સુતા સમરી સદા હો, ગાયશું શાંતિ જિણંદ ॥ સુંદર રૂપ સોહામણો હો, પેખત પરમાનંદ ॥ અચિરાકો નંદન ભેટીયેં હો, અહો મેરે લલનાં, પેખત પરમાનંદ ॥ ૧ ॥ એ આંકણી ॥ આવો સખી સબહીં મલો રે, આયો માસ વસંત ॥ પૂજા રચો પ્રભુજી તણી હો, પાવત શિવસુખ નંત ॥ અચિ૦ ॥ ૨ ॥ શોલ શૃંગાર સોહાવતી હો, મચતી મયગલ ચાલ ॥ ચંપક વાન ચંદાનની હો, લહકંતી ઉર મોતી માલ ॥ અચિ૦ ॥ ૩ ॥ પંચવરણ વરણી બન્યો હો, કંચુકી લાલ ગુલાલ

॥ કેશર ઘોત તનુ ધરચાં હો, નિર્મલ અતિ સુવિ શાલ ॥ અચિં૦ ॥ ૪ ॥ જાઈ જૂઇને કેવડો રે, વાલો વેલ ગુલાલ ॥ કેશર વનસારે કરી હો, પૂજતી સર સ શુચિ બાલ ॥ અચિં૦ ॥ ૫ ॥ ચંગ મૃદંગ બજાવ તી હો, ગાવતી ફાગ સુરંગ ॥ પાયે નેઉર રણકતી હો, નાચતી ચાલતી અંગ ॥ અચિં૦ ॥ ૬ ॥ ઐસી સાહેલી સબ મિલી હો, કરતી જિનગુણ ગાન ॥ ર ત્નસાગર પ્રભુ શાંતિજી હો, સેવતાં શિવવધૂમાન ॥ અચિં૦ ॥ ૭ ॥

---

॥ પદ ૧૪૬ મું ॥ રાગ હોરી ॥ ઐસી હોરી તે હો રહી ચંપા નયરમાં, ફાગુન કે દિન આય ઐ સી૦ ॥ વાસુપૂજ્યજીકે નવલ મંલપમેં હો, રહી હોરી સુખદાઇ ॥ ઐ૦ ॥ ૧ ॥ કેશર ઘોરી ભરીય કટોરી, મેરે પ્રભુકી આંગી રચાય ॥ ઐ૦ ॥ ૨ ॥ ચુઆ ચુઆ ચંદન ઔર અરગજા, લાલ ગુલાલ ઉ ડાય ॥ ઐ૦ ॥ ૩ ॥ આત્મજ્ઞાનકે દરખત ફૂલે જીન જીસેં પ્રિતિ લગાય ॥ ઐ૦ ॥ તાલ મૃદંગ વીણા ડ ફ વાજે, સંગીત સુલચ્છન ગાય ॥ ઐ૦ ॥ ૪ ॥ જિ નગુન ગાવત રાગ ઓપાવત, અખૂટ અજાનો પાય

॥ઐં૦ પરમાનંદ પરમ સુખદાયક, કીર્ત્તિ જગ ક
હાય ॥ ઐં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૭ મું ॥ રાગ ધમાલ ॥ વસંત
સિરી સૌજન ખેલે હો ॥ ખેલે હો ભુવનદયાલ ॥
વસં૦ ॥ ખેલે હો ઋષભ ભૂપાલ ॥ વસં૦ ॥ ખેલે હો
મરૂદેવી બાલ ॥ વસં૦ ॥ એક દિન માસ વસંત ખેલ-
નકૂં, નાભિનરિંદકો નંદ ॥ બલ જાઊં ॥ ભરતાદિક બ
હુ નિજપરિકરયુત, સાથેં સુર અસુર નર વૃંદ ॥ બલ૦॥
વસં૦ ॥ ૧ ॥ ત્ર્યાશી લાખ ભએ હે પૂરવકે, તિણ
સમે આએ ઉદ્યાન ॥ બ૦ ॥ વિહંગાલાપ ભમર ગું-
જારવેં, મધુનૃપ કરત બહુ માન ॥ બ૦ ॥ ૨ ॥ ગાવ-
ત ગીત કોકિલ પંચમ સ્વર, બાજત તાલ બજાય ॥
બ૦ ॥ પવન પ્રેરિત પલ્લવ અભિનયસેં, માનું નૃત્ય
કરત બનરાય ॥ બ૦ ॥ ૩ ॥ કુસુમકે બાગમેં કુસુમ
ધનુષ રિપુ, કુસુમ ભૂષન સબ દેહ ॥ બ૦ ॥ કુસુમ
ગિંદુક નિજ હાથ લીયો હે, બેઠે હે કુસુમકે ગેહ ॥
બ૦ ॥ ૪ ॥ દોય ખેલ સુખ નિર્ભર ખેલે, સુત સહસ્ત્ર
પરિવાર ॥ બ૦ ॥ ક્રીડા રસમેં મગન સબ દેખત,
જિન લહત હે હરષ અપાર ॥ બ૦ ॥ ૫ ॥ ઇણ સમે

અરજ કરત લોકાંતિક, દીક્ષા અવસર દેવ ॥ બલ૦ ॥ છોરિ વિભાવ સ્વભાવમેં ખેલે, તીરથપતિ ભયે સ્વયમેવ ॥ બ૦ ॥ ૬ ॥ આતમ ભાવ વસંતમેં ખેલત, પ્રગટે ઋદ્ધિ રસાલ॥ બ૦ ॥ ત્રિભુવન ભાનકી આન ધરિ શિર, દિન દિન હુયે મંગલ માલ ॥ બ૦ ॥ ૭॥

---

॥ પદ ૧૪૮ મું ॥ રાગ ધમાલ ॥ હરિ આદેશ લહી પિયા હો, નેમ મનાવન બ્યાહ ॥ લલનાં ॥ ઇત ઊત સબ જદુ નારી મિલી હો, ખેલત વસંત ઊત્સાહિ ॥ મનમોહન દેવર ખેલીએં હો ॥ કહા જોબનમાંહે જોગ ॥ મન૦ ॥ ૧ ॥ સંગ નેમ સબ મગન ભઇ હે, બાજત તાલ કંસાલ ॥ લલનાં ॥ રણકત ચંગ મૃદંગ સખીરી, ઉડત અબીર ગુલાલ ॥ મન૦ ॥ ૨ ॥ કપટીકાન શાન દઇ નિકસ્યો, પકર રહી ગ્રહી બાથ ॥ લ૦ ॥ દેવર ઘો મંગાયકે ફગુવા, આયે હો ગોપીયન કે હાથ ॥ મ૦ ॥ ૩ ॥ સહસ બત્રીસ નિર્વાહ તુમ બંધવ, એકકો કિસ્યો નિર્વાહ ॥ લ૦ ॥ યા સુની પ્રભુ મુખ મૌન લીએ થેં, હો હો હો માન લીયોહે બિયાહ ॥ મ૦ ॥ ૪ ॥ હરિ હરખ્યો અતિ પ્રેમશું હો, માગત ભોજકુમાર ॥ લ૦ ॥ જાન જોરી સબ જાદવા હો,

આયે હે ઊગ્રસેનકે દ્વાર ॥ મ૦ ॥૫॥ રાજુલ રાજમહેલ-માં નિરખત, આવત અપનો નાહ ॥ લ૦ ॥ હરખ-ત થકિતથં વદે હો, અહો અહો ભાગ્યવતીકો નાહ ॥ મ૦ ॥ ૬ ॥ પશુઅન બંધ છોર ચલે પિયુ, પલકમે તોરચો પ્રેમ ॥ લ૦ ॥ શ્રી જશોવિજય ગુરૂ મુક્તિમે હો, રમે રાજુલસોં જિન નેમ ॥ મ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૪૯ મું ॥ રાગ ધમાલ ॥ વાખા સ-રોવર પાલ પર બેઠા, દીઠા શ્રી જિનપાસ મીઠા ॥ મો-હન વેલી તણી પેરેં, પૂરતા ભવિ મન આશ ॥ ગોડી-ચો સાહિબ સમરીયેં હો, અહો મેરે લલનાં ॥ સુખકર દરિસણ જાસ, સવિ મંગલ માલા ધારીયેં હો॥૧॥એ આંકણી ॥કલિમાં કલ્પતરૂથી અધિકું, જે-હનું છે અભિધાન ॥ લલનાં ॥ પરતા પૂરણ સંકટ ચૂર-ણ, ધ્યાઇએં એહનું ધ્યાન ॥ ગોડીચો૦ ॥ ૨ ॥ જન બાંધવ જગનાયક લાયક, પાયક પરેં ત્રણ લોક ॥ લ૦ ॥ આશ ઊત્સાહે ધાયા આવે, દશ દિશથી મહા-જન થોક ॥ ગો૦ ॥ ૩ ॥ કરૂણાવંત કૃપાલ કૃપાનિધિ, ભાસિત ભુવન ઊદ્યોત ॥ લ૦ ॥ તુમ સમ અવની તલે કોઈ ઊપમ, દીજીએં જેહની જ્યોત ॥ ગો૦ ॥ ૪ ॥

આપ અવર્ણ અરૂપ અભોગી, પણ દેખાવે બહુ રૂપ ॥ લ૦ ॥ દેહ વર્ણ સુરૂપ સોભાગી, પ્રણમત સુર નર ભૂપ ॥ ગો૦ ॥ ૫ ॥ જ્ઞાનવિમલ પ્રભુ પાસ પરમ નિધિ, વામા માત મલ્હાર ॥ લ૦ ॥ શ્રી અશ્વસેન નૃપવંશ વિભૂષણ, જય જય તું જગદાધાર ॥ ગો૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૦ મું ॥ સ્વાધ્યાય ધમાલ ॥ સમકિત વિણ કૈસેં પાઇએં હો, અહો મેરે લલનાં પરમાતમકો રૂપ ॥ સમ૦ ॥ મોહ કર્મરૂપી ગયો હો, જબ ઋતુસશિર મહંત ॥ સુખદાયી તબ પ્રગટિયો હો, સહજ સરૂપ વિલસંત ॥ ૨ ॥ સ૦ ॥ મિથ્યા દરિસણ શીતકી હો, વેદન વીતી દૂર ॥ લ૦ ॥ વરવિવેક સાયર વધ્યો હો, ઉપશમ દિન પામ્યો નૂર ॥ ૩ ॥ ॥ સમ૦ ॥ ઘટી જડતા રજ ગલે હો, દૃઢ કષાય હિંમરાશ ॥ લ૦ ॥ મોહ પંક સૂકો તપ્યો હો, જ્ઞાનદિનંદ પ્રકાશ ॥ ૪ ॥ સમ૦ ॥ ન્યાયશશી નિર્મલ ભયો હો, સુકૃત કુંદ સુખ હેત ॥ લા૦ ॥ સ્વપરકરૂણા ચંદ્રિકા હો, ભાવભવન કિયો શ્વેત ॥ ૫ ॥ સમ૦ ॥ દ્રવ્યસ્તવ વાયુ ફરહરયો હો, સંવર સરસ સુગંધ ॥ લ૦ ॥ અશુભ-

બંધન દલ ઝરી પરે હો, લગેં નવ દલ શુભ બંધ ॥ ॥ ૬ ॥ સમ૦ ॥ સુમતિ દાવાનલ જલે હો, કુમતિ મહાઝખ જાલ ॥ લ૦ ॥ ગઈ દુર્મતિ ધુંઅરી ભયે હો, ચમકે બાદલ બિસરાલ ॥ ૭ ॥ સ૦ ॥ શુભક્રિયા વન મોરીયાં હો, મોહોરચો જિનવર ગુણ અંબ ॥ લ૦ ॥ વિરતિકોયલ ગહગહે હો, હરખ્યો હે ભમરો લિબ ॥ ૮ ॥ સમ૦ ॥ દુર્બલ મમતા માલતી હો ફેલી સમતા વેલ ॥ લ૦॥ ઠોર ઠોર ઋતુરાજનો હો, રાજ ભયો હે રંગરેલ ॥ ૯ ॥ સ૦ ॥ પરમાતમ તબ મંડિયો હો, સંજમ હોરી ખેલ ॥ લ૦ ॥ રસિકલોક ધર્મી તિહાં હો, મિલ્લ આયે હે મન મેલ ॥ ૧૦ ॥ સ૦ ॥ ધર્મધ્યાન વાઘો બન્યો હો, ધારણા ભૂષણ માલ ॥ લ૦ ॥ સાધો શીલ સોહામણે હો, વૈરાગ રંગ ગુલાલ ॥ ૧૧ ॥ સ૦ ॥ ધર્મ કથા નવરસ ભરી હો, હાસ્યવિનોદ રસાલ ॥ લ૦ ॥ ગુરૂજિન દેખતે બોલિયેં હો, અપની નિંદારૂપ ગાલ ॥ ૧૨ ॥ સ૦ ॥ પિચકારી શુભવાસના હો, થિરતાકેશર પંક ॥ લ૦ ॥ ગુપ્ત પાપ આલોયણા હો, બોલત ભલા જેનિઃ શક ॥ ૧૩ ॥ સ૦ ॥ કરણ કારણ અનુમોદના હો, બાજત ડફ તલ તાલ ॥ લ૦ ॥ રાગ સંવેગ આલાપીયો

હો, સરસ સજ્જાય ધુમાર ॥ ૧૪ ॥ સ૦ ॥ નિયમ મર્યાદા વાવરી હો, વરનિયમાદિક તાન ॥ લ૦ ॥ સમજી રીજમેં દીજીયેં હો, ધર્મદેશનાકો દાન ॥ ૧૫ ॥ સ૦ ॥ ભાવના ઊજાણી બની હો, બહુવિધ તપ પકવાન ॥ લ૦ ॥ મધુર આગમ જલશીયલું હો, સુવચન નાગરવેલ પાન ॥ ૧૬ ॥ સમ૦ ॥ ક્ષપક શ્રેણી રચી હોલીકા હો, શુક્લધ્યાન હુતાશ ॥ લ૦ ॥ ઘાતી કર્મ કાઠ જાલતે હો, ભયો ભવતાપ વિનાશ ॥ ૧૭ ॥ સમ૦ ॥ યોગ નિરોધ સરોવરેં હો, પ્રકૃતિ પંચાશી ખેહ ॥ લ૦ ॥ નાઈ ધોઈ નિર્મલ ભયે હો, આયે અપને અપને ગેહ ॥ ૧૮ ॥ સ૦ ॥ જેહ વસંત ઐસો રમી હો, પામ્યા શિવપુર ઠામ ॥ લ૦ ॥ ઈંદ્રસૌભાગ્ય મુનિ તેહને હો, નિત્ય નિત્ય કરત પ્રણામ ॥ ૧૯ ॥ સ૦ ॥ ઇતિ સ્વાધ્યાય ધમાલ સંપૂર્ણ ॥

---

॥ પદ ૧૫૧ મું ॥ રાગ ધમાલ ॥ સકલ મંગલ કમલા કરૂ રે, ભયભંજન ભગવંત ॥ લલનાં ॥ અનુભવ ઊદય વસંતમાં હો, ભકત નવલ વરચિત્ત ॥ સુખકારી ॥ પાસ ગોડી ધણી હો ॥ અને હાં મેરે લલનાં, અશ્વસેન કુલચંદ, વામા કૂખેં દિન

મણિ ॥ ૧ ॥ સમકિત બાગ વિલાસમાં હો, આ-
તમ રામ રમંત ॥ લલનાં ॥ ઉપશમ જલ ખેડા
ખલે હો, ઝીલતા સવિ જિન સંત ॥ સુખ૦ ॥
પાસગોડી૦ ॥ ૨ ॥ પ્રભુગુણ સાર -ગુલાલથી હો,
ભાવના મૂઠ ભરાય ॥ લલનાં ॥ સુમતા સાહેલી
છાંટણે હો, અનહદ તાન ગવાય ॥ સુ૦ ॥ ગો૦
॥ ૩ ॥ આગમ અબિર ઉડાવતાં હો, સત્ય સુ
ગુરૂ સુગંધ ॥ લ૦ ॥ કેસરજ્ઞાન સુવાસના હો,
ધરતાં વાધે ઉમંગ ॥ સુ૦ ॥ ગો૦ ॥ ૪ ॥ પંડિ
તવીર્યજલ ઉચ્છલે હો, ભરે પિચકારી અપાર
॥ લ૦ ॥ ઉપશમરસ મોજરંગમાં હો, ભર રહે ભ
વિક ઉદાર ॥ સુ૦ ॥ ગો૦ ॥ ૫ ॥ જિનવાણી વર
માંદલા હો, ગર્જત ઘોર અવાજ ॥ લ૦ ॥ કરૂણા
વણારસી રાગથી હો, રીજે અંતર વરરાજ ॥ સુ૦ ॥
ગો૦ ॥ ૬ ॥ ધર્મધ્યાન હૂતાશનેં હો, દુરિત ઈં-
ધણ દીજેં ડારી ॥ લ૦ ॥ દુવિધાકી સબ છાર મ
ટી હે, ધ્યાન ગંગાજલ નાહી ॥ સુ૦ ॥ ગો૦ ॥૭॥
બોધ વિકાસ વિલાસમાં હો, ગુણસ્થાનક પગથા-
લ ॥ લ૦ ॥ અપૂર્વ કરૂણા મોલ ઝરૂખે, નિરખ
ત હોય ભવિ ન્યાલ ॥ સુ૦ ॥ ગો૦ ॥ ૮ ॥ એમ

આતમ પરમાતમા હો, ખેલે નિત્ય વસંત ॥ લ૦ ॥ મેઘવિજય મુનિ ભાણનો હો, ગુણગણ ભયે ગુણવંત ॥ સુ૦ ॥ ગો૦ ॥ ૯ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૨ મું ॥ રાગ હોરી ॥ અજિત નાથ ચરણ તોરે આયો ॥ આયો અ૦ ॥ તું મનમોહન નાથ હમારો, ત્રિભુવન જનકું સુખપ્યારો ॥ અરી અરી લાલા ત્રિ૦ ॥ તૃષ્ણા તાપ નિવારણ વારો, ભાવના ચંદનસેં અતિપ્યારો ॥ અજિત૦ ॥ ૧ ॥ માહા માહાંગ રકતંગ કરીરો, તસ ભેદનકું વજ્ર આટારો ॥ અ૦ ॥ ધ્રાંગધ્રરા પુરમાં મનોહારો, પ્રાસાદ બન્યો અતિસારો ॥ અ૦ ॥ ૨ ॥ સમતા રસ વરષિત ઘન ધારો, સમકિત બીજ ઊપાવત કયારો ॥ અ૦ ॥ દેવચંદ્ર ગુણિ ગુણ સંભારો, એહી અશરણ શરણતા ઊદારો ॥ અ૦॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૩ મું ॥ રાગ ધમાલ ॥ સલૂને સાહિબ આવેંગે મેરે આલીરી વિવેક કહો સાચ સલૂને ॥ મોસૂં સાચ કહો મેરીશું રે, સુખ પાયો કે નાંહિ ॥ લલનાં ॥ કાની કહા કહું ઉહીંકી રે, ડોલે ચતુર્ગતિમાંહી ॥ સ-

લૂ૦ ॥ ભલી ભઇ ઇત આવહીં હો, પંચમ ગતિકી પ્રીત॥લલનાં॥ સિદ્ધસિદ્ધ રસપાનકી હો, દેખે અપૂરવ રીતિ ॥સલૂ૦ ॥ ૨ ॥ વીર કહે એતી કહું હો, આયે- હે તુમ્હ પાસ ॥ લલનાં ॥ કહે સમતા પરિવારશું હો, હમ હે અડ ભવ દાસ ॥ સલૂ૦ ॥ ૩ ॥ સરધા સમતા ચેતના હો, ચેતન અનુભવ ચાહિં લલનાં ॥શકિત ફેર વે નિજ રૂપકી હો, લીને આનંદ ઘનમાંહી ॥ સલૂ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૪ મું ॥ રાગ કાફી ॥ આત્મ પ્રદેશ રંગ થલ અનુપમ, સમ્યક દરિશણ રંગરે ॥ નિજ સુખ કેસેં ધરીએં ॥ પરપરણિત ચિંતા તજી નિજ માં, જ્ઞાન સખીકે સંગ રે ॥ તું તોનિજ ગુણ ખેલે વસંતરે ॥ નિ૦ ॥ ૧ ॥ વાસ બરાસ સુરૂચિ કેસર ઘન, છાંટો પરમ પ્રમોદ રે ॥ નિજ૦ ॥ આ- ત્મરમણ ગુલાલકી લાલી, સાધક શકિત વિનોદ રે ॥ નિ૦ ॥ ૨ ॥ ગ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે ॥ નિ૦ ॥ રીજ એકત્વતા તાનમાં વા- જે, વાજિત્ર સન્મુખ જોગ રે ॥ નિ૦॥ ૩ ॥ શુકલ ધ્યા- ન હોરીકી જારા, જારે કર્મ કઠોર રે ॥ નિ૦ ॥શેષ પ્રકૃતિ

દલ ખરણ નિર્જરા, ભસ્મ ખેલે અતિ જોર રે ॥ નિ૦ ॥ ૪ ॥ દેવ માહાજસ ગુણ અવિલંબન, નિર્ભય પરણીત વ્યક્ત રે ॥ નિ૦ ॥ જ્ઞાનેં ધ્યાનેં અતિ બહુ માને, સાધે મુનિ નિજ શક્ત રે ॥ નિ૦ ॥ ૫ ॥ અકલ અજોગી અલેશી અસંગતા, નાંહીંધોઈ હોય સિદ્ધ રે ॥ નિ૦ ॥ દેવચંદ્ર આણામાં ખેલે, ઊત્તમ એમ પ્રસિદ્ધ રે ॥ નિ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૫ મું ॥ રાગ ધમાલ ॥ સમુદ્ર વિજયસુતકોબલ દેખત હો ભભક્યો નંદ કુમાર ॥ બલિભદ્રકું પૂછત કહો ભૈયા, કીજેં કવણ પ્રકાર ॥ ૧ ॥ ખેલે નેમ કન્હૈયા સંગ હોરી હો ॥ અહો મેરે લલનાં, જગજીવનકું સુખ દેત હો ॥ એ આંકણી ॥ હલધર કહત સુનો ભૈયા ભૂધર, કરહોં નેમકો બ્યાહ ॥ ઓર કછુ મોહે સુજ પરત નહિં, આયો બસંતકો લાહ ॥ ૨ ॥ ખે૦ ॥ અ૦ ॥ રૂણકે હો રંગ મૃદંગ સખીરી, ઝણકે હો તાલ કંસાલ ॥ રમઝમ ધુમકત ચંગ સુરંગે, ઊડત અબીર ગુલાલ ॥ ૩ ॥ ખે૦ ॥ અ૦ ॥ હરિ હઠ કરી નંદન ઢૂંઢત તરૂ, લીનો હો પ્રભુકું સાથ ॥ ઇતિ ઊત સબ યદુકુમર મિલે હો, ખેલત ત્રિજગકે નાથ ॥ ૪ ॥ ખે૦ ॥ અ૦ ॥ જ-

દુરાયનકી ટોરી નીકસી, અપછર નાચ નચાય ॥ સુધ-
મેં સબ મગનભયે હે, સુરીંદ ચમર ઢરાય ॥ ૫ ॥ ખે૦
॥ અ૦ ॥ અમર પુરીસી હો નયરી દ્વારિકાં, નંદનવન
શો બાગ ॥ અપ્સરાસી સબ ગ્વાલિની મિલકેં, ખેલત
હોરી ફાગ ॥ ૬ ॥ ખે૦ ॥ અ૦ ॥ એકત્ર ભઈ ગ્વાલન-
કી ટોરી, એકત્ર નેમકુમાર ॥ કનક પિચરકીકે કેસર
જલમેં, મગન ભઈ સબ ગ્વાર ॥ ૭ ॥ ખે૦ ॥ અ૦ ॥
મુસકી મુસકી શશિવદની છિરકત, પકર
રહી ગરે બાથ ॥ દેવર દ્યો હો મંગાયકે ફગુ-
વા, આયે હો ગોપીયનકે હાથ ॥ ૮ ॥ ખે૦ ॥
અ૦ ॥ બ્યાહ કરો દેવર મનમોહન, હસશે હો દુરિજન
લોક ॥ લરકે હો લરકે જદુ લર કરમેં, આયો વનમેં
કહા જોગ ॥ ૧૦ ॥ ખે૦ ॥ અ૦ ॥ સહસ બત્તીસ
હમ હોત કન્હૈયા, એકકો કાહા નીર્વાહ ॥ યા સુની પ્રભુ
ટુક મુસક રહે હે, હો હો હો માની લીયો બ્યાહ ॥
૧૧ ॥ ખે૦ ॥ અ૦ ॥ હરખ્યો હો નંદરાયકો ટોટો, માં-
ગત ભોજ કુમાર ॥ જદુરાયનકી જાન જૂરત હે,
આયે ઊગ્રસેનદ્વાર ॥ ૧૨ ॥ ખે૦ ॥ અ૦ ॥ રાજુલ
રાજમહેલ ચઢિ નિરખત, હયવર ગયવર કોડિ ॥ ચ-
મર ઢોરંતાં અપનો પિયુ નિરખત, ચકિત થઈ નયનાં

જોડ ॥ ૧૩ ॥ ખે૦ ॥ અ૦ ॥ દેખત વાર ચલેહી પ્રભુજી, પલકમેં તોડ્યો પ્રેમ ॥ અહો પશુઅનકે બંધ છોરાવન, હા હા મોસું કહા કીની નેમ ॥ ૧૪ ॥ ખે૦ ॥ અ૦ ॥ પશુઅનકે બંધ છોરી ચલે પિયા, રાજુલ રોવત ઠાર ॥ આનંદવર્દ્ધન પ્રભુ સહજ સલૂને, કીનો મુગતિશું પ્યાર ॥ ૧૫ ॥ ખે૦ ॥ અ૦ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૬ મું ॥ રાગ ધમાલ ॥ ખેલ ખેલે ચેતન વસંત હોરી હો ॥ અહો મેરે લલનાં, સુમતિ સુંદરી નારીકે સંગ ॥ ખે૦ ॥ સહજ વસંત વરસ વસ્યો હે, ફૂલે નિજગુણ ફૂલ ॥ લલનાં ॥ વિરતિ સુમહેકે વાસના હો, અનુભવ વાડી માંહી અમૂલ ॥ ૧ ॥ ખે૦ ॥ ચારિત્ર ચાંપા ફૂલશે હો, અનંગ અલિ રહે દૂર ॥ લલનાં ॥ ક્રિયા કેડે લાગી રહી હો, હેમત રાણી રહી હજૂર ॥ ૨ ॥ ખે૦ ॥ મૂલ ગુણ ઓપ્યો મોઘરો હો, પંચ સમિતિ પારીજાત ॥ લલનાં ॥ સંતાન સંજમ શોભતો હો, વિનય કેશૂ વિખ્યાત ॥ ૩ ॥ ખે૦ ॥ ત્રણ ગુપ્તિ ત્રિવેણી તટેં હો, જાસૂ ફૂલી જાય ॥ લલનાં ॥ સંવેગ રંગેં કરી રમે હો, રંગભીનો રસિયો આતમ

રાય ॥ ૪ ॥ ખે૦ ॥ ભાવના બાર ભેદેં વલી હો, ઉડે અબિર ગુલાલ ॥ લલનાં ॥ દયાડફ વાજે તિહાં હો, લીનતામેં આતમ ભયે લાલ ॥ ૫ ॥ ખે૦ ॥ ઐસો ખેલ મચાયકે હો, સુંદર મેલી ઠાઠ ॥ લલનાં ॥ ધ્યાનકી હોરીમાં પડે હો, આઠુહી કર્મકે કાઠ ॥ ૬ ॥ ખે૦ ॥ મોહકી રજ ઉડાયકે હો, સુરતિ મંડલ પાસ ॥ લ૦ ॥ નિરખત સમતા નીરસેં હો, નાહી પ્રમોદ પાયો ખાસ ॥ ૭ ॥ ખે૦ ॥

---

॥ પદ ૧૫૭ મું ॥ નરભવ લાહો લીજેં રે ઐસો ફાગ રમીજેં ॥ જ્ઞાન ગુલાલ સંતોષ અરગજા, સંયમ કેશર કીજેં રે ॥ ઐસો૦ ॥ નરભવ લાહો લીજેં રે ॥ ઐ૦ ॥ ૧ ॥ સુનય નીર દયા મલી ચંદન, ધ્યાન અમૃત રસ પીજેં રે ॥ ઐસો૦ ॥ તપ જપ સંયમ કુંકુમ ઘોલી, ક્રોધાદિ વશ કીજેં રે ॥ ઐ૦ ॥ ૨ ॥ સમતા રસસેં ભરી પિચકારી, પાર્શ્વ પ્રભુશું રમીજેં રે ॥ ઐ૦ ॥ ચતુર કુશલ કહે યહવિધ ખેલો, અરિહંત ધ્યાન ધરીજેં રે ॥ ઐ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૫૮ મું ॥ જય જય હો સ્વામિ જૈનરાય, મન ભયો તેરો દરિશન પાય ॥ તુમ હો જગનાયક જગત ભાન, સુવિકાશ કરન કરૂણા નિધાન ॥ જય૦ ॥ ૧ ॥ તુમ ભવસિંધુ તારણ પોત, તુમ પરમ સ્વરૂપી પરમ જયોત ॥ જય૦ ॥ તુમ કરત સુર અસુર સેવ, તુમ હો ત્રિભુન દેવાધિદેવ ॥ જય૦ ॥ ૨ ॥ તુમ દયાવંત ઋદય સરોજ ધાર, ભયે જીવ મુકત સંસાર પાર ॥ જન૦ ॥ ઐસે ફલવિધિ પુરેં આદિનાથ, કવિ રૂપ કહત મોહે કરો સનાથ ॥ જ૦ ॥ ૩ ॥ઇતિ ॥

---

॥ પદ ૧૫૯ મું ॥ ઇણવિધ ખેલીયેં હોરી, અમરા પદ પાયો ॥ ઇ૦ ॥ ક્ષમા સંતોષગુણ હૃદય બિચારો, પ્રેમ પીયો રસ ઘોરી ॥ અમરા૦ ॥ પાંચે ઇંદ્રિય વશ કરી આતમ, શીયલ પાલો શરીરી ॥ અ૦ ॥ ઇ૦ ॥ ૧ ॥ દાન શીયલ તપ ભાવ વિચારો, ક્રોધ કષાયકું તોડી ॥ અ૦ ॥ તપ જપ સંજમશું મન રાચો, જ્ઞાનધર્મકી જોરી ॥ અ૦ ॥ ઇ૦ ॥ ૨ ॥ બારે ભાવના આપ વિચારો, મદનાદિકકોં છોરી ॥ અ૦ ॥ આનંદ લાલકી પ્રભુશું અરજી, પામું સેવા તોરી ॥ અ૦ ॥ ઇ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

॥ પદ ૧૬૦ મું ॥ રાગ ધમાલ ॥ ચિદાનંદઘન પરમ નિરંજન, જનમન રંજન દેવ ॥ લલના ॥ વામા નંદ જિનપતી થુણીએં, સુરપતી જસ કરે સેવ ॥ મનમોહન જિનજી ભેટીએં હો ॥ એ આંકણી ॥ ૧ ॥ જાય જૂઇ ચંપક કેતકી, દમણો ને મચકુંદ ॥ લલના ॥ કુંદઇંહુ રૂચિ સુંદર જોટી, પૂજીએં પાસજિણંદ ॥ મન૦ ॥ ૨ ॥ કેસર ઘોળી ઘસી ઘન ચંદન, આનંદ ઘન સાર ॥ લલના ॥ પ્રભુકી પૂજા કરો મન રંગેં, પાઇયેં પુણ્ય સફાર ॥ મન૦ ॥ ૩ ॥ અંગે ચંગી આંગી બનાવી, અલંકાર અતિ સાર ॥ લલના ॥ દ્રવ્યસ્તવ વિધિ પૂરણ વિરચી, ભાવિએં ભાવ ઉદાર ॥ મન૦ ॥ ૪ ॥ પરમાતમ પૂરણ ગુણ પ્રત્યક્ષ, પુરૂષોત્તમ પરધાન ॥ લલના ॥ પ્રગટ ભાવ પ્રભાવતી વલ્લભ, તું જયો સુગુણ નિધાન ॥ મન૦ ॥ ૫ ॥ જો તુઝ ભક્તિ મોરી મુઝ મન, વન વિચરે અતિચિત્ત ॥ લલના ॥ દુરિત ભુજંગમ બંધન ત્રૂટે, તો સઘળો જગમિત્ત ॥ મન૦ ॥ ૬ ॥ તુઝ આણા શિર વેલી મુઝ મન, નંદનવન જિહાં રૂઢ ॥ લલના ॥ કુમતી કદાગ્રહ કંટક શાખા, સંભવે નહીં તિહાં ગૂઢ ॥ મન૦ ॥ ૭ ॥ ભક્તિ રંગ તુઝ આણારાધન, દોય ચક્ર સંચાર ॥ લલના ॥ સહસ અઢાર

અંગ રથ ચાલે, વિઘન રહિત શિવ ધાર ॥ મન૦ ॥૮ ॥ ગુરૂ ઉપદેશેં જો મુઝ લાગ્યો, તુઝ શાસનમાં લીન ॥ લલના ॥ મહાનંદ પદ ખેંચ લહેગો, જ્યું અલી કુસુમ પરાગ ॥ મન૦ ॥ ૯ ॥ બાહિર મન નિકસન નહી ચાહત, તુઝ શાસનમાં લીન ॥ લલના ॥ ઉમગ નિમગ કરી નિજ પદ રહેવે, જ્યું જલનિધિ જળ મીન ॥ મન૦ ॥ ૧૦ ॥ ઓરનકી ગણતી નપાવું, જો તું સાહીબ એક ॥ લલના ॥ ફૂલ વાસના દૃઢ નિજ મનકી, જ્યું અવિચલ પદટેક ॥ મન૦ ॥ ૧૧ ॥ મુજ તુજ શાસન અનુભવકો રસ, કયુંકરી જાણે લોગ ॥ લલના ॥ અપરિણીત કન્યા નવી જાણે, જ્યું સુખ દૈત સંજોગ ॥ મન૦ ॥ ૧૨ ॥ તું સાહિબ હું સેવક તોરો, એ વ્યવહાર વિભાગ ॥ લલના ॥ નિશ્ચયનય મત દોનું વિચ્ચે, હે નહીં ભેદકો લાગ ॥ મ૦ ॥ ૧૩ ॥ મન વચનાદિક પુદ્ગળ ન્યારો, ન્યારો સકળ વિભાગ ॥ લલના ॥ શુધ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ઘટના, તુઝ સમ શુધ્ધ સ્વભાવ ॥ મન૦ ॥ ૧૪ ॥ તું ઘટ અંતર પ્રગટ વિરાજે, જ્યું નિર્મલ મણીકંત ॥ લલના ॥ બાહીર ઢૂંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ મૃગ ભ્રાંત ॥ મન૦ ॥ ૧૫ ॥ ગુણઠાણાદિક ભાવેં મિશ્રિત, સબ માંહે તુઝ અંશ ॥

લલના ॥ ખીરનીર જિમ ભિન્ન કરત હે, ઉજ્જવ-ળ અનુભવ હંસ ॥ મન૦ ॥ ૧૬ ॥ આતમ જ્ઞા-ન દશા જબ લાગી, વૈરાગી તુઝ જ્ઞાન ॥ લલના ॥ સો પાવે જું રત્ન પરીક્ષા, પેખત રત્ન પ્રધાન ॥ મન૦ ॥ ૧૭ ॥ પુણ્ય પ્રકૃતિ દેવનકો કારણ, મૂઢ લહે નહીં ધર્મ ॥ લલના ॥ જું પીરો કોઈ અંધ ન માને, લહત ન અંતર મર્મ ॥ મન૦ ॥ ૧૮ ॥ ગંધ રૂપ રસ ફરસ વિવર્જન, ન ધરે તિહાં સંઠાણ ॥ લલના ॥ અણઅવતાર અશરીર અવે-દી, તું પ્રભુ શુદ્ધ પ્રમાણ ॥ મન૦ ॥ ૧૯ ॥ કે-વળજ્ઞાન દસા અવલોકે, લોકાલોક પ્રમાણ ॥ લ લના ॥ દરસન વીર્ય ચરણ ગુણધારી, સો સેવ-ત સબ અહીઠાણ ॥ મન૦ ॥ ૨૦ ॥ સત્તા શુદ્ધ અરૂપી તોરી, નહીં જગકો વ્યવહાર ॥ લલના ॥ કહા કહું કછુ કહત ન આવે, તું પ્રભુ અલખ અ-પાર ॥ મન૦ ॥ ૨૧ ॥ દીપ ચંદ્ર રવિ ગ્રહગ-ણ કેરો, જિહાં પસરત નહીં તેજ ॥ લલના ॥ તિ-હાં એક તુઝ ધામ બિરાજે, નિર્મલ ચેતન સેજ ॥ મન૦ ॥ ૨૨ ॥ આદી સહિત અજરામર નિર્ભય, વ્યા-પક એક અનંત ॥ લલના ॥ શુદ્ધ પ્રકૃતિ અક

યાયી અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત ॥ મન૦ ॥ ૨૩ ॥ તું માતા તું તાતા ભ્રાતા, પીતા બંધુ મિત્ત ॥ લલના ॥ શરણ તુંહી તુજ સેવા કીજે, દ્રઢ કરી તનુ વચ ચિત્ત ॥ મન૦ ॥ ૨૪ ॥ પાસ આસ પૂરો અબ મોરી, અરજ એક અવધાર ॥ લલના ॥ શ્રીનયવિજય વિબુધ પય સેવક, જસ કહે ભવજળ તાર ॥ મન૦ ॥ ૨૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૬૧મું ॥ રાગવસંત ॥ અચરજ એક નજર ગત આયો, જ્ઞાની ગુરૂ બતલાયોએ ॥ ટેક ॥ ત્રિભુવન મેં એક બાલ કુમારી, બિરૂદ સતિ કહલાયો એ ॥ અ૦ ॥ ૧ ॥ બિન ઘરમાં ઇગ પલમેં નિપને, નંદન તિન સુખદાયી એ ॥ રૂપ અનૂપા ચાર દીકરી, તે પિન યોગન જાઇ એ ॥ અ૦ ॥ ૨ ॥ જેહ જનક તે વલ્લભ તેહના, માત વિના જગ જાયા એ ॥ તે કથા ચિદાનંદે પરની, યોગી ભાવ રમાયા એ ॥ અ૦ ॥ ૩ ॥ સેજે દોઊ અનુભવરંગેં, અહનિશિ પ્રેમ લગાયા એ ॥ નિધિ સંયમ જ્ઞાનાનંદયોગી, ગુરૂ કિરિયા દરસાયા એ ॥ અ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

પદ ૧૬૨ મું ॥ રાગ વસંત ॥ વિવિધ તૂર ધુનિ નભમંડલગત, જ્ઞાની મુનિ દિખલાયા એ ॥ ટેક ॥ ચઊવિહ ઘનશુષિર તત વિતત, ઘોર સરેં સંભલાયા એ ॥ વિ૦ ॥ ૧ ॥ ચંદ સૂરજ પરકાસ સુભાવેં, યોગી સાધન સાધના એ ॥ અનુભવ તત્ત્વ સુજ્ઞાન ખુમારી, કબહુ ન ઊતરે આરાધના એ ॥ વિ૦ ॥ ૨ ॥ તૂરનહિં પન તૂરધ્વનિ સુન, નવ નિધિ સહજ નિપાયા એ ॥ સંયમ જ્ઞાનાનંદ લહે તવ, નાચૈ હસૈ હરખાયા એ ॥ વિ૦ ॥ ૩ ॥

---

પદ ૧૬૩ મું ॥ રાગ હોરી ॥ હોરી ખેલે કાનઇયા ॥ મેરો અબ કેસેં નિકસન હોય દઇયાં ॥ એ ચાલ ॥ હોરી ખેલે વાલમિયા, મેરો અબ કેસેં જાવનો હોય દઇયાં ॥ હો૦ ॥ ટેક ॥ પંચ મહાવ્રત વાઘા પહેરી, શીલ વિભૂખન લે સઇયાં ॥ જ્ઞાન ગુલાલ અબીર ઊડાઈ, કુમકુમ શાંતિ ભરે સઇયાં ॥ હો૦ ॥ ૧ ॥ સંયમ રંગ સુરંગ ભરીને, પિચકારી આગમ લે સઇયાં ॥ સમતા સાથેં સુમતિ ગુપ્તિ સખી, હોરી ખેલે તાથૈઇયાં ॥ હો૦ ॥ ૨ ॥ ભ શુમસકિત પકવાનનું ભોજન, ચેતન હરખ ધ

રે સઇયાં ॥ નિધિ ચારિત યુત જ્ઞાનાનંદેં, નિજ ગુન હોરી વરે સઇયાં ॥ હો૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

પદ ૧૬૪ મું ॥ રાગ કાફી ॥ મતલબિયો જગ જન દેખો, કોઈ ઊપગારી નહિં પેખો ॥ મ૦ ॥ ટેક ॥ દુનિયાં પટુતર સ્વારથકી, પાછન પૂછે પરમારથકી ॥ મ૦ ॥ ૧ ॥ ગત યૌવન નિઃસ્નેહી, તરૂણી, પણ વિષયી નરેહી ॥ ભોજન પાછે નહિં ભાવે, અમૃત પણ કાંજી કુણ ખાવે ॥ મ૦ ॥ ૨ ॥ એહ વિચારેં મુનિ સમજે, પર ઊપગારકગુન બૂજે ॥ અનુપમ નિધિ ચારિત પાવો, જિમ નિર્મલ જ્ઞાનાનંદ ભાવો ॥ મ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૬૫ મું ॥ રાગ હોરી ॥ હાંરે તુંતો જિન ભજ વિલંબ ન કર હો, હોરીકે ખેલઇયા ॥ હાં૦ ॥ એ આંકણી ॥ સમતા લહેર સયંમમાં જીલી, મમતા લહેર પરિહર હો ॥ હો૦ ॥ ૧ ॥ વિનય સંભારી મેં ભરિ પિચકારી, હાંરે તુંતો શિવરમણીકું વર હો ॥ હો૦ ॥ જ્ઞાન ગુલાલ ભરી તિહાં જોરી, હાંરે તુંતો ખેલ વસંત ઘર ઘર હો ॥ હો૦ ॥ ૨ ॥

શીલ સુગંધ આભૂષણ અંગેં, હાંરે તુંતો આતમ અનુભવ વર હો ॥ હો૦ ॥ જ્ઞાન વિજ્ઞાન ફૂલી ફૂલ વારી, હાંરે તુંતો ગુંજત મનમધુકર હો ॥ હો૦ ॥ ૩ ॥ વામાનંદન પાસ જિનેસર, હાંરે તું-તો જગનાયક જગ ગુર હો ॥ હો૦ ॥ શ્રીજિનલા-ભ કહે પ્રભુ સંગે, હાંરે તુંતો સમતારસ પદ અ-નુસર હો ॥ હો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૬૬ મું ॥ રાગ કાફી ॥ જઇ કહે-જો હો જઈ કહેજો હો માહરા નેમ નાવલીયાનેં જઇ કહેજો, મહારા વારૂ વાલમીયાને જઇ કેહેજો, મ-હારા મીઠડા હો સ્વામી ॥ એણી ઋતેં ઘરેં વહે લા આવજો ॥ જઇ કે૦ ॥ ૧ ॥ હાંરે વાહાલા અ-વર ઋતેં વિરહો દમે રે, વસંતે રે વસંતે હો રે વસંતે એહથી વિશેષ ॥ એ૦ ॥ કેસરીયા હો કે-સરીયા ॥ મારા૦ ॥ એ૦ ॥ હાંરે વાલા મધુકર ગું-જે મદ ભરયો, અંબ અંબે અંબ અંબે હો અં-બ અંબે પાકી દાડિમ દ્રાખ ॥ એ૦ ॥ ૨ ॥ હાંરે વાલા વન વન બોલે કોકિલા, પગપગેં પગપગેં હો પગપગેં ફૂલ્યા બહુ ફૂલ ॥ એ૦ ॥ હાંરે વા-

લા સુરભી પવન સુસ્તો વસે, સુખનાં સુખનાં હો સુખનાં પ્રગટચાં એહ સૂલ ॥ એ૦ ॥ ૩ ॥ હાંરે વાલા ગિરિવરે વનરાજી ભજે, સરોવરે સરોવરે હો સરોવરે ફૂલ્યા કમલના છોડ ॥ એ૦ ॥ હાંરે વાલા ઘરે ઘરે ફાગ ખેલે ઘણા, કામિની કામિની હો કામિની પોહોંચે મનના કોડ ॥ એ૦ ॥ ૪ ॥ હાંરે વાલા અબીર ગુલાલ ઉડે બહુ, રંગભીની રંગભીની હો રંગભીની નરહે હો નાર ॥ એ૦ ॥ હાંરે વાલા જલ પિચકારી જોરમાં, તિહાં છટકે તિહાં છટકે હો તિહાં છટકે કરી મનોહાર ॥ એ૦ ॥ ૫ ॥ હાંરે વાલા નારિ ત્યજી ગિરનારમાં, લીલાશું લીલાશું હો લીલાશું રહ્યો રે લોભાય ॥ હાંરે વાલા ઊદય વદે રાજીમતી, એમ સંદેશે એમ સંદેશે હો એમ સંદેશે દીયારે પડાય ॥ એણી૦ ॥ ૬ ॥

---

॥ પદ ૧૬૭ મું ॥ રાગ હોરી ॥ ચાલો જિનમંદિર ખેલીયે હોરીયાં રે, ચાલો જિન૦ ॥ સુમતિનાથ જિનવરજીકે આગેં, આઠોહીં દ્રવ્ય ચહોરિયાં રે ॥ ચાલો૦ ॥ તા થેઇ નૃત્ય કરત નરનારી, લલી લલી લાગત મરોરીયાં રે ॥ ચા૦ ॥ ૧ ॥ કેશર

કી પિચકારી ભરકે, અબીર લીયે ભર જોરીયાં રે ॥ ચા૦॥ લાલ ગુલાલકી થાલ ભરાવો, ખેલો સખી મલી ટોરીયાં રે ॥ ચા૦ ॥ ૨ ॥ તાલ કંસાલ વીણા વલી વાજે, ખેલે ચિદાનંદ હોરીયાં રે ॥ ચા૦ ॥ સુર નર ભૂપ સબે ચિત્ત હરષિત, નમત દોય કર જોરીયાં રે ॥ ચા૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૬૮ મું ॥ રાગ હોરી ॥ તુંતો પાઠકપદ મન ધર હો, રંગીલે જીઊરા ॥ તું૦ ॥ રાય રાંક જસુ નિકટે આવે, પણ જસ નહી નિજ પર હો ॥ રં૦ ॥ ૧ ॥ સારણાદિક ગચ્છમાંહે કરતાં, પણ રમતા નિજ ઘર હો ॥ રં૦ ॥ દ્વાદશાંગ અભ્યાસ કરણકું, જે નિશદિન તતપર હો ॥ રં૦ ॥ ૨ ॥ એ ઊવજ્ઝાય નિર્યામક પામે, તુંતો ભવ સાયર સુખેં તર હો ॥ રં૦ ॥ ૩ ॥ જે પરવાદી મત ગજ કેરો, ન ધરે હરિપરેં ડર હો ॥ રં૦ ॥ ઊત્તમ ગુરૂ પદપદ્મ સેવનથી, પકડે શિવવધૂ કર હો ॥ રં૦ ॥ ૪ ॥

---

॥ પદ ૧૬૯ મું ॥ રાગ હોરી ॥ તુંતો પ્રભુ ભજ વિલંબન કર હો, હોરીકે ખેલઇયા ॥ તું૦ ॥ સ

મતા લહેર સુજલ માંહે જાૂલી, તુંતો મમતા મે
લ પરિહર હો ॥ હો૦ ॥ ૧ ॥ વિનય સંભારી ભ
ર પિચકારી, તુંતો શિવરામાને વર હો ॥ હો૦ ॥
આગમ લાલ ગુલાલ ભરી જોરી, હાંરે તુંતો આ
તમ અનુભવ ભર હો ॥ હો૦ ॥ ૨ ॥ જ્ઞાન
વિજ્ઞાન ફૂલી ફૂલવારી, હાંરે તુંતો ગુંજત મન
મધુકર હો ॥ હો૦ ॥ શ્રીજિનલાભ કહે પ્રભુ સં
ગેં, હાંરે તુંતો અનોપમભવનિસ્તર હો ॥ હો૦ ॥ ૩ ॥

---

॥ પદ ૧૭૦ મું ॥ રાગ હોરી ॥ મેરે પ્ર
ભુજીકે આગેં ગુમાન કિસ્યો, માન ગુમાનકી ઔ
ર દોર ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ જો તુમ ભક્તિ
યુક્તિ ચાહત હો, તો રાય રંક સબ તૈસો ॥ મા
ન૦ ॥ મેરે૦ ॥ ૧ ॥ ભૂતલ આએ કેઈ ભવિક
જન, સ્વર્ગથેં આએ ઇંદ ॥ બાર પરખદા બિ
ચમેં બૈઠે, માત વામાજીકે નંદ ॥ મે૦ ॥ ૨ ॥
ઉતથેં ગણધર મુનિવર બૈઠે, ઉતથેં કેવલી વૃં-
દ ॥ સકલ સુરાસુર વિવિધ પ્રકારેં, નાટક કરે
નવ છંદ ॥ મે૦ ॥ ૩ ॥ ભામંડલ શોભિત સિં
હાસન, જાણે મેરૂ ગિરંદ ॥ તેજ પ્રતાપ જસ કાં-

તિ બિરાજે, ગ્રહગણ સૂરજ ચંદ ॥ મે૦ ॥ ૪ ॥ દેશના નિસુણી કેઇ ભવિક જન, કાટે કર્મકે ફંદ ॥ ક્ષીણ મોહકી નિદ્રા દેખી, ટાલે વૈર ને દંડ ॥ મે૦ ॥ ૫ ॥ મન અલી લીન રહ્યો ગુન રાગી, પ્રભુ તુમ પદ અરવિંદ ॥ જ્ઞાન વિમલ પ્રભુ ચરણ પસાયેં, પામ્યો પરમાનંદ ॥ મે૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૭૧ મું ॥ ખ્યાલ ॥ માલણ જારે બસો ફૂલ બાગનમેં, ઋતુ આઈ બસંત ફૂલી ફાગનમેં ॥ મા૦ ॥ ૧ ॥ લાલ ગુલાલ જાસૂલ સેવંત્રો, કેતકી મોગર મરવો ॥ કાચી કલી ન તોડીશ માલણ, પુણ્યભંડારો ભરવો ॥ મા૦ ॥ ૨ ॥ ગરબંદીનો ગજરો ગુંથી, લાવત મુજરો માનું ॥ ભાવ સહિત મ્હારા પ્રભુનેં ચડાવું, જ્ઞાનીથી નથી કાંહી છાનું ॥ મા૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૭૨ મું ॥ હોરી ॥ રંગ મચ્યો જિન દ્વાર ॥ એ દેશી ॥

॥ મેલ મલ્યો મન માન્યો, મનમોહન સાથેં ॥ મે૦॥ એ આંકણી ॥ મન તનનો મેલો કરી લીજેં, મિ-

ત્રા નદી પૂરે ॥ મન૦ ॥ કોણ જાણે કાલે એણી વેલા, મેલા હોશે કેણી કોરે ॥ મ૦ ॥ ૧ ॥ આ સંસારે બહુલા મેલા, મલિઆ ઠોર કઠોરે ॥ માત પિતા સુત અર્થે વિલુદ્ધા, કામનીઓ કર જોરે ॥ મ૦ ॥ ૨ ॥ મેલા ખેલા નાટક શાલા, ગીત વિનોદશું નૂરે ॥ બલિયા પણ કલિયાત મનોરથ, ચલિયા છોડ અધૂરે ॥ મ૦ ॥ ૩ ॥ છેલ છબીલા મોહે છલિયા, ગલિયા જેમ ધતૂરે ॥ પૂર્ણાનંદી કબહું ન મલિયા, મલિયા દર્શન દૂરે ॥ મ૦ ॥ ૪ ॥ નયન છતે પણ નહી અટકલિયા, જો તમેં કૌસક જૂરે ॥ સદ્‌ગુરૂ અજિત નેત્રવિમલેતા, પૂર્ણાનંદ હજૂરે ॥ મ૦ ॥ ૫ ॥ જાણે જગદીશ્વર જિનરાયાં, સિદ્ધાચલ દરબારેં, મોક્ષમહેલ ચઢવા નીસરણી સંકટ કષ્ટ નિવારે ॥ મ૦ ॥ ૬ ॥ આદીશ્વર અલબેલે સાહેબ, સાસય ગિરિ સિણગારે ॥ નારક ચારક વારક તારક, પારગ પાર ઊતારે ॥ મ૦ ॥ ૭ ॥ મહોટાશું મન મેલ મેલવતાં, ચિંતા જાલ પ્રજાલે ॥ મ૦ ॥ અઠ્ઠાણું સુત જેમ સુખ પામ્યા, મહોટા માન વધારે ॥ મ૦ ॥ ૮ ॥ મન તન મેલી ખેલત હોરી, બાજત મંગલ તૂરે ॥ શ્રીશુભવીર સદા સુખ લીલા, જ્ઞાનદશા ભરપૂરે ॥ મ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

॥ પદ ૧૭૩ મું ॥ રાગ હોરી ॥ યાબિધ ખેલી યેં હોરીરે, મન સમજો મોરા ॥ યા૦ ॥ દાન અબીર સંતોષ અરગજા, સમતા કેશર ઘોરી રે ॥ મન સમજો૦ ॥ યા૦ ॥ ૧ ॥ દાન શીયલ તપ ભાવ ગુલાલેં, સમકેતકી ભરી જોરી રે ॥ મન૦ ॥ ૨ ॥ પંચ મહાવ્રત ચંદન છાંટે, પાંચોકી મલી ટોલી રે ॥ મન૦ ॥ ૩ ॥ સાર મૃદુતા મૃદંગ બજાવો, સંયમ તાલ બજોરી રે ॥ મ૦ ॥ ૪ ॥ એવિધ ભાવ ધરી જિનસેંતી, મુક્તિ ફાગ રચો રી ॥ મ૦ ॥ ૫ ॥ ચતુરકુશલ કહે યાવિધ માનવ, અરિહંત ધ્યાન મચોરી રે ॥ મ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૭૪ મું ॥ રાગ વસંત ॥ એ ઋતુ રૂડી રૂડી મહારા વાલા, રૂડો માસ વસંત ॥ રૂડો સમકેત કેશૂ ફૂલ્યો, ગુંજત મધુકર સંત ॥ મહારા વાહાલા ॥ એ ઋતુ૦ ॥ ૧ ॥ સંવેગ રંગ પખાબજ બાજે, દુવિધ દયાકર તાલ ॥ મા૦ ॥ ઊપશમ ભર પિચકારી ડારી, ભવ નિરવેદ ગુલાલ ॥ મા૦ ॥ એ૦ ॥ ૨ ॥ આસ્તિક આપ સુબાગમેં બૈઠે, ખેલત ખેલ રસાલ ॥ મા૦ ॥ જ્ઞાન ઊદ્યોત પ્રભુ

ફગવા માગત, દીજેં શાંતિ કૃપાલ ॥ મા૦ ॥ એ૦ ॥ ૩ ॥

---

॥ પદ ૧૭૫ મું ॥ રાગ હોરી ॥ સામરો સુખદાઈ, જાકી છબી બરની ન જાઈ ॥ સામ૦ ॥ શ્રીઅશ્વસેન વામા નંદકી, કીરતિ ત્રિભુવન છાઇ ॥ હાંરે હાંરે લાલા કિરતિ૦ ॥ સમેત શિખર ગિરિમંડણ પ્રભુકો, દેખી દરિશન હરખાઇ ॥ હૃદય મેરો અતિ ઊલ્લસાઇ ॥ સા૦ ॥ ૧ ॥ આજ અમારે સુરતરૂ પ્રગટચો, આજ આનંદ વધાઇ ॥ અરિ૦ ॥ તીન લોકકો નાથ મેં નિરખ્યો, પ્રગટી પૂરવ પુણ્યાઇ, સફલ મેરો જન્મ કરાઈ ॥ સા૦ ॥ ૨ ॥ પ્રભુકો દરસ સેવા બિન પાયે, ભવ ભવ ભટકયો મેં ભાઇ ॥ અરિ૦ ॥ અબ પ્રભુ ચરણેં ચિત્ત લાગ્યો, બાલ કહે ગુણગાઈ ॥ પ્રભુસેં લગન લગાઈ ॥ સા૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૭૬ મું ॥ રાગ કાફી ॥ શામરેસેં કહીયો મોરી ॥ મોરી૦ ॥ તોરણ આયે ચલે રથ ફેરી, કાંઇક ચૂક હમેરી ॥ અ૦ ॥ હાથ જોડ કર કરૂંગી વીનતિ, સુણયો જો અરજ હમારી ॥ આઇ મેં સરણ તુમારી ॥ શા૦ ॥ ૧ ॥

॥ શીશ નમાવી ચરણ ગ્રહી લીનો, કરજો કરૂણા હમા
રી ॥ અ૦ ॥ નવ ભવકી મેં દાસી તુમારી, પ્રીત પૂર
વલીસંભારી, સુની પ્રભુ અરજી હમારી ॥ શા૦॥ ૨॥
અંગ આભૂષણ સબ તજ દીનાં, ખાન પાન બીસરે
રી ॥ અ૦ ॥ સંયમ લે કર બન બન દૂંઢત, તેરો ના
મ ધરૂંગી બહોરી, કોઇ મોએ લાખ કરોરી ॥ શા૦
॥ ૩ ॥ લાલચંદ પ્રભુ સેવક તાહારો, કેમ રાખો
છો દૂર પરોરી ॥ અ૦ ॥ ભૂલ ચૂક મોહે માફ ક
રો તો, આવાગમન નિવાર કરો રી ॥ લગી મોહે
તુમસેં ડોરી ॥ શા૦ ॥ ૪ ॥

---

॥ પદ ૧૭૭ ॥ મું ॥ રાગ ધમાલ ॥ શાંતિકરણ
જિન શાંતિ પ્રભુકી, નીકી બની અબ કાંતિ લલના ॥
દેખત રંગ તરંગ ભયો રોમ રોમેં, ફૂલ્યો અબ સહજ વ
સંત ॥ ૧ ॥ રંગીલી કેશર મહમહે હો, અહો મેરે
લલનાં રે ॥ અરચી પ્રભુજીકે અંગ ॥ રંગી૦ ॥ એ
આંકણી ॥ વનરાજી ગુણરાજી ચોરી, રૂચિ મંજરી
વિકસંત લલનાં॥ વિરતિ દિશા શોકની કલી રે, દાયક
શિવફલ શંત ॥ રંગી૦ ॥ ૨ ॥ શ્રીજિનપદ પંકજ મ
ધુ માતો, ગુંજત શુભમન ભૃંગ લલના ॥ પંચ મહા

વ્રત ભયો હે નીકો રે, સુમતિ વધૂ રસ રંગ ॥ રંગી૦ ॥ ૩ ॥ શ્રીજિનવાણી અમૃત ઘન માદલ, બાજત તાલ કંસાલ લલના ॥ ભાવ કરી આએ નાટક નિરખે રે, સ્વસ્થ ચિત્તસખાલ ॥ રંગી૦ ॥ ૪ ॥ ભરી ભરી સોવનકી પિચકારી, શાંતિ રમે ભરપૂર લલના ॥ છાંટત સમતા નારી રંગીલી રે, તાપ દશા ગઇ દૂર ॥ રંગી૦ ॥ ૫ ॥ એહ વસંત વસંત મેં ગાવત, શાંતિપ્રભુ ગુણ રીજ લલના ॥ સમકેતવંત આતમ પ્યારો રે, ભેદ રહિત ભયે બીજ ॥ રંગી૦ ॥૬ ॥ ધ્યાન અબીર સુવાસ ગુલાલમેં, લાલ ભયો અબ લાલ લલનાં ॥ વાચક રામ પ્રભુ કરૂણામેં રે, પાયે પાયે આપનો બહુ માલ ॥ રંગી૦ ॥ ૭ ॥

---

॥ પદ ૧૭૮ મું ॥ રાગ હોરી ॥ શામકે સંગ ખેલુમેં હોરી, પિયાકે સંગ ખેલુ મેં હોરી ॥ એ આંકણી ॥ રાજુલ નારી નવભવ પ્યારી, ક્યું જાવો પીયા છોરી ॥ એક વાર વાલમ ઘેર આવો, ખેલું મેં તુમસેં હોરી, આઇ ઋતુ વિરહકી જોરી ॥ શા૦ ॥ ૧ ॥ જ્ઞાન ગુલાલકી ભરિ પિચકારી, સુમતિ મલી સખી ટોરી ॥ નેમ પીયાસેં મેં ખેલ ખેલુંગી, કેશરકો રસ ઘોરી,

નહી લખે મૂઢમતિ વાલો ॥ ગિ૦ ॥ માનું એ મો
હ જીત કરેતેં, એ ઘર ઋણ રૂશાલો ॥ ગિ૦ ॥ ૪ ॥
શ્રીરિસહેસ્વર વિમલગિરીશ્વર, અનુમત ખુંપ ખુણા
લો ॥ ગિ૦ ॥ ચરણ સરોજ યુગલ પ્રણમીનેં, જ્ઞા-
નવિમલ ગુણ વાહાલો ॥ ગિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૮૧ મું ॥ રાગ કાફી ॥ પોપટડા સંદે
શો કહેજો, મહારા નેમજી આગલ રેહેજો ॥ પો૦ ॥ એ
આંકણી ॥ નેમ હું તો છઊંરે તમારી, સંસારથકી મને
વારી, હું તો તમપર જાઉં બલહારી રે ॥ પો૦
॥ ૧ ॥ નેમ ઘડી એકમાં કાં તોડો, અપરાધવિના
કાં છોડો, એકવાર મલવા તેડો રે ॥ પો૦ ॥ ૨ ॥
એમહી જંપે રાણી રાજુલ, આંખે નહીં વાલ્યું કા
જલ, એકવાર પધારો મહારાજ રે ॥ પો૦ ॥ ૩ ॥
રાજુલ ગિરનારેં સધાવી, સહસાવનમાં વ્રત ઉચ્ચ
રાવી, છમાસ પેહેલી મુકતેં સિધાવી રે ॥ પો૦ ॥ ૪ ॥
હુઇ માન વિજય ઉપકારી, સંસારથકી મુજ વા
રી, હું તો બેહુની જાઊં બલિહારી રે ॥ પો૦ ॥ ૫ ॥

---

॥ પદ ૧૮૨ મું ॥ રાગ હોરી ॥ હોરી ખેલું મે

રે સાહેબિયા, સંગેરંગેં સુણલો ભઈઆ ॥ હો૦ ॥ અ બિર ગુલાલ સુગંધ બિખરિયાં, કનકકચોલી કેસરી યાં ॥ હો૦ ॥ ૧ ॥ ખારેક બીજોરાં ફલ ટેટી, પૂજે ફલ થાલે ભરિયાં ॥ ફાગગાન ગુણતાન બજૈયાં, દર્શનાવર ણ ભયે દરીયાં ॥ હો૦ ॥ ૨ ॥ એ પ્રભુદર્શન વિણ ભ વ ફરિયાં, કુદેવ કુતીર્થે વર્ણવિયાં ॥ કુગુરૂ કુશાસ્ત્ર પ્ર શંસા કરીયાં, મિથ્યાત્વધર્મ હઇએ ધરીયા ॥ હો૦ ॥ ૩ ॥ બહોત દુઃખેં બહુ શોકેં ભરિયાં, સમકિત દૂષણ આચરિયાં ॥ કુવ્રત પાલે નેચાલે અનઇયાં, પરમેષ્ટિગુ રૂ ઓલવિયા ॥ હો૦ ॥ ૪ ॥ પડણિયા ગુરૂ અભ્યાસ ણિયા, ભગવઈ ભાખે ગણધરીયાં ॥ દર્શનાવરણીકર્મ ઘેરૈયાં, તીસ કોડા કોડી સાગરીયાં ॥ હો૦ ॥ ૫ ॥ ઐસે બંધકો બંધ ધટૈયાં, સાંયુંકી આણા શિર ધરિયાં ॥ શૃં ગી લવણ મધુરી લેહરિયાં, શ્રી શુભવીર પ્રભુ મલિયાં ॥ હો૦ ॥ ૬ ॥ ઈતિ ॥

---

॥ પદ ૧૮૩ મું ॥ રાગ કાફી ॥ કિને ડારચો કિ ને ડારચો કિને ડારચો ડારચો રે ગુલાલ, હોજી ડારચો રે ગુલાલ, કિને ડારચો અખિયનમેં રે ગુલાલ ॥ એ આં કણી ॥ પાસજીકે આગેં ફાગ મન રાગેં, ખેલત આવી

સુર ઊજમાલ ॥ કિને૦ ॥ ૧ ॥ ભર ભર મુઠા ડારત છૂટા, હમારે બદન ભયે લાલ ગુલાલ ॥ કિ૦ ॥ ૨ ॥ સુરપતિ આવે વધાવે પ્રભુનેં, ભરી મોતિયનકી થાલ ગુલાલ ॥ કિ૦ ॥ ૩ ॥ રૂપ વિબુધ પસાયેં મોહન. ખેલત આવી સુર ઊજમાલ ॥ કિ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૮૪ મું ॥ રાગ ધમાલ ॥ ચંપા બાગ શ્રીચંપા વાસી, શ્રીચંપા તરૂ વિસરામ લલનાં ॥ દુરિતહ કંપા છે પુર ચંપા, નાથજી વાસુપૂજ્ય નામ ॥ ૧ ॥ રંગીલે રાતે વાને છે હો, અહો મેરે લલનાં, હો મેરે પ્યારે રે ॥ રંગીલે રાતે વાને છે હો૦ ॥ એ આંકણી ॥ માત જયા વસુપૂજ્ય પિતાકો, નંદન ચંદન વાસ લલનાં ॥ સીતેર ધનુ તનુ માન પ્રભુકો, જન્મ સતતાર કુંભ રાસિ ॥ રંગી૦ ॥ ૨ ॥ લછનગત લંછન વર મહીષ, દીક્ષા એક ઊપવાસ લલનાં ॥ ષટ્પદ વરતિ ષટ્ શત સાથેં, ચંપાપુરી કેવલનાણ વિશાલ ॥ રંગી૦ ॥ ૩ ॥ અપુનરાવર્ત્તિ અમૃત વહૂકો, તિલક લહયો એ ભાલ લલના ॥ માનું સ્વયંવર સમવસરણમેં, વિસ્તારી વિવાહ દેવ રસાલ ॥ રંગી૦ ॥ ૪ ॥ ઝાણંતર લગનાંતર કાલેં,

છેક ફૂલકે અનેક લલનાં ॥ ગામ ગામ બિચરચા એ-
ચ્છવસેં, અતિશય ભૂષણ અતિરેક ॥ રંગી૦ ॥ ૫ ॥
આશ્વિન ચઊદશ ઊજ્જવલ લગનેં, જાલ્યે શિવવ-
હૂ હાથ લલનાં ॥ સાદિ અનંતપદ ઘેર વાસે સુખ-
મેં, વસીયેં નિરંજન નાથ ॥ રંગી૦ ॥ ૬ ॥ દે ઊ-
પયોગી તાલ બજાવત, હોરી અખંડ ખેલાત લલ-
નાં ॥ મગન સદા સુખ લહેરમાં સ્વામી, શુભ વીર
નમે નિત્ય રોહિણી તાત ॥ રંગી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૮૫ મું ॥ રાગ હોરી ॥ રંગ મચ્ચો
જિન દ્વાર, ચાલો ખેલીયેં હોરી ॥ ભર પિચકારી
ગુલાલકી છરકું, વામાજીકે કુમાર ॥ ચા૦ ॥ તાલ
કંસાલ મૃદંગ બજાવે, ભેરી ભુંગલ ઝણકાર ॥ ચા૦ ॥
૧ ॥ સંત સબેહી મલી મલી ગાવો, મેરે જિનજીકે
દરબાર ॥ ચા૦ ॥ લાલ ગુલાલ અબીર ઊડાવો,
ગાવો મંગલ ચાર ॥ ચા૦ ॥ ૨ ॥ પંચવરણકે કુસુ-
મ મગાવો, આરોપો ગલે હાર ॥ ચા૦ ॥ કેશર ઘોરી
કનક કચોરી, ચૂઆ ચંદન ઘનસાર ॥ ચા૦ ॥ ૩ ॥ કૃ
ષ્ણાગરૂકો ધૂપ ઘટી કરી, પરિમલ બહુ વિસ્તાર ॥
ચા૦ ॥ શ્રીવણારસી ભાવના ભાવે, મુખ બોલે જય
કાર ॥ ચા૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ ૧૮૬ મું ॥ રાગ ધમાલ ॥ આયો વ
સંત હસંત સહેલી, રાધે મધુ દોય માસ ॥ લલના ॥
વિરહી ડસંતોને નામ વસંતો, સંતકું સદા સુખવા
સ ॥ ૧ ॥ મન માનસરોવર હંસલો હો, અહો મેરે
લલના ॥ આયો૦ ॥ એ આંકણી ॥ રાગ વસંત કર
ત હૈ ગોપી, ખેલત હોરી મુકુંદ લલના ॥ કહે રાજુ
લ સુણ મૃગવાઇ હો, વિરહીકું દુઃખ દીયે ચંદ ॥
મન૦ ॥ ૨॥ મુખ મંજરી વલી કોયલ ટહુકે, જબ ફુ
લીયો માકંદ લલના ॥ મધુકર માલતી પરિમલ લે
હો, મરાલ યુગલ અરવિંદ ॥ મન૦ ॥ ૩ ॥ તરૂકે પ
રવાલ પલાસ ભઇ હો, કેતકી અબિર ગુલાલ લલ
ના ॥ રંભાસી ખેડ સુચંપક વિકશે, દાડિમ ફલ સુ
વિશાલ ॥ મન૦ ॥ ૪ ॥ ખંડ સમસ્ત સુમનસ સુગં
ધ કો, મિત્ર ચિત્ર હિતકાર લલના ॥ એણે અવસર ચ
લીયે હમ છોડી, કંતજી ગઢ ગિરનાર ॥ મ૦ ॥ ૫ ॥
બતાઓ શિરવંક રચાઇ, કયા હમ દાસશું નાથ લલ
ના ॥ ઇણે સમે કૃપણ કોઈ પાણી ન પાવે, સંયમસિ
સરહાથ ॥ મન૦ ॥ ૬ ॥ સંજમ વરી કરી તપ જ
પ કિરિયા, પીયુ પહેલી શિવ જાય લલના ॥ નિજ
બહેની શિવવહુ દેખણકું, સ્વભાવિ સુખશું મિલ આ

ય ॥ મન૦ ॥ ૭ ॥ કાલ અનાદિકી મોહ નોકરી, છો
ડાવી રાજુલ નારિ લલના ॥ તસ વૈરે નૃપ મોહજ
નડિયો, બંધવ રહે નમિ તારી ॥ મન૦ ॥ ૮ ॥ વર
દત્ત વિપ્રઘરે ધુર પારણું, એકાદશ ગણધાર લલના ॥
ગોમેધ યક્ષ અંબિકા સૂરિદેવી, નેમની સેવા કરે સા
ર ॥ મન૦ ॥ ૯ ॥ છત્રીશને શતપંચ મુનિયુત્ત,
એકમાસી ઊપવાસ લલના ॥ પરમ મહોદય પદ મ
હાનંદી, પામિયા કર્મનો નાશ ॥ મ૦ ॥ ૧૦ ॥ જગ
જસ વાસ લહી બેહુ બેઠા, વલી શુભવિજય વિશાલ
લલના ॥ વીર કહે દંપતી ધ્યાવે હો, મંગલ તણી
લહે માલ ॥ મન૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૮૭ મું ॥ રાગ હોરી ॥ આઇ વસંત
ઋતુ પ્યારી, મેં તો ખેલુંગી જિનસેં ॥ આ૦ ॥ જીવ
રાજ શુભ ચેતન રાણી, કરતા ખેલ કરારી ॥ મેં૦ ॥
એ આંકણી ॥ જૈનશાસન એ બાગ બન્યો હે, ફૂલે જૈન
અંબ તરૂ ભારી ॥ મેં૦ ॥ ૧ ॥ રૂચિ પંકજ ફૂલ કેત-
કી માલતી, તિહાં અલિ ભવ્ય ગુંજારી ॥ મેં૦ ॥ યો
ગાસન ચતુરંગ દુલેચા, ધીરય તકીયા ધારી ॥ મેં૦
॥ ૨ ॥ અનુભવ મિત્ત સંગ લે કર બૈઠો, આતમરાય

કરારી ॥ મેં૦ ॥ સત્તર સત્તાવીશ ઔરબી કેતે, ઐસે ઊમરાવ હજારી ॥ મેં૦ ॥ ૩ ॥ દશવિધ દશ ઊમરાવ ખડે હૈં, દો વિધ નકીયો પોકારી ॥ મેં૦ ॥ કેશરરંગ રૂચિ પિચકારી, અરસ પરસ ભરડારી ॥ મેં૦ ॥ ૪ ॥ સમિતિ ગુપ્તિ સખીયનકી ટોલી, ગાઇ બજાઇ લીયે તાલી ॥ મેં૦ ॥ જ્ઞાન ઊત્સાહસેં વાઘો ભીનો, શ્રદ્ધા ભીજી તન સારી ॥ મેં૦ ॥ ૫ ॥ શ્રધ્ધા સમકેત કુંકુમ છાંડી, આશ્રવ અબિર ઊડારી ॥ મેં૦ ॥ ભાલ પ્રણામ ગુલાલ ઊર ઊપર, ઔર અંગીયાં રંગ ડારી ॥ મેં૦ ॥ ૬ ॥ મૈરીસોં મૈરીસોં માજે ડારી, ખેલ મચ્યો બહુ ભારી ॥ મેં૦ ॥ શ્રીસંખેસર સાહેબ આગેં, ખેલે વસંત પિયારી ॥ મેં૦ ॥ ૭ ॥ ગુલાલ લાલપેં રંગમચાયો, માણક મોજ હજારી ॥ મેં૦ ॥ ૮ ॥

॥ પદ ૧૮૮ મું ॥ રાગ ધમાલ ॥ વામા નંદન અંતર જામી ॥ જીવન પ્રાણ આધાર લલના ॥ દરિસણ દેખી તાહેરો હો ॥ સફલ કરચો અવતાર ॥ મનમોહન સ્વામી પાસજીહો ॥ અને હો મેરે લલના ॥ તુમ સમો નહિં કોઇ દેવ ॥ મ૦ ॥ ૧ ॥ તુમ સાથેં મુઝ પ્રેમ બન્યો હે, ન ગમે બીજાનો સંગ લલના ॥ તુમ પસાએં પામીએં હો, અતિ

ઘણો ઓચ્છવરંગ ॥ મ૦ ॥ ૨ ॥ અમને મોટી હાંશ મુક્તિની, તે આપો મુઝ સ્વામિ લલના ॥ તું પ્રભુ સુરતરૂ સારિખો હો, પૂરણ વંછિત કામ ॥ મ૦ ॥ ૩ ॥ મહેર ઘણી પ્રભુ રાખીએં હો, શું કહૂં વારંવાર લલના ॥ નેહ કીધો તુમ શું ખરો હો, નવી જાઊં બીજે દરબાર ॥ મ૦ ॥ ૪ ॥ જિહાં તિહાં સંગ નકીજીએં હો, રહીએં સહેજાનંદ લલના ॥ નિત્ય લાભ કહે પ્રભુ સેવીએં હો, લીજીએં શિવસુખકંદ ॥ મ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૮૯ મું ॥ રાગ કાફી ॥ બંદા તું ક્યું ભૂલે, શ્રી જિનવરકો નામ ॥ બંદા૦ ॥ ટેક ॥ કાલ અનંતા બહુ દુઃખ સહીઆં, કબુએ ન પાયો માન ॥ બંદા૦ ॥ ૧ ॥ ચરણ જિનવરકે અબથે પાયો, મિટચો મન અભિમાન ॥ બંદા૦ ॥ ૨ ॥ કીડી કુંજર એક કરી જાણે, રાખે હૃદયમાં ધ્યાન ॥ બંદા૦ ॥ ૩ ॥ કરજોડી ગુમાન ગુણગાવે, પાવે પદવી અમાન ॥ બંદા૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૦ મું ॥ રાગ વસંત ॥ શ્રી ચિંતામણ પાસ પ્રભુ તારા, મંદિર બરસે રંગ રે ॥ શ્રી૰ ॥ એ આંકણી ॥ ગ્યાન ગુલાલ અબીર ઉદાવત, સમતા નીર સુચંગ રે ॥ શ્રીચિં૰ ॥ ૧ ॥ અનુભવ લહેર ફૂલી ફૂલવાડી, ફબકતી નવ નવ રંગ રે ॥ શ્રીચિં૰ ॥ ૨ ॥ ઉપશમ બાગ અભંગ અનોપમ, શુકલ ધ્યાનસેં ચંગ રે ॥ શ્રીચિં૰ ॥ અમરચંદ ચિંતામણિ ચિત ધર, લાગો અવિહડ રંગ રે ॥ શ્રીચિં૰ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૧ મું ॥ રાગ કાફી ॥ ખતરા દૂર કરનાં દુર કરનાં ॥ એક ધ્યાન પ્રભુકા ધરનાં ॥ ખતરા૰ ॥ ટેક ॥ જબ લગ પાંચો નિર્મલ કરનાં, તબ લગ જિન અનુસરનાં ॥ ખતરા૰ ॥ ૧ ॥ ક્રોધ માન માયા પરિહરનાં, સમકિતકે સુખ વરનાં ॥ ખતરા૰ ॥ ૨ ॥ ધન કન કંચનકું કયા કરનાં, આખર એક દિન મરનાં ॥ ખતરા૰ ॥ ૩ ॥ જ્ઞાન ઊદ્યોત પ્રભુ પાયેં પરનાં, શિવસુંદરી સુખ વરનાં ॥ ખતરા૰ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૨ મું ॥ રાગ કાફી ॥ તું બિના ઔ

રન જાચું જિણંદરાય ॥ તું૦ ॥ ટેક ॥ મેં મોરે મન નિશ્ચે કીનો, એમાં કછુ નહીં કાચું ॥ જિણંદ૦ ॥ ૧ ॥ ચરણ કમળપર અલિ મન મેરો, અનુભવ રસ ભર ચાખું ॥ અંતર રંગ અમૃત રસ ચાખ્યો, એહ વચન મન સાચું ॥ જિણંદ૦ ॥ ૨ ॥ જસ પ્રભુ ધ્યાયો મોહા રસ પાયો, અવર રસ નહીં રાચું ॥ અંતરંગ ફરસ્યો દરિશન તેરો, તુજ ગુણ રસ રંગ માચું ॥ જિ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૩ મું ॥ રાગ વસંત ॥-આદિ જિનેસર પ્રભુજી સાહિબ તેરી રે, જાઉં મેં બલિહારી ॥ નાભિકો નંદન પાપનિકંદન, તિન ભવન હિતકારી રે ॥ જાઉં મેં બલિહારી ॥ ૧ ॥ સિદ્ધગિરિ સોહન જન મનમોહન, પેખત મૂરતિ પ્યારી રે ॥ જા૦ ॥ ૨ ॥ પૂર્વ નવાણું વાર પ્રભુજી, રહ્યા રાયણ નિરધારી રે ॥ જા૦ ॥ ૩ ॥ જાત્રા નવાણું કીયે હમ યુક્તે, દુર્ગતિ દૂર નિવારી રે ॥ જા૦ ॥ ૪ ॥ અઢાર અઠાવન ચૈત્રી પૂનમ, જાત્રા નવાણું જુહારી રે ॥ જા૦ ॥ ૫ ॥ સુરતસંગ સદા સુખદાતા ॥ કહત કલ્યાણ જયકારી રે ॥ જા૦ ॥ ૬ ॥

॥ પદ ૧૯૪ મું ॥ રાગ કાફી ॥ દેખતહી ચિત્ત ચોર લીયો હે, શ્યામકો નામ રૂચે મોએ અહોનિશ ॥ શ્યામવિના કહા કાજ જીયો ॥ દેખત૦ ॥ ૧ ॥ સિદ્ધિવધૂકે લીએ મુજ છોડી, પશુવનકે શિર દોષ દીયો ॥ પરકી પીર ન જાણે તાસોં, વેર વંસાયો જો નેહ કીયો ॥ દેખત૦ ॥ ૨ ॥ પ્રાન ધરૂં મેં પ્રાન પિયા બિન, વજ્રહુથેં મોએ કઠિન હિયો ॥ જસ પ્રભુ નેમી મિલે દુઃખ ડારચો, રાજુલશિવ સુખ અમૃત પિયો ॥ દેખત૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૫ મું ॥ રાગ ફાગ ॥ સોરીપુર નગર સોહામણો હો, સમુદ્ર વિજય રાજેંદ્ર ॥ શિવાદેવી રાણી તેહનો હો ॥ અંગજ નેમજિણંદ ॥ વૃંદાવન ફાગ સોહામણો હો અહો મેરે લલના, ગાવત નેમ જિણંદ ॥ વૃંદા૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ સમુદ્ર વિજયકો ભ્રાતલો હો, શ્રી વસુદેવ કુમાર ॥ જાસ સોહાગ ગુણેં કરી હો, માનતજે હે હરિ હાર ॥ વૃં૦॥ ॥ ૨ ॥ અહો૦ ॥ ગા૦ ॥ વૃં૦ ॥ બિહતેર સહસ ત્રિયારસ રસધર, મધુકર સુખ મકરંદ ॥ અંગજ સકજ અછે તસ દોઊ, ગુણ ભરચા રામ ગોવિંદ ॥ વૃં૦

॥ ૩॥ સોલ સહસ ગોપી મનમોહન, મનોહર રૂપ મોરા
ર ॥ મેઘશ્યામ મુરલી લેઇનીકે ॥ વાજત વેણુ વિશા
લ ॥ વૃં૦ ॥ ૪ ॥ ચંગ મૃદંગ ઉપંગ બજાવત,
ગાવત હે વૃજનાર ॥ નેમકુમર હલધર ગિરધર મિલ,
કરત હે કેલિ અપાર ॥ વૃં૦ ॥ ૫ ॥ ટોલે મિલી
મિલી તાન મચાવત, ઝીલત સુરભી ગુલાલ ॥
ડારત કેસર કમલ પિચકારી, રંગ કરતહે નર ના
ર ॥ વૃં૦ ॥ ૬ ॥ અજબ લાલ તનુ વેષ બન્યો હે,
નયન લાલ મુખ લાલ ॥ પંચ પીતાંબર ઊઢન ની
કે, જાદવ છેલ છોગાલ ॥ વૃં૦ ॥ ૭ ॥ અંબઅંબ
કોકિલ આલાપિત, ગાવત ગીત રસાલ ॥ ચદિ
કદંબ શ્રીકૃષ્ણ બજાવે, મધુ વસંતકી ઢાલ ॥ વૃં૦
॥ ૮ ॥ નટિકાનંદીક હે કરૂણાનધિ, હરિ કુલપંક
જ ભાણુ ॥ કરત કેલિ શ્રી નેમ મુરારી, રવિ
શશિ ઓપમ આણુ ॥ વૃં૦ ॥ ૯ ॥ યાદવ કુમર ભ
લે એકેકથેં, ગુણવંત રૂપવંત ॥ નેમીશ્વર સ
રિખો નહિં કોઈ, ત્રિભુવન કે છલવંત ॥ વૃં૦ ॥
॥ ૧૦ ॥ વૃંદાવનમેં ઇણિ પરે ખેલત, સબ જાદ
વકે વૃંદ ॥ નેમીસર જિનચંદ પસાએં, પ્રત્યક્ષ
પરમાનંદ ॥ વૃં૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

॥ પદ ૧૯૬ મું ॥ ઐસે અરિહંતકે ગુન ગાઓરે મના ॥ તુમેં ધ્યાઓરે મના ॥ ઐસે પ્રભુ ચરને ચિત્ત લાઓરે મના ॥ ઐસે૦ ॥ ૧ ॥ ઊદર ભરણકે કારણે રે, ગૌવાં વનમેં જાય ॥ ચાર ચરે ચિહું દિશિ ફિરે, વાકી સુરત વાછરૂઆ માંહે રે ॥ ઐસે૦ ॥ ૨ ॥ સાત પાંચ સાહેલીયાંરે, હલિ મલિ પાણી જાય ॥ તાલી લીયે ખડખડ હસે રે, વાકો ચિત્ત ગાગરિયા માંહેરે ॥ ઐસે૦ ॥ ૩ ॥ નટુઆ નાચે ચોકમાંરે, લોક કરે લખ સોર ॥ વાંસ ગ્રહી વરતેં ચઢે રે, વાકો ચિત્ત ન ડોલે એક ઠોર રે ॥ ઐસે૦ ॥ ૪ ॥ જૂવારી કે મન જૂવટું રે, કામીકે મન કામ ॥ આનંદ ઘન પ્રભુ એમ કહે રે, તુમેં ભવિ સેવો ભગવાન રે ॥ ઐસે૦ ॥ ૫ ॥ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૭ મું ॥ રાગ વસંત ॥ મેરો મન બસ કીયો રે જિનરાય ॥ કયા જાનું કછુ કામણ કીનો, મંત્ર યંત્ર દિખલાય ॥ મેરો૦ ॥ ૧ ॥ મેં નવિ દીઠો પ્રભુરૂપ તિહારો, શ્રવણેં સુણતાં સુખ થાય ॥ મેરો૦ ॥ ૨ ॥ અબ મેં દીઠો પ્રભુ રૂપ તિહારો, ક્યુંકર દિલ ભરમાય ॥ મેરો૦ ॥ ૩ ॥ તાથેં જ્ઞાન ઊદ્યોત

પદ પાયો, પદ્મકો ચિત્ત હરજાય ॥ મેરો૦ ॥ ૪ ॥

---

॥ પદ ૧૯૮ મું ॥ રાગ કાફી સંસ્કૃતભાષામાં ॥ સ્મર વામા તનયં, માનસ ભજ વામા તનયં ॥ માન૦ ॥ રણભૂમિકૃત યાદવ કુલરક્ષં, વિધુતવિજિત્વર નિખિલવિપક્ષં ॥ સ્મર૦ ॥ ૧ ॥ કૃપયા રક્ષિત વિદગ્ધ સર્પં, શમદ કમઠશઠ ગાલિત દર્પં ॥ શિથિલીકૃત ક દર્પં, સુગુણ કદંબક પારાવારં ॥ સ્મર૦ ॥ ૨ ॥ કુમતિ મહીતલ દારુણ સીરં, કલિમલધૂલી હરણસમીરં ॥ શ્રેયો વનસિંચનશુચિનીરં, હરિતરત્નસમ ચારૂશરીરં ॥ સ્મર૦ ॥ ૩ ॥ ભવ્ય જિનાક્ષિ ચકોરી ચંદ્રં, લીલાનંદિત પ્રણત સુરેંદ્રં ॥ રંગરચિત જિનપાર્શ્વસુગીતં, ભજતુ મહોદય પદમુપનીતં ॥ સ્મર૦ ॥ ૪ ॥ ॥ ઇતિ ॥

---

॥ પદ ૧૯૯ મું ॥ રાગ કાફી ॥ જૈન ધર્મ નહિં કીતા, હો નર દેહિ પાઇ ॥ જૈન૦ ॥ ટેક ॥ ચોરાશી ફિર નરદેહ પાઇ, યુંહી જન્મ તેરા વીતા હો ॥ નર૦ ॥ ૧ ॥ પાંચે ઇંદ્રિય વશ નહિં કીતા, મન ચંચલ નહિં જીતા હો ॥ નર૦ ॥ ૨ ॥ કામ ક્રોધ

વો૦ ॥ ને૦ ॥ ૩ રાજુલ નેમ મિલ મુક્તિ સિધા એ, રૂપચંદ પદ દીજીયેં ॥ વો૦ ॥ ને૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૨ જુ ॥ ધૂલેવા નગર માંહિ ઋષભ જિનેશ્વર, જગ ભૂલો કાંઇ ભટકે છે ॥ ધૂલેવા૦ ॥ ટેક ॥ પૂરવ પશ્ચિમ ઊત્તર દક્ષિણ, ઔર સ્થાનક કાંઈ અટકે છે ॥ ધૂ૦ ॥ ૧ ॥ કાચ ખંડસમ ગ્રહી અન્ય દેવા, ચિંતામણિ કાંઈ પટકે છે ॥ ધૂ૦ ॥ ૨ ॥ કલિયુગ જ્યોતિ અખંડ વિરાજે, ભવજલ તારણ તટકે છે ॥ ધૂ૦ ॥ ૩ ॥ પ્રત્યક્ષ દેવ પરમ ગુરૂ પાયો, ઋષભદાસ ગુણ રટકે છે ॥ ધૂ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૩ જું ॥ વોદિલ ભાયા મેરા સાંઈ, પાસ પ્રભુ જિન રાયા ॥ વો૦ ॥ ટેક ॥ તન મન મેરો તબહી ઊલસ્યો, જીયમેં આનંદ પાયા ॥ વોદિલ૦ ॥ ૧ ॥ અખિયાં મેરી પ્રભુજીકૂં નિરખત, તાતા થઈ તાન મિલાયા ॥ વો૦ ॥ ૨ ॥ કર જોડી પ્રભુ વંદન કરકેં, જ્ઞાન સાર ગુણ ગાયા ॥ વોદિલ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૪ થું ॥ રાગ હોરી ॥ જાઇ જુઈ ગુરી, આજ પ્રભુપૂજનકો હર્ષ ભયો ॥ મેરેજાઇ૦

॥ એ આંકણી ॥ કેતકી ચંપક મરૂવો મોવરો, ફૂલકો પગર ભરાવ રી ॥ આ૦ ॥ ૧ ॥ મુકુટ કુંડલ શિર છત્ર બિરાજે, આંગી સોહે જડાવ રી ॥ આ૦ ॥ ૨ ॥ સંત સબે મિલિ ભાવના ભાવો, માદલતાલ મિલાવ રી ॥ આ૦ ॥ ૩ ॥ અનંતનાથજીકે ગુન ગાઓ, લાલ ગુલાલ ઊડાવ રી ॥ આ૦ ॥ ૪ ॥ કર જોરી પ્રભુ આગે અરજી, ભવદુઃખસેં છોડાવ રી ॥ આ૦ ॥ ૫ ॥ આઠોંપહોર હે નામ તુમ્હારો, ધ્યાન ધરો શુભ ભાવ રી ॥ આ૦ ॥ ૬ ॥ આનંદ હર્ષ વધાઈ ઉનકું, વિનય સહિત ગુનગાવ રી ॥ આ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૫ મું ॥ રાગ હોરી ॥ પાસ કુમરજી ફાગ રસીલા, ખેલે પહેરી પટંબર નીલા ॥ પા૦ ॥ એ આંકણી ॥ દેવ દેવાંગના ગીત નૃત્ય કર, વાજાં વાજે નવીલા ॥ અપછર મિલી દિયે ઘર ફેરી, તાન માન સુમતિલા ॥ ખે૦ ॥ ૧ ॥ તિહાં ચિત્રપટધારી એક નર, આયો પંથ વહીલા ॥ નેમીકુમાર વ્યાહકી રચના, દેખત જ્ઞાન ગહીલા ॥ ખેલ૦ ॥ ૨ ॥ જીવદયા કરી વિષયકોં પરહરી, શીલ ધરે સુબુદ્ધિલા ॥ મનમેં વિચારત પાસ કુમર

તિહાં, આપસ્વરૂપ લખીલા ॥ ખે૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૬ મું ॥ રાગ હોરી ॥ હરિ આવત બે કર જોરી ॥ મહાવીર એસો જિનવરવંદનકો ॥ હરિ૦ ॥ એ-આંકણી ॥ ચોસઠ સહસ હસ્તી બનાયે, પાંચશે બાર મુખોરી ॥ મુખ મુખ અષ્ટ દંતુશલ સોહે, વાવડી આઠ લહોરી ॥ મહા૦ ॥ ૧ ॥ વાવ વાવ બિચ આઠ કમલ હે, પાંખડી લાખ લહોરી ॥ પાંખડી પાંખડી નાટક રચના, બંસરી બીણ ઝકોરી ॥ મહા૦ ॥ ૨ ॥ કમલ કમલ બિચ ઇંદ્ર ભુવન હે, આઠ ભદ્રાસન જોરી ॥ બિચ સિંહાસન ઇંદ્ર બિરાજે, વીર નમત કર જોરી ॥ મહા૦ ॥ ૩ ॥ દસાર્ણભદ્ર દેખત હરિરચના, નિજ અભિમાન ગયોરી ॥ ઋદ્ધિ છાંડકે ચારિત્ર લીનો, પ્રભુકે સરન રહ્યો રી ॥ મહા૦ ॥ ૪ ॥ પ્રભુકે વચન સુનિ આનંદ હોવત, વંદનમુનિપેં કરયો રી ॥ વિનય ધરત બહુ ભક્તિ કરત હે, હરિ નિજ સ્વર્ગ ગયોરી ॥ મહા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૭ મું ॥ રાગ હોરી ॥ હરખ્યો મન-

મેરે મુરારી ॥ આયે બ્રહ્મચારી॥ હર૦ ॥ એ આંકણી ॥ અઢાર સહસ મુનિ સહિત ફિરત હે, આયે વન હ મઝારી॥ સમવસરન રચના સુર કીની, સિંહાસન મનોહારી, બેઠે પ્રભુ કેવલ ધારી॥ હરખ્યે૦ ॥ ૧ ॥ ઋદ્ધિ સહિત યાદવપતિ આયે, વંદનવિધિ કરે સારી ॥ સન્મુખ બેઠા આય સભામાં, દેવ દેવી નર નારી, સુણે પ્રભુવાણી પ્યારી ॥ હર૦ ॥ ૨ ॥ તવ પ્રભુજી ભાખે કેશવકું, તું હો ઇશ અવતારી ॥ અમમ નામેં દ્વાદશમો જિનપતિ, એહિજ ભરત મઝારી, કર્મક્ષય થી ભવ પારી ॥ હરખ્યે૦ ॥ ૩ ॥ પર ઉપકારી જગ હિતકારી, મેં જાઉં બલિહારી॥ વિનય નમત પ્રભુ આગેં અરજી, ભવોભવ સેવ તુમ્હારી, હોજો સેવક નેં સારી ॥ હરખ્યે૦ ॥ ૪ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૦૮ મું ॥ રાગ હોરી ॥ આજ સમવ સરનકી રચના ભઈ, સો ઇંદ્રભૂતિકું ખબર થઈ॥ આજ૦ ॥ એ આંકણી ॥ તીન કોટ બિચ તખત બિરાજે, રચના બહોત ભઈ ॥ એસો સુનકે બિચારી મનમેં, અબકો અબ સમઝાઉં જઇ ॥ આ૦ ॥ ૧ ॥ માન ધરત આયે પ્રભુ આગેં, દે-

॥ પદ ૨૧૦ મું ॥ રાગ હોરી ॥ જિનંદા તેરે મુખ નિરખનસેં, નયન હૃદય ઉલસંત ॥ એ આંકણી ॥ પ્રભુ મુખ નિરખે પાપ કટત હે, પાવત સુખ અનંત ॥ જિ૦ ॥ ૧ ॥ શ્રવન સફલ તુમ કીર્તિ સુનકે, મસ્તક સફલ નમંત ॥ રસના સફલ પ્રભુગુણ ગાયેથેં, કર જિનવર પૂંજંત॥ જિ૦ ॥ ૨ ॥ પાઉ ચલે તીરથ જઈ ફરસે, ઉજ્જવલ ધ્યાન ધરંત ॥ મણુઅ જનમ તસ સફલો હોવે, વિનયશું ભકિત કરંત ॥ જિ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૧૧ મું ॥ રાગ કાફી ॥ આત્મ તત્ત્વસુ વિચારો જ્ઞાનસેં, કરમ કટે જ્યું શુકલ ધ્યાનસેં ॥ આ૦ ॥ એ આંકણી ॥ પુદ્ગલ જીવસરૂપ પિછાન્યો, મમતા મિટ ગઇ સારી જાનસેં ॥ કર્મ કટે જ્યું શુકલ ધ્યાનસેં ॥ આ૦॥ ૧ ॥ ક્રોધાદિક અરી અંધકારસમ, નાશ ભયો સબ જ્ઞાન ભાનસેં ॥ આ૦ ॥ ૨ ॥ પરમાતમ પદ પાવત સોઇ, વિનય ભજત પદ અચલ થાનસેં ॥ આ૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૧૨ મું ॥ રાગ હોરી ॥ મત જાઓ રે

આજ ગોરી પનીયાં ભરનકું ॥ મ૦ ॥ એ દેશી ॥
મેં ગઇતી આજ પ્રભુ સમવસરનકું ॥ મેં ગઇ૦ ॥
ઠાઢો બિચમેં સાધ, ઊનકું નહિરે કર્મકી બાધ॥
ધન ધન દિન ભયો રે આજ ॥ પ્રભુસમવસ૦॥ મેં૦॥
એ આંકણી ॥ શીત પડત મોરી બહિયાં ઠરતહે, શી
ગતિ હોશે તિહારી ॥ ધન૦ ॥ ૧ ॥ શ્રેણિક સુનકે વિ
ચારી મનમેં, કિનસેં લગી હે યારી ॥ ધન૦ ॥ ૨॥
મહલ પ્રજાલો અભયકું બોલી, પૂછણ ગયો જિન દ્વા
રી ॥ ધન૦ ॥ ૩ ॥ સંશય મિટ ગયો વીરવચન
થેં, હુકુમકી ચિંતા ધારી ॥ ધન૦ ॥ ૪ ॥ જારે અ
ભય ભયો કામ એ ખોટો, રાણી મોહોલ દીયો
જારી ॥ ધન૦ ॥ ૫ ॥ ચિંતા મત કરો કિસીય પિ
તાજી, ઘાસધૂમ નભ ચારી ॥ ધન૦ ॥ ૬ ॥ અભયકુ
મર તવ દીક્ષા લીની, વિનય નમત વ્રતધારી ॥
ધન૦ ॥ ૭ ॥

---

॥ પદ ૨૧૩ મું ॥ રાગ કાફી ॥ બાત એ
બિસર ગઈ, કહી જો જ્ઞાની પુરૂષેં, બાત એ બિ
સર ગઇ ॥ એ આંકણી ॥ ધન કારણ કરી જીવ હિં
સ્યા બહુ, પરિગ્રહ મમતા ભઇ ॥ તોલ માપ સબ

કૂડ કમાયા, પરધન આશ થઇ ॥ કહી જો૦ ॥ ॥ ૧ ॥ ક્રોધ માન દોય મુનિમ બડે હૈં, ઉનકી હોત સઇ ॥ કેવલ પાપ કરમ બંધાયે, આરત રૌદ્રમઇ ॥ કહી જો૦ ॥ ૨ ॥ કૂડ કપટ બિન પઇ શો ન મિલે, ઐસી સમઝ ભઈ ॥ સત્ય કમાવે જૂઠ ન બોલે, સો નર ગિનતી નહીં ॥ કહી૦ ॥ ૩ ॥ ધૂરત ઠગકી કલા બહુ શીખી, બિસરત કબહું નહિં ॥ બહુ હુશીયારી કહાવે ઊનકી, બાજી બિગર ગઇ ॥ કહી૦ ॥ ૪ ॥ નહિં સમભાવ નરમ ગુણ નાહીં, સરલ સ્વભાવ નહિં ॥ નહિંસંતોષ સત્ય બ્રહ્મચારી, તપ જપ ધ્યાન નહિં ॥ કહી જો૦ ॥ ૫ ॥ અશુભ કરમ ઊદયથેં ચેતન, જડતા બુદ્ધિ લઇ ॥ દુર્ગતિ જાવે બહુ દુઃખ પાવે, જ્ઞાની એસી કહી ॥ કહી જો૦ ॥ ૬ ॥ જ્ઞાનકી બાતાં મુખમેં ભરી હે, પણ હૃદયેમેં નહિં ॥ વિનય કહે કહો કૈસે પાવે, ભવકો પાર સહિ ॥ કહિ જો૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૧૪ મું ॥ રાગ કાફી ॥ બાતકી સમજ પરી, કહી જો ગ્યાનીપુરૂષેં, ॥ બાતકી૦ ॥ એ આંકણી ॥ ક્રોધાદિક ષટ્વૈરી હમારે, ઊસકી કલ

ન પરી ॥ ધર્મ ખજાનો ખાલી કિયો સબ, કર જદાર કરી ॥ કહી જો૦ ॥ ૧ ॥ જીવહિંસાને જૂઠ બોલણાં, ચોરી કુશીલ કરી ॥ પરિગ્રહકી તૃષણા એ પાંચે, આયા હોંશ ધરી ॥ કહી૦ ॥ ૨ ॥ હમ જા ન્યો દુર્ગતિ ભેજેગા, પાંચે દૂર કરી ॥ તુમકું આદર માન મિલે સો, ઓ અબ નાહીં ધરી ॥ ક હી૦ ॥ ૩ ॥ સમતા ગુણ નરમાસપણું હે, સરલ સ્વભાવ કરી ॥ સત્ય શીલ સંતોષ એ આદેં, ઇ નસેં કાજ સરી ॥ કહી જો૦ ॥ ૪ ॥ ભરત આદેં બહુ ઘરમેં બૈઠે, કેવલ જ્ઞાન વરી ॥ વિનય કહે ધન્ય ઊત્તમ પ્રાણી, નમિએં ભાવ ધરી ॥ કહી જો૦ ॥ ૫ ॥

---

॥ પદ ૨૧૫ મું ॥ રાગ હોરી ॥ મેરે સામરે સલૂને સેં લાગી નૈન, મોરે ઘરીઅ પરતન ચૈન ॥ મેરે૦ એ દેશી ॥ મેરે પ્રભુકે દર્શન લય લાગી નેન, મોરે ઘરીય પલક બહુ હરખ ચેન ॥ મોરે૦ ॥ એ આંક ણી ॥ જગત પ્રભુ સો નીરાગી કહાવે, વાણી મોહ ત પતકું બૂઝાવે ॥ દોષ અઢાર રહિત હે દેવા, ઇંદ્રા-દિક સબ કરતહી સેવા, સમભાવી હે જિસકા બેન ॥ મોરે૦ ॥ ૧ ॥ કછૂ આયુદ્ધ હાથ ન ધારે, વાહા

ન પર અસવારી નિવારે ॥ ઓરત સંગ નહિં હે જા
કું, વસન ભૂષણ શ્રૃંગાર ન તાકું, જગતજીવ સબ
હુકે સેન ॥ મોરે૦ ॥ ૨ ॥ જોગીસર જસ ધ્યાન
ધરીને, જનમ મરણભય દૂર કરીને, અજર અમર પ
દપાવત પ્રાની, વિનય કહે ધન્ય ગ્યાનીકી બાની,
તારક એક હે ધર્મ જેન ॥ મોરે૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૧૬ મું ॥ રાગ હોરી ॥ લાલ તેરે ન
યનોંકી ગતિ ન્યારી ॥ એતો ઉપશમ રસકી કયા
રી ॥ લાલ૦ ॥ એ આંકણી ॥ કામક્રોધાદિક દોષ ર
હિત હે, નયન ભયે અવિકારી ॥ નિદ્રા સુપન
દશા નહિં યામેં, દર્શનાવરણનિવારી ॥ લાલ૦ ॥ ૧ ॥
ઓરનયનમેં કામક્રોધ હે, બહુત ભરી હે ખુમારી ॥
પરધન દેખ હરનકી ઇચ્છા, યામેં હે હુશિયારી
॥ લાલ૦ ॥ ૨ ॥ એસા લચ્છન હે નયનોમેં, ક્યું
પામે ભવ પારી ॥ ઓહી બિચાર કરો દિલ અ
પને, હોત કર્મસેં ભારી ॥ લાલ૦ ॥ ૩ ॥ ધર્મ
બિના કોઇ સરનાં નહિં હે, એસો નિશ્ચેં ધારી ॥
વિનય કહે પ્રભુ ભજન કરો નિત્ય, ઓહી તારન
હારી ॥ લાલ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

સહસા૦ ॥ ૧ ॥ રાધા રૂકિમણીને સત્યભામા, જંબૂવતી મિલી ગોરી ॥ કેસરકી પિચકારી છારત, અબિર ગુલાલકી ઝોરી ॥ લાલ૦ ॥ સહ૦ ॥ ૨ ॥ નેમ કુમરકું ઘેર લિયે હે, મિલિ સબ સખિયન ટોરી ॥ બ્યાહ મનાયો હરિકું સુનાયો, સાદી રા જુલસેં જોરી ॥ લાલ૦ ॥ સહ૦ ॥ ૩ ॥ બ્યાહન કે મિશ જાન લેઇને, મોહસેનકું મોરી ॥ ચારિત્ર લેઈ કેવલ પદ પાયે, ઘાતી કર્મકું તોરી ॥ લાલ૦ ॥ સહ૦ ॥ ૪ ॥ પ્રભુકો શિર પર હાથ ધરાયો, શિવમંદિર ભઈ જોરી ॥ દીક્ષા કેવલ જ્ઞાન કલ્યાણક, વિનય નમે કર જોરી ॥ લાલ૦ ॥ સહ૦ ॥ ૫ ॥

---

॥ પદ ૨૧૯ મું ॥ રાગ હોરી ॥ ખેલે પાસ કુમર બન કીલા ॥ તિહાં પ્રગટી બસંતકી લીલા ॥ ખે૦ ॥ એ આંકણી ॥ સમય સમઝ તિહાં આયે સુરાસુર, નર સબરંગ રસીલા ॥ ગણ ગંધર્વ તુંબરૂ નારદ, સરસતી ભગતી સુલીલા ॥ તિહાં૦ ॥ ૧ ॥ સત્વરે ખેલ ખેલે પ્રભુ આગેં, ગાવત રંગ રંગીલા ॥ રીઝ બૂઝ સબહૂકી સફલી, કરત સ્વરૂપ વસીલા ॥ તિહાં૦ ॥ ૨ ॥ ઇતિ ॥

॥ પદ ૨૨૦ મુ ॥ રાગ હોરી ॥ ઋષભ જ્યું ખેલે વસંત, મિલાય દોઉ ગૌરીકો વાલહો ॥ ઋ૦ ॥ એ આંકણી ॥ નાચત સુરગોરી મિલી ટોરી, વાંચત ગુન જ્યું અનંત ॥ મિલાય૦ ॥ ૧ ॥ કુલમંડપ સિંહાસન બેઠે, ઋતુ સુર પાયે નમંત ॥ સબ ગંધર્વ રાગ રાગિણી, ગાયે સંગીત સુનંત॥ મિલાય૦ ॥ ૨ ॥ ભાવ ભગત સબહૂકી પરખત, સદય હૃદય ઉલ્લસંત ॥ દેવત દાન માન દરસનતેં, સિદ્ધિ સ્વરૂપ લહંત ॥ મિલાય૦ ॥ ૩ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૨૧ મું ॥ રાગ હોરી ॥ સમતા પ્યારી રે, જદુપતિ ખેલે હોરી ॥ સમતા૦ ॥ દ્વારકાં નગરીશું જાન બનિ હે, જૂનાગઢકું ચાલી રે ॥ સ૦ ॥ ૧ ॥ દેખિ વિરાત પશુ પીડ જાની, નેમિ કુંવર ચિત્ત ધારી રે ॥ સ૦ ॥ ૨ ॥ કર કંકન જબ છીનમેં છો રે, જાય ચઢી ગિરનારી રે ॥ સ૦ ॥ ૩ ॥ પંચ મહાવ્રત દુર્દ્ધર ધારી, પાંચે સુમતિ વિચારી રે ॥ સ૦ ॥ ૪ ॥ કેવલ પાય વિચાર જિનેશ્વર, લોકાલોક નિહારી રે ॥ સ૦ ॥ ૫ ॥ શ્રી સુખચેનરાય એમ જંપે, પંચમ ગતિ અબ તારી રે ॥ સ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ પદ ૨૨૨ મું ॥ દર્શન બિન જીવ સંસાર ભમ્યો ॥ દર્શન૦ ॥ ચોરાશી લખ યોનિ ભટકત, લહિ માનવ ભવ યુંહિ ગમ્યો ॥ દ૦ ॥ ૧ ॥ પુણ્યઊદય શ્રાવક કુલ પાયો, ઘટમેં જ્ઞાન ઉદ્યોત ભયો ॥ દ૦ ॥ ૨ ॥ માયા મમતા મેં નિશદિન તું, વિષય વિકારશું નહિં વિરમ્યો ॥ દ૦ ॥ ૩ ॥ ધાર વિવેક તું ધાર રે ચેતન, ભટકત ભ્રમમેં ક્યું ભટકયો ॥ દ૦ ॥ ૪ ॥ કહત ક્ષમાકલ્યાણ નિરંતર, ભજ ભગવંત તેરો પાપ શમ્યો ॥ દ૦ ॥ ૬ ॥

---

॥ પદ ૨૨૩ મું ॥ મત છોડે માને યુંહી રે, કોઇ ચૂક બતાવો ॥ મત૦ ॥ અબીર ગુલાલ ભાવ સબ રમતા, હમશું કોય ન ખેલો રે ॥ કો૦ ॥ ૧ ॥ રથ ફેરી પ્રભુજી ઘેર આયે, ચઢિયા છે ગિરનારી રે ॥ કો૦ ॥ ૨ ॥ બહુત હડાશું વ્યાહ રચાયો, જીવ દેખી દયા આણી રે ॥ કો૦ ॥ ૩ ॥ રાજુલ ઉભી અરજ કરત હે, એક વાર ફીર જોવો રે ॥ કો૦ ॥ ૪ ॥ નેમિ રાજુલ મિલ મુક્તિ સિધાએ, પહેલી રાજુલ તારી રે ॥ કો૦ ॥ ૫ ॥

---

॥ પદ ૨૨૪ મું ॥ અટકયો ચિત્તહમારો રી, જિન ચરણ કમલમેં ॥ અ૦ ॥ શીતળનાથ જિનેશ્વર સાહેબ, જિનવર પ્રાણ આધારો રી ॥ જિ૦ ॥ ૧ ॥ માતા નંદાદેવીકો નંદન, દૃઢરથ નૃપકો પ્યારો રી ॥ જિ૦ ॥ ૨ ॥ શ્રીવચ્છ લછન જનમ ભદ્દિલપુર, કુલઇખવાગ ઉજીયારો રી ॥ જિ૦ ॥ ૩ ॥ નેવું ધનુષ શરીર સુશોભિત, કનક વરણ અનુકારોરી ॥ જિ૦ ॥ ૪ ॥ એક લક્ષ પૂરવ આયુ સ્થિતિ કહિયે, નામ લીઆં નિસ્તારો રી ॥ જિ૦ ॥ ૫ ॥ દીનદયાલ જગત પ્રતિપાલક, અબ મોહી પાર ઉતારો રી ॥ જિ૦ ॥ ૬ ॥ હરખચંદ કા સાહેબ સચ્ચે, હું તો દાસ તુમારો રી ॥ જિ૦॥ ૭ ॥

---

॥ પદ ૨૨૫ મું ॥ શ્યામ મિલનકી ઉમંગ રહી મનમેં, પિયા રથ લેઈ પિછું ફિર ગયોરી ॥ શ્યામ૦ ॥ તોરણ ત્યાગ રોષ કર મોપર, વિરહ વિપત્તિ હમ ધર ગયોરી ॥ શ્યા૦ ॥ ૧ ॥ જબર જાનસેં જાદવ આયે, તનક તમાસો કર ગયો રી ॥ શ્યા૦ ॥ ૨ ॥ સેહરા બાંધ મોકું બ્યાહન આયે, સમતાસી નારી વર ગયોરી ॥ શ્યા૦ ॥ ૩ ॥

પશુઅ પુકાર પલકમેં સુણી હે, મેરી પુકારશું ટર ગયોરી ॥ શ્યા૦ ॥ ૪ ॥ ધ્યાન ધરી ગિરનાર શિખરપર, કાજ આતમકો કર ગયોરી ॥ શ્યા૦ ॥ ૫ ॥ ઘરમેં વાસ વસ્યો નહિં પલ ભર, નેમિ નવળ દીલ હર ગયોરી ॥ શ્યા૦ ॥ ૬ ॥ શ્યામ સતી જિનદાસ નમત હે, દોનું જગતસેં ટર ગયો રી ॥ શ્યા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

॥ પદ ૨૨૬ મું ॥ રાગ હોરી ॥ હોરી ખેલિયેં નર બહુરન ઐસો દાવ ॥ હોરી૦ ॥ દયા મીઠાઇ રસ ભરી રે, તપ મેવા પકવાન ॥ શિલ અથાણું અતિ ભલું વારી, સંયમ નાગર પાન ॥ હોરા૦ ॥ ૧ ॥ સમતા કેશર ઘોલિયેં રે, દમવાકો છિર કાવ ॥ જ્ઞાન પિચરકી પકરકે વારી, મુકિત વધૂ ચિત્ત લાવ ॥ હોરી૦ ॥ ૨ ॥ લેશ્યા માદલ ભાવ ડફે રે, ક્રોધ માન દોય તાલ ॥ સુમતિ પાંચકો અરગજો વારી, નવ તત્વ લેહિ ગુલાલ ॥ હો૦ ॥ ૩ ॥ ઐસે સાજ બનાય કેરે, ઋષભ દેવ ગુન ગાય ॥ શ્રી જિનચંદ એમ ખેલતાં વારી, ભવ ભવ પાતક જાય ॥ હો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ ૨૨૭ મું ॥ રાગ ધન્યાશ્રી ॥ હોરી ॥
જ્ઞાની જીઉં અનુભવકે મતવારે, સહજરંગ ખેલે હોરી ॥ જ્ઞા૦ ॥ એ આંકણી ॥ સુવિહિત મુનિજન બને હે ઘેરઇયે, નીકી મલી સજ્જન ટોરી ॥ તીન ભુવન જાકે તૃણ તોલે, જગત જંજાલ દીયો છોરી જ્ઞા૦ ॥ ૧ ॥ મૈત્રી વાઘો પહેરિઓ કેશરીઓ, ગુનિ પ્રમોદ ગુલાલ જોરી ॥ સકલ જંતુ કરૂના પિચકારી, ખેલત હે સમતા ધોરી જ્ઞા૦ ॥ ૨ ॥ યાકી સુઘરાઇ કૈસે બખાનું, કૌન કરેંગો ઊનકી જોરી ॥ યા ખેલનકે યેહી ખેલાક હે, ઔરનમેં પહિચાન થોરી ॥ જ્ઞા૦ ॥ ૩ ॥ આપુંહીં આપમેં મગન રહેત હે, પ્રકૃતિ સદાઇ નિપટ ભોરી ॥ કેવલભાનચંદ જ્યું ઊલસ્યો, પાવત શિવકમલા ગોરી ॥ જ્ઞા૦ ॥ ૪ ॥

ઇતિ શ્રીજૈન હોરી સંગ્રહ સમાપ્ત.